शिवमस्तु सर्वजगतः


વાર્ષિક લવાજમ
રૂા. ૫-૫૦
છુટક નકલ
૬૨ ન. પૈ.


માનદ સંપાદક: કીરચંદ જે. શેઠ

# કલ્યાણ

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક


વર્ષ : ૨૦

અંક : ૧૨

ફેબ્રુઆરી
૧૯૬૪

માહ-ફાગણ
૨૦૨૦

5553

## અગત્યનું નિવેદન

* જૈન શાસન, શિક્ષણ, સંસ્કાર તથા સંસ્કૃતિનું પ્રચારક ધાર્મિક ટ્રસ્ટ દ્વારા સંચાલિત જીવનોપયોગી માસિક 'કલ્યાણ' આગામી અંકે ૨૧ મા વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે, તે શુભ પ્રસંગે તે ૧૫ ફર્માનો દળદાર ને મનનીય વિવિધ વિષયસ્પર્શી સાહિત્યના રસથાળ સમો 'શૈશ્ય ઉત્સવ વિશેષાંક' પ્રસિદ્ધ કરશે.

* વિશેષાંક ૨૭-૩-૬૪ લગભગ પ્રસિદ્ધ થશે. વિશેષાંકમાં પ્રસિદ્ધ કરવાના લેખો, સમાચારો તથા શુભ સંદેશાઓ અમને ૨૫-૨-૬૪ સુધીમાં મળી જાય તે રીતે મોકલવા સર્વ કોઈ શુભેચ્છકોને વિનંતિ.

* શુભેચ્છકોને નમ્ર વિનંતિ કે, ૨૧ મા વર્ષના શુભ પ્રવેશ પ્રસંગે તમે તમારો શુભ સંદેશ તથા તમારી શુભ કામનાઓ 'કલ્યાણ' પર અવશ્ય મોકલવા કૃપા કરશો. શુભેચ્છકોના શુભ સંદેશાઓ પ્રસિદ્ધ કરવાની અમારી ભાવના છે.

* 'કલ્યાણ'ના દ્વિવર્ષીય-સી વર્ગનું લીસ્ટ નવેસરથી તૈયાર થયેલ છે, તેથી તે વર્ગના ગ્રાહકોને ગ્રા. નં. નવો આપેલ છે. તો દ્વિવર્ષીય ગ્રાહકોને આ અંકના રેપર પરનો નવો ગ્રાહક નંબર નોંધી લેવા વિનંતિ છે. પત્રવ્યવહાર કરતી વખતે નવો ગ્રાહક નં. ધ્યાનમાં રાખવો જરૂરી છે.

* 'કલ્યાણ'ના ૨૧ મા વર્ષના પ્રવેશના પુણ્ય પ્રસંગે સહુ કોઈ 'કલ્યાણ' પ્રેમી શુભેચ્છકોને નમ્ર નિવેદન કે, 'કલ્યાણ'ના એક-બે નવા ગ્રાહકો કરીને અમને જરૂર મોકલાવે.

**વાર્ષિક લવાજમ :** દેશમાં ૫-૫૦; પરદેશમાં ૬-૫૦ ન. પૈ. (પોસ્ટેજ સાથે)

**સભ્ય થવાના પ્રકારો :** રૂા. ૧૧ દ્વિવર્ષીય સભ્ય; રૂા. ૨૫ પંચવર્ષીય સભ્ય; રૂા. ૫૧ દશવર્ષીય સભ્ય; રૂા. ૧૦૧ આજીવન સભ્ય

## વિષય દર્શન


| લેખ : | લેખક : | પૃષ્ટ |
|---|---|---|
| વિશ્વાસનું અમૃત : | મો. ચુ. ધામી | ૯૬૫ |
| બાલ જગત : | કાર્યાલય | ૯૬૭ |
| મહાસાગરનાં મોતી : | પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. | ૯૭૨ |
| આરોગ્ય અને ઉપચાર : | વૈદ્ય શ્રી કાંતિલાલ દેવચંદ શાહ | ૯૭૩ |
| કલ્યાણ કુંજ : | શ્રી કલ્યાણ મિત્ર | ૯૭૯ |
| ઈર્ષ્યાની ઝાળ : | શ્રી સુધાવર્ષી | ૯૮૧ |
| વાસ્તવિક સુખની શોધમાં : | પૂ. મુ. શ્રી મહાપ્રભવિજયજી મ. | ૯૮૪ |
| મળેલી તકને ઝડપી લો ! : | શ્રી એન. બી. શાહ | ૯૮૬ |
| મંત્ર પ્રભાવ : | શ્રી મો. ચુ. ધામી | ૯૮૯ |
| વહેતાં ઝરણાં : | શ્રી રાજેશ | ૯૯૩ |
| અહિંસા પરમો ધર્મ | | ૯૯૯ |
| આત્મશુદ્ધિનાં આવશ્યક અંગો : | પૂ. પં. મ. શ્રી સુજ્ઞાનવિજયજી ગણિ | ૧૦૦૯ |
| રામાયણની રત્નપ્રભા : | શ્રી પ્રિયદર્શન | ૧૦૧૩ |
| પ્રશ્નોત્તર કર્ણિકા : | શ્રી ધર્મરુચિ | ૧૦૨૧ |
| સમાચાર સાર : | કાર્યાલય | ૧૦૨૩ |


રૂા. ૨૦૧ (પ્રથમ શ્રેણી) આજીવન સભ્ય; કોઈ પણ સભ્ય તરીકે નામ નોંધાવી શાસનસેવાના શુભ કાર્યમાં તમારો સહકાર આપો !

**શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર.**

**વઢવાણ શહેર : (સૌરાષ્ટ્ર)**

# કલ્યાણ

માનદ સંપાદક
કીરચંદ જે. શેઠ
*
માનદ સહ સંપાદક
નવીનચંદ્ર ર. શાહ

વર્ષ : ૨૦ * અંક : ૧૨ * ફેબ્રુઆરી : ૧૯૬૪


## વિશ્વાસનું અમૃત!


વૈદ્યરાજ શ્રી
મોહનલાલ ચુ. ધામી


આપણા વિરાટ દેશની રાજ્યવ્યવસ્થા ચલાવી રહેલી કોંગ્રેસે જ્યારે શાસનનો દોર હાથમાં લીધો, ત્યારે તેણે ભારતમાં રામરાજ્ય પ્રસ્થાપિત કરવાનો નાદ પોકાર્યો હતો. કારણ કે મહાત્મા ગાંધી આ દેશમાં રામરાજ્યની સ્થાપના કરવા માંગતા હતા. રામરાજ્ય રામથી સ્થાપી શકાય રાવણથી ન સ્થાપી શકાય....એ સત્ય બાજુ પર રાખીએ તો પણ મહાત્મા ગાંધીની રામરાજ્ય અંગેની કલ્પના સાદી અને વ્યવહારૂ હતી. ઓછા કરવેરા, ઓછા કાયદા, ઓછા બંધન અને સમગ્ર જનતાનું સાદગીભર્યું મેળવાળું જીવતર.

પરંતુ બાપુના આશયવાળું રામરાજ્ય રચવાનું કોંગ્રેસ માટે લગભગ અશક્ય થઈ પડયું.

સત્તાનો શરાબ દેશની આ મહાસંસ્થાના કલેજામાં સડો ચાંપી ચૂકયો હતો.

ખુરશીનો મોહ સંસ્થાના આદર્શોને સોનેરી જંજીરો વડે ઝકડી રહ્યો હતો.

વિમાન વિહાર અને ભાવિ સુખની કલ્પનાની યોજનાઓ કાચા દોરવાળા પતંગ માફક એને ગગનમાં ચગાવી રહી હતી.

રામરાજ્યનો આદર્શ સિધ્ધ કરવામાં નિષ્ફળ નિવડેલી કોંગ્રેસ પોતાની કમજોરી છૂપાવવા ખાતર બાપુના આ આદર્શમાં કોમવાદનો રાક્ષસ નિહાળવા માંડી.

અને રામરાજ્યના આદર્શને રાજઘાટમાં દફનાવી દઇ કોંગ્રેસે કલ્યાણકારી રાજ્યનો શંખનાદ શરૂ કર્યો.

કલ્યાણકારી રાજ્ય સ્થાપવાનો આદર્શ કેવળ કોંગ્રેસીઓને અને તેના ખવાસોને જ જાણે સ્પર્શી શકયો હોય એવો ભાસ થવા માંડ્યો....આમ જનતાનાં દુ:ખદર્દો તો હતાં એથી વધી પડ્યાં.

અને કોંગ્રેસ સંસ્થાએ પોતાની સરિયામ નિષ્ફળતા ઢાંકવા ખાતર સમાજવાદી સમાજરચનાનો એક અર્થહિન આદર્શ પોકારવો શરૂ કર્યો.

દેશી શીશામાં પરદેશી દારૂ ભરવા જેવો આ અખતરો કોંગ્રેસ માટે જ ભયંકર નીવડ્યો. સંસ્થામાં તડા પડવા શરૂ થયા.

એ તડાઓ વિકરાળ રૂપ ધારણ કરે તે પહેલાં જ પરકીય આદર્શવાળા સામ્યવાદ તરફ ખેંચી જનારી કામરાજ યોજના આવી પડી.

અને આ યોજના કોંગ્રસના ભંગારને ઢાંકવા અસમર્થ બની. ભંગારના બિહામણા ખંડેરો લોકોની આંખને છેતરી શક્યા નહિં....કારણુ કોંગ્રેસે ઓઢેલી બાપુની ચાદર ચીરાઇ ચૂકી હતી....સડી ગઈ હતી.

અને કોંગ્રેસ સંસ્થાએ હાર્યો જુગારી બમણો દાવ મૂકે એ ન્યાયે સમાજવાદી સમાજ રચનાના વાઘાને ફેંકી દઈ લોકશાહી સમાજવાદનો નવો વાઘો ધારણ કર્યો છે.

પરંતુ છેલ્લા સોળ વર્ષના અનુભવે પૂરવાર કર્યું છે કે વાઘાઓ બદલવાથી વ્યક્તિત્વ, સ્વભાવ અને દોષ બદલી શકતા નથી.

જેમ બીજાના ભોગે કોઇને સુખી કરવો એ ઉત્તમ નથી, તેમ આમજનતાના દુ:ખભર્યા પ્રશ્નોની ઉપેક્ષા રાખીને વિરાટ યોજનાઓ પાછળ દેશનું રૂધિર વહાવવું તે પણુ ઉત્તમ નથી.

કોંગ્રેસના આ છાસવારે થતા પલટાઓથી જનતા ન ચેતી હોય એમ માનવાને કોઈ કારણુ રહેતું નથી.

લોકો વિશ્વાસ અને શ્રધ્ધાથી આજ પર્યંત કોંગ્રેસના પોકારોમાં સાથ પુરાવી રહ્યા છે....પરંતુ એ વિશ્વાસની મુડી જીવંત રાખવાનું આવશ્યક કાર્ય કોંગ્રેસ કરી શકી નથી....અને હજી પણુ જો કોંગ્રેસ સત્તાના શરાબની માધુરીમાં જ મસ્ત રહેશે અને વિશ્વાસના અમૃતને નહિં બચાવી શકે તો એ સંસ્થાની આવતી કાલ ઈતિહાસના પૃષ્ઠ પર ભારે વેદના ભરી બની જશે !

અને જેમ કોઇ ભયંકર આંધિના ઝપાટે આવતાં વૃક્ષો સમૂળ ઉખડી જતા હોય છે, તેમ જનતાના નિઃશ્વાસ રૂપી આંધિ વચ્ચે કોંગ્રેસને પણુ ઉખડી જવું પડશે !

રાષ્ટ્રની એક મહાસંસ્થા નામશેષ બની જાય તે પહેલાં તેણે જનતાનાં હૃદયમાં વિશ્વાસનું અમૃત ભરવાની જરૂર છે....માત્ર વાતો અને વચનોથી આવાં અમૃત ઉભરાતાં નથી....એ માટે જરૂર છે ત્યાગ અને બલિદાનની. કોંગ્રેસ પાસે ત્યાગ અને બલિદાનની મૂડી રહી છે કે કેમ એ અમે નથી જાણુતા.

### વ્યૂહ નં. ૨ નો સાચો જવાબ.

'કલ્યાણ' જ્ઞાનોત્તેજક (વિના પ્રવેશ ફી) અંક હરિફાઈ વ્યૂહ નં. ૨ નો સાચો જવાબ આ મુજબ છે. (૧) શુભ ધ્યાનના ૨ પ્રકાર છે. (૨) શ્રી દ્રાવિડ તથા શ્રી વારિખિલ્લજી ૧૦ ક્રોડ મુનિવરો સાથે શ્રી શત્રુંજય તીર્થમાં મોક્ષે પધાર્યા છે. (૩) શ્રી વીરપ્રભુનાં શાસનમાં ૯ જીવોએ શ્રી તીર્થંકર પદ બાંધ્યું છે. (૪) જ્યારથી ૪ અઘાતી કર્મનો ક્ષય કરી, શ્રી અરિહંત દેવો મોક્ષે પધારે ત્યારથી તેઓ સિદ્ધ કહેવાય છે. (૫) ચંપાપુરીમાં વર્તમાન ચોવીશીના **૧૨** મા તીર્થંકર ભગવંતના **૫** કલ્યાણકો થયા છે. (૬) લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીજી કાર્તિક સુદિ ૧ ના મંગલ દિવસે ૮૦ વર્ષની વયે કેવલજ્ઞાન પામ્યા. (૭) પ્રજાપાલ રાજાએ પોતાની ૨ પુત્રીઓની પરીક્ષા કરવા પુણ્યથી શું મલે છે? તે પૂછ્યું હતું. (૮) શ્રી ઋષભદેવ ભગવંતે દીક્ષા લીધા પછી ૧ વર્ષ બાદ શ્રી શ્રેયાંસકુમારનાં હસ્તે વૈશાખ સુદિ ૩ ના પુણ્ય દિવસે ઈક્ષુરસ વહોરીને પારણું કર્યું (૯) વર્તમાન સમયે વધુમાં વધુ ૬ મહિનાની તપશ્ચર્યા થઈ શકે છે. (૧૦) ૧૪ રાજલોક ઉંચે રહેલી ૪૫૦૦૦૦૦ યોજનની સિદ્ધશિલા પર સિદ્ધ ભગવંતો બિરાજે છે.

વિજેતાઓની નામાવલી, તેમને મળતો પુરસ્કાર તથા નવો વ્યૂહ આગામી અંકે રજૂ થશે.

હરિફાઈના નિયમો મુજબ જે પ્રવેશપત્રો આવ્યા હશે, તેને જ સ્થાન મળશે. માટે નિયમો બરાબર વાંચવા. ને પછી જ પ્રવેશપત્રોને ભરીને રવાના કરવા.

સંપાદક 'બાલજગત'


નં. ૨૪૮૧

**શા. છોટાલાલ ચંદુલાલ**
**જરીવાલા**

૬/૧૧૫૬, મહીધરપુરા. વાણીઆ શેરી,
**સુરત નં. ૩.**

જરીનું ભરતકામ ० ચંદરવા
પુઠીઆ ० સાડી ० છત્રી
તથા આંગીનું બાદલું
બનાવી આપનાર તથા વેચનાર.

શ્રી ૧૧ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રી પ્રભુજીની પ્રતિમાને લેપ કરવા માટે શાસ્ત્રીય પધ્ધતિથી પ્રાચીન પ્રતિમાઓને તથા ખંડીત પ્રતિમાઓના દરેક ભાગને વ્યવસ્થિત રીતે કલાત્મક શિલ્પની દૃષ્ટિએ સંકલન કરી આપીએ છીએ. અમો જાણીતા લેપ કામના **મિસ્ત્રી જેઠાલાલ છગનલાલ** અને **બાબુલાલ મોહનલાલ** લેપ કામના મિસ્ત્રી હિન્દભરના ઐતિહાસીક જૈન તીર્થો તથા દેરાસરમાં પ્રતિમાઓને લેપ કરવાનું કામ કર્યું છે. અમારી દર પેઢી વારસાગત આ લેપનું કામ કરે છે.

**મિસ્ત્રી બાબુલાલ મોહનલાલ [લેપ કામના મિસ્ત્રી]**

ઠે. ભોજક શેરી, [ડી. મ્હેસાણા] મુ. વડનગર.

**તા. ક.**—ઓપ તથા ચક્ષુટીકાનું રીપેરીંગ કામ પણ અમો કરીએ. છીએ દેરાસરોના ટ્રસ્ટીઓ એક વખત જરૂર અમારી સાથે પત્રવ્યવહાર કરો.

# મહાસાગરનાં મોતી

**પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ**

પૂ. આચાર્ય મહારાજનાં પ્રવચનોમાંથી ઉદ્ધૃત કરેલા પ્રેરણાદાયી સદુપદેશ મૌક્તિકો જે અત્યારસુધી અપ્રસિદ્ધ છે તે 'કલ્યાણ'માં સર્વ પ્રથમ પ્રસિદ્ધ થાય છે.

⊙

**વિ**નય એ ગુણ સાચો પણ સ્થાને, અયોગ્ય સ્થાને યોજાય તો ગુણ ગુણરૂપે નથી રહેતો.

**શા**સનનો ઘાત થતો હોય એવા સમયે શક્તિસંપન્ન મહર્ષિઓએ શાસન રક્ષામાં પોતાની સર્વ શક્તિઓ ખરચી નાંખવી જોઇએ. જો તેઓ છતી શક્તિએ ઉપેક્ષા કરે તો આરાધક મટી વિરાધકની કોટિમાં જાય છે.

**સ**ત્ય વસ્તુને પ્રસિદ્ધિમાં લાવવા માટે કરવામાં આવતો વાદ. એ કાંઇ વઢવાડ નથી પણ તેવા સમયે શ્રી જૈનશાસનનાં તેજને જગતમાં દિપ્તિમાન કરવાનું પ્રબળ સાધન છે.

**શ્રી** જિનેશ્વરદેવનાં શાસનના નૈમિત્તિકો બધાના જોષ જોવા ન બેસી જાય.

**શ્રી** જિનેશ્વરદેવની આજ્ઞા ન ગોપવે તો, ન છૂપાવે તો ધર્મ રોપી શકે.

**શ્રી** જિનેશ્વરદેવનાં શાસનમાં તો આજ્ઞા વગરના તપને પણ કાયકષ્ટ–અજ્ઞાન તપ–બાલતપ કહેલ છે. કિંમત વગરનું કહેલ છે. કારણ કે એ તપ સાધ્ય વગરનું છે. જેને માટે હોવું જોઈએ તેને માટે નથી.

**શા**સ્ત્રના કહેનાર ત્યાગી, રચનાર ત્યાગી, અને સાચવનાર પણ ત્યાગી, એ ત્યાગીઓના શાસ્ત્રમાંથી સંસારના રસને શોધવો એ તો ત્યાગી પુરૂષોની ભયંકર આશાતના છે.

**દુ**નિયા પ્રાયઃ એટલી બધી સ્વાર્થી છે કે, એક સ્નેહિ સંબંધીને પાળે તે પણ ત્યાં સુધી જ, કે જ્યાં પોતાનું કાંઈક સરતું હોય.

**શ્રી** જિનેશ્વરદેવના આગમ અને એ આગમ વિહિત માર્ગને જ અનુસરનારા પૂજ્ય મુનિવર્યોનો સદા એ જ ઉપદેશ છે કે, 'ગમે તેવા સમયમાં પણ અહિંસાનું પાલન પૂરૂં કરવું જોઈએ. અને એ અહિંસાના પાલનરૂપ માર્ગના ઉપદેશક શ્રી જિનેશ્વરદેવ, નિર્ગ્રંથ ગુરૂઓ તથા અહિંસાથી ભરેલા આગમો માટે અને એ અહિંસાના બચાવ ખાતર તન, મન, અને ધન હોમી દેતા પણ આંચકો ન ખાવો જોઇએ.'

**ધ**ર્મની રક્ષા માટે જે નીતિના ઉપદેશની જરૂર છે, તે નીતિનો ઉપદેશ વકતા દે પણ તેનો અમલ શ્રોતાઓને આધીન છે.

**શ્રા**વક જેવી રીતે રક્ષણહાર તેવો જ નીતિમાન અને શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનાં પાલનમાં દૃઢ હોય છે.

**જૈ**ન નિરાપરાધી ઉપર પ્રહાર ન કરે, અપરાધી પર પ્રહાર કરવો પડે તો તે પણ ન છૂટકે.

**જે**ઓને ન ગમે જિનપૂજા, ન ગમે ગુરૂવંદન, ન ગમે વ્યાખ્યાનશ્રવણ કે ન ગમે અર્થ કામનો ત્યાગ. અને ન થાય આરંભ–સમારંભ ઉપર અભાવ, તથા ન છૂટે પૌદ્ગલિક લાલસાઓ; તેઓ પાસે ધર્મરક્ષાની આશા રાખવી એ આકાશ કુસુમવત્ છે.

**અ**હિંસા તો મનુષ્યને બહાદુર બનાવે, શરીરથી બેપરવા બનાવે.

**અ**હિંસક દુનિયાનો–પર વસ્તુનો–ગુલામ નથી હોતો, એ આત્મા શ્રી જિનેશ્વરદેવના શાસનની ખાતર સર્વસ્વ દેતાં વાર ન કરે.

# વધુ પડતી ખાંડ નુકશાનકારક છે!

**વૈદ્યરાજ શ્રી કાંતિલાલ દેવચંદ શાહ–ઝીંઝુવાડા.**

‘કલ્યાણ’માં લાંબા સમયથી ચાલતી ‘આરોગ્ય અને ઉપચાર’ લેખમાળાએ વાચકોમાં સારૂં એવું આકર્ષણ જમાવ્યું છે. શારીરિક સ્વસ્થતા તથા માનસિક સ્વાસ્થ્યને અંગે ઉપયોગી માર્ગદર્શન ઉપરાંત, શરીરના અંગ–પ્રત્યંગોનું આયુર્વેદ દૃષ્ટિયે સૂક્ષ્મ વિવેચન, તેમજ શરીરના અનેક પ્રકારના રોગો, તેનું નિદાન અને તેના ઉપચારો વિષે સમજણ આપતી આ લેખમાળામાં મુખ્યત્વે આત્મદમન તથા ઇન્દ્રિયનિગ્રહ અને સંયમ, શારીરિક સ્વસ્થતા માટે આવશ્યક છે, તેમ વૈદરાજ વારંવાર ઉલ્લેખ કરે છે. આ તેમના ૨૧ મા લેખાંકમાં પ્રમેહ રોગ તથા તેના પ્રકારો પર જાણવા–સમજવા જેવું ઉપયોગી વિવેચન કરવા દ્વારા વૈદરાજ જણાવે છે કે, ‘ખાંડ આદિ કૃત્રિમ મીઠાશવાળા પદાર્થોથી દૂર રહેનાર રોગોથી દૂર રહે છે.’

⊙

દાંતને દુર્બળતા દેનાર, પચનેંદ્રિયને પારાવાર પરેશાની પહોંચાડનાર, કાળજાની કળા કથળાવનાર, મુત્રમાર્ગની મજબુતાઈ મરોડનાર, શરીરનું સંવર્ધન સંહરનાર, દારૂણ દુર્બળતા દેનાર, અતિ મધુર મિષ્ટ રસના અકુદરતી દ્રવ્યોના ખાનપાન વધવાથી અનેક પ્રકારનાં પ્રમેહના દરદો વધી રહ્યા છે. તેમાંએ મધુમેહ–મીઠી પેશાબ, સાકરીયો પ્રમેહ નામથી ઓળખાતો અતિ ભયંકર રોગ વ્યાપકપણે પ્રસરવા લાગ્યો છે.

શરીરમાં સ્વભાવિક મધુરતા રહેલી છે. પણ તે મધુરતા અકુદરતી સાકર, ગળપણ કે મીઠા રસનું પ્રમાણ વધવાથી પ્રમેહ અને મધુમેહ ઉત્પન્ન થાય છે.

બાજરી, જુવાર, ઘઉં. જવ, મકાઇ. આદિ ધાન્યો અહિંસક પ્રજાના રોજના ખોરાકમાં વપરાતા દ્રવ્યોમાં કુદરતી મધુરતા યાને શરીરને જોઇતી સાકર કુદરતી સમાએલી જ છે. બાજરીનું ડુંડું, જુવારનો સાંઠો, મકાઇનો ડોડો અને ઘઉનો પોંક જેને ખાધો હશે તેને તેમાં રહેલું કુદરતી ગળપણ, મીઠો રસ, મધુરતા જણાઇ હશે. આ મધુરતા ચંદ્ર, સૂર્ય અને વાયુ દ્વારા તર્પણ–શોષણ અને સંચારણથી પરિપકવ બની, શરીરને ખૂબ પુષ્ટિ દાતા બને છે આજ પ્રમાણે ફલફલાદિ, ભાજીપાલો કે દૂધ ઈત્યાદિ પદાર્થોમાં પણ ઓછાવત્તા પ્રમાણમાં સાકર સમાએલી છે જ. પણ આ સાકર કુદરતી રીતે જ ઉત્પન્ન થએલી હોવાથી અનેકગણી ફાયદાકારક બને છે.

સજીવ વસ્તુનાં અણુએ અણુમાં પ્રસારિત પ્રાણશક્તિ જે અનુપમ કાર્ય કરે, તે વિજ્ઞાનના જડ સાધનથી કદી થઈ શકે નહિ. બનાવટી ખોરાક કુદરતી ખોરાકની તોલે કદી પણ આવી શકે નહિં. પણ બધું અવળું જ થવા લાગ્યું છે. આપણે અતિ ઉત્કૃષ્ટ આરોગ્યથી સભર પ્રાચીન સમયને વિસ્મૃત કરી યંત્ર યુગમાં, હિંસક વિજ્ઞાનની ચૂડમાં, દેખાદેખીની ફેશનમાં, એવા જકડાઈ ગયા છીએ કે, આપણું માનસ તદ્દન ફેરવાઇ ગયુ છે. ઉતરતી રીતોને વધુ મહત્વ મળવા માંડયું છે. પરિણામે જીવનના દૃષ્ટિબિંદુમાંથી આરોગ્યને ગુમાવતા જઇએ છીએ.

કુદરતિ ઉત્પન્ન થતાં મધુર રસો શરીરને ઘણાં જ ઉપયોગી છે. પણ શેરડીમાં રહેલા કુદરતી તત્વોનો નાશ કરી યાંત્રિક પિલાણ દ્વારા બનતી ખાંડ, સાકર એ અતિ નુકશાનકારક ખોરાક બની જાય છે. શેરડીમાં શરીરને જરૂરી પોષક દ્રવ્યો નાશ પામવાથી ઘણી જ વિપરીત પરિસ્થિતિ શરીરમાં ઉભી થાય છે. ખોટી સંવેદના જગાડે છે. આવી અકુદરતી ખાંડ પાચન નહિ થવાથી લોહીની સાથે મળી લોહીને ઘટ્ટ બનાવે છે. યકૃત કે જે શરીરમાં અદ્‌ભુત રસાયણ શાળા છે કે જે રસાયણ

શાળામાં (૧) પિત્ત રસ પેદા થાય છે (૨) પાચન તંત્રને પૂરેપૂરી મદદ કરે છે. (૩) રસમથી લોહીને લાલ બનાવે છે. (૪) ઝેરનો નાશ કરવા તત્પર રહે છે. (૫) તૃષાનું સંચાલન કરે છે. (૬) કુદરતી શર્કરાનું સંગ્રહસ્થાન છે, કે જે શારીરિક શ્રમ દ્વારા ઓછી થતી ગરમીને સંગ્રહ કરેલી શર્કરા દ્વારા ગરમી આપે છે. અને આમ મધુરતા દ્વારા શરીરને સ્વસ્થ, સ્ફૂર્તિમય રાખે છે.

પણ યંત્રમાં તૈયાર થયેલ ખાંડનો વપરાશ ચાહ દ્વારા, પકવાન્ન દ્વારા, એટલો બધો વ્યાપક બની રહ્યો છે કે, શરીરના દરેક અવયવો ઘણી તાણ ભોગવતાં થઈ પડયાં છે. એટલું જ નહિ પણ ખાંડના પકવાન્ન સાથે ખાધેલા બીજા ખાનપાનો પણ પચવામાં ભારે થઇ જાય છે. પરિણામે યકૃતની કાર્યવાહિ મંદ પડે છે.

ધનિક કરતાં ગરીબને, વિદ્વાન કરતાં સામાન્ય માનવીને, વેપારી કરતાં ખેડૂતને, શહેરી કરતાં ગામડિયાને, નીરોગી રહેવું સહેલું છે. કોઈ ધન મેળવવા ધસમસી રહ્યું છે. કોઈ કુદરતની ગોદ છોડી યાંત્રિક ધમસાણમાં ધમધમી રહ્યું છે. શ્રમજીવી વર્ગ ખેડૂત, મજુર, રબારી, ભરવાડ જેવા કુદરતના લાડિલા પણ અવળા માર્ગે આથડી રહ્યા છે ખાંડના મિષ્ટાન્ન અને એકથી અનેક વાર ચાહ દ્વારા ખાંડના ઝેરને ગટગટાવા માંડ્યા છે. પરિણામે તનથી, મનથી અને ધનથી, શારીરિક આરોગ્યની પાયમાલી સર્જાઈ રહી છે.

સાકરથી (ખાંડ) શરીરને ભારે નુકશાન થાય છે. સાકર ખાંડમાં કોઇ પણ પ્રકારનું જીવન તત્ત્વ નથી. ખનીજ ક્ષાર પણ નથી. એટલે વિષ સમાન છે. ખાંડનાં પકવાન્ન બે પાંચ દિવસ પ્રસંગોપાત લાગટ ખાવાથી શરીરમાં અનેક પ્રકારની વિકૃતિઓ જન્મે છે. આ અનુભવેલી સર્વને લાગુ પડતી નક્કર હકીકત છે.

સાકર ખાંડનો વધારાનો જથ્થો લોહીમાં ફરતો થાય છે, જેથી લોહી ઘટ્ટ બને છે. ઘટ્ટતા ઘટાડવા તૃષા લાગે છે. જેથી પાણી વધારે પીવાય છે. પાણીનો વધારો પેસાબ દ્વારા બહાર પડે છે. જેમાં પોષક દ્રવ્યો બહાર નીકળી જવાથી શરીર ઘસાતું જાય છે. સામાન્ય રીતે ચોવીશ કલાકમાં ત્રણ શેર પેસાબ છુટે છે. પણ ખાનપાન તથા ઋતુના ફેરફાર, અને વય પરત્વે તેમાં વધઘટ થાય છે. કુદરતી પાકેલા અન્ન, ફળો, ભાજી, દૂધ ઈત્યાદિ પદાર્થોમાં રહેલી સાકરનું સારી રીતે પાચન થઈ લોહીમાં ચુસાઇ જાય છે. પણ ખાંડનું પ્રમાણ વધી જાય છે, ત્યારે કુપિત થયેલો વાયુ અને કફ મેદ આદિ ધાતુઓને, બસ્તિ-મૂત્ર પ્રદેશમાં લાવી તેનો ક્ષય કરી અનેક પ્રકારના પ્રમેહના દરદો ઉત્પન્ન કરે છે. તેમ વાગ્ભટ્ટ કહે છે.

જે પેસાબ મધ ખાંડ જેવો ગળ્યો હોય તે મધુમેહ કહેવાય છે. વાત, પિત્ત અને કફથી થતાં મેહોના પ્રકાર ભિન્ન ભિન્ન છે. શુક્રાદિ ધાતુઓનો નાશ થવાથી શરીરમાં જુદા જુદા પ્રકોપો પ્રગટે છે. અને કુપિત થએલાં દોષો મેદ-માંસાદિક તત્ત્વોને બસ્તી પ્રદેશમાં ખેંચી લાવે છે. લોહિ ફરતું ફરતું મૂત્ર પિંડમાં આવે છે, ત્યારે તેમાંથી સેન્દ્રિય ખનીજ, ખટાશ, ખારાશ વગેરે પદાર્થો ચુસી લે છે. પણ ઘટ્ટ લોહિમાં વધી પડેલું સાકરનું પ્રમાણ ખેંચવાનું કામ મૂત્રપિંડને સ્વશક્તિ ઉપરાંતનું થઈ પડે છે. આથી મુત્રપિંડની શક્તિ

**પ્રમેહના દરદમાં**

એક શેર દૂધ અને એક શેર પાણી ભેગાં કરી તેમાં ઈલાયચી છ આની ભાર, જીરૂ છ આની ભાર, સુરોખાર છ આની ભાર ખાંડી મીલાવવું. આ બધું નરણા કોઠે ત્રણ હપ્તે પી જવું. પછી પેસાબને રોકાય ત્યાં સુધી રોકવો. જયારે ઘણી જ ખણ થાય ત્યારે પેસાબ કરવો. આ સાદો પ્રયોગ કોઈ પણ પ્રકારના પ્રમેહની દવા શરૂ કરતાં પહેલા કરવાથી ઘણો જ ફાયદો થાય છે. ઠાકોર ભગવાનસીંગ માધવસીંગને અતિ ભયંકર પ્રમેહનું દરદ આનાથી કાબુમાં આવી ગયું પછી પ્રમેહના ઔષધો આપ્યા દરદ તદ્દન મટી ગયું.

તુટે છે. પરિણામે લોહીમાંથી સાકર ઘટી શકતી નથી. અને મૂત્રદ્વારા મધુમેહ ચાલુ થાય છે. મૂત્ર પિંડ અને મૂત્રમાર્ગની શક્તિ ઘટવાથી, નિર્બળ બનવાથી બીજા દરદો ઉત્પન્ન થાય છે. દાહ કરનારા દરદો, હૃદયના દરદો, લોહી ભ્રમણના દરદો, ગડગુમડ, ફળતર, ખંજવાળ, વજનમાં ઘટાડો, વા, અનિદ્રા, ઝાંખપ લોહી, વિકાર, શારીરિક થાક યાને સાર્વત્રિક નબળાઈ થાય છે.

(૧) અન્નનું અપાચન, અરૂચિ, શર્દી, નિદ્રા, ઉધરસ, સળેખમ. એ કફજન્ય પ્રમેહના ઉપદ્રવો છે.

(૨) મૂત્રાશય અને નળીમાં સોયો ભોંકાવા જેવી પીડા, વૃષણનું પાકવું, ફાટવું, જ્વર, દાહ, તૃષ્ણા, ખાટા ઓડકાર, મૂર્છા, પાતળા ઝાડા, તે પિત્તજન્ય પ્રમેહના ઉપદ્રવો છે.

(૩) ઉદાવર્ત, કંપ, હૃદય જડાવું, બધા રસોની ઇચ્છા, શૂળ, નિદ્રા નાશ, શોષ, કાસ અને શ્વાસ એ વાયુજન્ય પ્રમેહના ઉપદ્રવો છે.

## કફના દસ પ્રમેહનાં લક્ષણ અને નામ

(૧) ઉદક પ્રમેહ, મૂત્ર ઠંડુ પાણી જેવું, ગંધ રહિત, શ્વેત, જાડું અને ચીકણું ઉતરે.

(૨) ઇક્ષુ પ્રમેહ, મૂત્ર શેલડીના રસ જેવુ મીઠું તથા ઝાઝું ઉતરે.

(૩) સાંદ્ર પ્રમેહ. મૂત્ર રાત વાસી રહેવાથી જાડું થઇ જાય.

(૪) સુરા પ્રમેહ, મૂત્ર દારૂ જેવી વાસ વાળું. રાત વાસી રાખતાં ઉપરથી સાફ અને નીચે મેલુ જણાય.

(૫) પિષ્ટ પ્રમેહ. મૂત્ર લોટ જેવું, કે લોટ મેળવેલા પાણી જેવું, ધોળું અને રૂંવાડા ઉભા કરે, ઝાઝા પ્રમાણથી ઉતરે.

(૬) શુક્ર પ્રમેહ, મૂત્ર વીર્ય જેવું કે વીર્ય મિશ્રિત ઉતરે.

(૭) સિકતા પ્રમેહ, ઝીણી રેત જેવી, તથા એક એકના મેળાપથી રહિત, કફની કણીઓ મૂત્રમાં ઉતરે.

(૮) શિત પ્રમેહ. કેટલીકવાર મીઠું, કેટલીકવાર શિતળ, વારંવાર મૂત્ર ઉતરે.

(૯) શનૈઃ પ્રમેહ. મૂત્ર ધીમે ધીમે ઘણું થોડું ઉતરે.

(૧૦) લાલા પ્રમેહ. મૂત્ર લાળના જેવા તાંતણાં વાળુ ચીકણુ ઉતરે.

## પિત્તના છ પ્રમેહનાં નામ અને લક્ષણ.

(૧) ક્ષાર પ્રમેહ. મૂત્ર ખારા પાણીના જેવા ગંધ, વર્ણ, રસ અને સ્પર્શવાળુ ઉતરે.

(૨) નીલ પ્રમેહ. ગળીના રંગ જેવું લીલા વર્ણનું મૂત્ર ઉતરે.

(૩) શ્યામ પ્રમેહ. કાજળ જેવા કાળા રંગવાળું મૂત્ર ઉતરે.

(૪) હારિદ્ર પ્રમેહ. હળદરના જેવા પીળા રંગ વાળું, બળતરા સહિત તીખું મૂત્ર ઉતરે.

(૫) માંજીષ્ટ પ્રમેહ. કાચા પદાર્થના ગંધ જેવું. દુર્ગન્ધ યુક્ત. મજીઠના ઉકાળા જેવું મૂત્ર ઉતરે.

(૬) રક્ત પ્રમેહ. મૂત્ર ઉનું, ખારવાળું, વિશેષ રાતું લોહિ જેવું ઉતરે.

### આંબા હળદર

શેઠ પ્રભુદાસ કચરાભાઇને હમણાં જ મહિના પહેલાં એકદમ વાત કોપે કાન અને આસપાસના પ્રદેશમાં સોજો ફેલાણો. બીજા દિવસે કપાળે, પોપચે, અને નાકે સોજો વધ્યો. મુંઝવણ જેવું થઇ પડયું.

આંબા હળદર નવટાંક લાવી, વસ્ત્રગાળ કરી, પાણીમાં ખદખદાવી સોજા ઉપર લેપ કર્યો. બાર કલાકે ફરીથી લેપ કર્યો. ચોવીશ કલાકે સોજાનું જોર તુટી ગયું. ત્રણ દિવસના આ સાદા પ્રયોગે ચાર પૈસાના ઔષધે અકસીર કામ કર્યું, સોજો તદ્દન જતો રહ્યો.

## વાયુના ચાર પ્રમેહના નામ અને લક્ષણ

(૧) હસ્તિ પ્રમેહ. જેમ હાથીના મુખ ઉપરથી મેદનો રસ હંમેશા ઝરે છે, તે પ્રમાણે વેગ રહિત, ચિકાસથી ભરેલું સૂક્ષ્મ લિંગ માર્ગે ઝર્યા જ કરે.

(૨) વસા પ્રમેહ. ચરબી, માંસ, મજ્જા, ચામ-

ડીનો ક્ષાર, રક્તદ્રવ, સર્વેની ભેળસેળ વાળું મૂત્ર વારંવાર ઉતરે.

(૩) મજ્જા પ્રમેહ. મજ્જા મિશ્રિત, એટલે હાડકા સાંધા ગળાઈ, તેનો અને ચરબીનો રસ થઇ ભેળસેળ વાળું, મૂત્ર ઉતરે.

(૪) ક્ષૌદ્ર પ્રમેહ. મૂત્ર મીઠું, તુરૂ, લુખુ, ઉતરે.

## સાદા સરલ ઉપચાર

(૧) **શ્રીખંડ ચૂર્ણ**: ચંદન, વાળો, કુષ્ઠ, કુલીજન, નાગરમોથ, આમળા, કમલ, જેઠીમધ, મહુડો, દ્રાક્ષ અને ખજુર, સમભાગે લઇ ચુર્ણ કરી સવાર સાંજ લેવાથી પ્રમેહના વિકારો શાંત થાય છે.

(૨) **ષડંગ પાનીય**: મોથ. રતાંજળી, કૃષ્ણ અને શ્વેત વાળો, ખડસલીયો પિત્તપાપડો અને સુંઠ દસ દસ વાલ લઇ ત્રણ શેર પાણીમાં ઉકાળવું. શેર પાણી રહે વસ્ત્રગાળ કરી ત્રણ ત્રણ કલાકે પીવું. પ્રમેહની બળતરા શાંત થાય છે.

(૩) કપાસીયાના મીંજને ભેંસની છાશમાં સાત દિવસ ઘુંટી તેમાંથી અડધો તોલો સવાર સાંજ લેવાથી ઘણો ફાયદો થાય છે.

(૪) વાયુની પ્રબળતાવાળા પ્રમેહો સ્નેહપાનથી, કફની પ્રબળતાવાળા પ્રમેહો નાગરમોથ, હરડે, કાયફળ અને લોદરના કવાથથી, પિત્તની પ્રબળતાના પ્રમેહો કમળની જડ, સાદડનું મૂળ, ઇંદ્રજવ ધાવડીની છાલ, આમલીની છાલ, આંબળા અને લીંબોળીના કવાથથી ઉપશમે છે.

(૫) હિરાકસી, સોવનમાખી, શિલાજીત, પાષાણભેદ, ચંદન, સોનાગેરૂ, પીંપર, વાંસકપુર સમાન ભાગે લઈ ચૂર્ણ કરી દૂધ સાથે લેવાથી મધુમેહ મટે છે.

(૬) ત્રિફળા તોલા સોળ, જીરૂ તોલા સોળ, ધાણા તોલા સોળ, અધાડાના બીજના ચોખા તોલા સોળ, એલચી તોલા બે, તજ તોલા બે, લવિંગ તોલા બે, નાગકેસર તોલા બે, અને એખરો તોલા બે એ સર્વને વસ્ત્રગાળ કરી ઘી સાકરમાં મેળવી ચાર તોલા નિત્ય નરણાં કોઠે ખાવાથી પ્રમેહ માત્રનો નાશ કરે છે.

(૭) એલચી, જેઠીમધ, ગોખરૂ, રેણુકાના બીજ, એરંડમૂળ, અરડુશીના પાન, પીંપર અને પાષાણ ભેદ આ આઠ ઔષધના કાઢામાં શિલાજીત મેળવીને પીવાથી સાકરીયો પ્રમેહ મટે છે.

(૮) ત્રિફળા, આમળા, દારૂહળદર, નાગરમોથ, અને કવંડમૂળ, એ પાંચ ઔષધના કાઢામાં હળદરનું ચૂર્ણ મેળવી પીવાથી સર્વ પ્રમેહમાં ફાયદો થાય છે.

(૯) ગૌમૂત્રમાં પલાળેલા જવનો આહારમાં ઉપયોગ કરવો.

(૧૦) યાંત્રિક પદ્ધતિથી બનેલી ખાંડ સાકરનો ઉપયોગ ઘણો જ ઓછો કરવો.

(૧૧) તીખો રસ, દીપન પાચન અને રૂચિકર સ્વભાવે ઉષ્ણ હોવાથી મધુરરસથી ઉત્પન્ન થતી કફ અને વાયુની વિકૃતિઓને કાબુમાં રાખે છે.

(૧૨) ચિકાસ વગરનું કડવું અને તિખું મૂત્ર ઉતરે ત્યારે જાણવું કે પ્રમેહ મટયો છે.

(૧૩) (૧) મોજશોખની લાગણીઓ બ્હેકાવાથી (૨) જીવ્હાને ગમતો સ્વાદ વધારે લેવાથી (૩) અતિ સ્ત્રીસંગથી (૪) દુષ્ટ સ્ત્રીઓના સમાગમથી મૂત્ર ઇન્દ્રિયમાં મૂત્ર કચ્છ, ચાંદા પથરી મૂત્રરોધ, ઉનવા, અને પ્રમેહ આદિ રોગો ઉત્પન્ન થાય છે. આનાથી બચવા માટે સર્વશ્રેષ્ઠ ઉપાય એ છે કે, ભરતેશ્વર બાહુબલી સૂત્ર અને તેમાં આવતાં ઉત્તમોત્તમ પ્રાતઃસ્મરણીય ૫૩ મહાપ્રભાવશાળી મહાપુરૂષો, અને ૪૭ મહાસતીઓના નામ અને તેમના ઉત્તમ જીવન ચરિત્રોનું વાંચન, મનન, કરવાથી તેમના ધ્યાનમાં એકાગ્ર બનવાથી 'પાવપબંધા વિલયં જંતિ'! પાપના પ્રબંધો નાશ પામે છે. જીવન સંસ્કારી બને છે. રોગ, શોક, દુઃખ દોહગ નાશ પામે છે. સુખ અને સંપદા સાંપડે છે.

## પ્રશ્નોત્તરી

(૧) જગજીવન જે. શાહ વિરમગામ.

આપને જમણાં કાનમાં ઓછું સંભળાય છે. હાડકાના સોજાથી શ્વાસ લેવામાં પ્રથમ મુશ્કેલી

અનુભવાતી હતી. કાયમની શરદી અને છીંકવાથી અસર પહોંચી છે, એમ આપનું માનવું છે.

આના માટે પ્રાતઃકાળે જાગતાની સાથે મુખ્ય કાર્યવાહી ઉંડા શ્વાસોચ્છ્વાસ લેવાનું શરૂ કરો, જેથી લોહીનું ઉષ્ણ ભ્રમણ ઘણો ફાયદો કરશે. ઔષધમાં બાધિર્યહર તેલનાં ટીંપા કાનમાં નાંખો, કર્ણરોગહરિગુટી. ત્રણ ત્રણ ગોળી સવાર સાંજ દૂધ સાથે લો. કાનના બહારના ભાગમાં તલના તેલનું માલીસ કરો રાત્રે કાનમાં રૂના પુંબડા ભરાવી રાખો.

(૨) શાહ અમૃતલાલ હંસરાજભાઈ અમદાવાદ. આપને મોંમાં ચાંદીઓ, જીભ ઉપર ફોલ્લીઓ, અર્થાત્ મોં આવેલું કાયમ રહે છે.

આપ સવાર બપોર સાંજ ત્રિફળા ચુર્ણ, એક ભાગ હરડે, બે ભાગ બેડાની છાલ, અને ત્રણ ભાગ આમળાવાળું ચૂર્ણ ટકે પાંચ પાંચ આની ભાર, લેવાનું શરૂ કરો. લાગટ બત્રીશ દિવસ સુધી પ્રયોગ ચાલુ રાખો. ખોરાકમાં દૂધનો વધારો કરો, ગરમ મરી, મસાલો, મીઠું, ગરમ ખાનપાન, અને ખાંડ સાકર બંધ કરો.

(૩) પ્રતાપરાય રતનચંદભાઈ બેંગલોર, ચીમનલાલ નાગરદાસભાઈ મુંબઇ. અને બીજા ભાઇઓ અને બહેનો.

આપને 'આરોગ્ય અને ઉપચાર'ના લેખોનું લખાણ ઘણું ગમે છે. લેખમાળાનું પુસ્તક છપાય તેવી આપની માંગણી છે. આ કાર્યમાં પુસ્તક છપાવવામાં સારી આર્થિક સહાયની જરૂર છે. સહકાર મળેથી 'કલ્યાણ પ્રકાશન મંદિર' એ કાર્ય ઉપાડી લેવા તૈયાર છે.

## અજમાવી જો જો !

(૧) અજમાના ચૂર્ણમાં ગોળ મેળવી ફાકી કરવાથી કરમિયા ઉત્પન્ન થતા નથી.

(૨) અરડુસીના કવાથમાં ગોળ નાંખી પીવાથી ઉધરસ મટે છે.

(૩) વિસ્મય પમાડવાથી હેડકી તુરત મટી જાય છે.

(૪) ટચલી આંગળી અને અંગુઠાનું ઘર્ષણ કરવાથી છીંકનો વેગ બેસી જાય છે.

(૫) નવસેકું પાણી પીવાથી વાયુનો સ્વરભંગ મટે છે.

(૬) દાડમના દાણા તોલા આઠ, સાકર તોલા બાર, અને ત્રિસુગંધી (તજ, તમાલપત્ર ને એલચી) એક તોલો લઇ ચૂર્ણ કરી સેવન કરવાથી જ્વર, સળેખમ, ઉધરસ મટાડી ભૂખ લગાડે છે.

(૭) આમળાના રસમાં ચંદનનું ચૂર્ણ મેળવી પીવાથી પિત્તની ઉલટી શાંત થાય છે.

(૮) બીભત્સ પદાર્થોના દર્શન આદિથી થએલી ઉલટી, અત્યંત વ્હાલા પદાર્થોના દર્શનથી મટે છે. ગર્ભાધાનના કારણથી થએલી ઉલટી વ્હાલા ફળો ખાવાથી, આમવાથી થએલી ઉલટી લંઘનથી, અહિત પદાર્થોના સેવનથી થએલી ઉલટી હિતકારી પદાર્થોના સેવનથી બંધ થાય છે.

(૯) પગની નસો ઉપર સિંચન, મર્દન અને લેપનથી આંખને ઘણો ફાયદો થાય છે.

(૧૦) જમીને ઉઠયા પછી બન્ને હાથની હથેળીઓને ઘસી ત્રણ વખત બન્ને નેત્રો ઉપર ફેરવવાથી આંખ નીરોગી રહે છે.

(૧૧) મોંમાં ઠંડા પાણીનો કોગળો ભરી ઠંડા પાણીની પ્રત્યેક નેત્રને ત્રણ અંજલી છાંટવાથી આંખને કોઈ પ્રકારનો રોગ થતો નથી.

(૧૨) અઘેડાની ફુલવાળી કળીઓનો રસ ચોપડવાથી વીંછી અગર બીજા ઝેરી જંતુનું ઝેર ચડતું નથી.

(૧૩) સંધીવા, કમર શુળ, તેમજ ગોઠણ તથા કાંડુ વગેરે અવયવો ઝલાઈ જાય છે, ત્યારે અશેળીયાની રાબ પીવી હિતકારી છે.

(૧૪) આમળાનું ચૂર્ણ દૂધ સાથે લેવાથી બેસી ગએલો સાદ ઉઘડે છે.

(૧૫) ઇલાયચી ખાવાથી આંખે ચઢેલી ગરમી ઉતરી જાય છે અને ઠંડક થાય છે.

# 'કલ્યાણ કુંજ'

## સં. શ્રી કલ્યાણમિત્ર

'કલ્યાણ'માં જેમ ધર્મારાધક વર્ગને માટે શ્રદ્ધા તથા સંસ્કાર પોષક સાહિત્ય રજૂ થતું રહે છે, તેમ પૂ. શ્રમણવર્ગને સંયમી જીવનની સાધનામાં અનુકૂલતા જળવાઈ રહે, ને સંયમની આરાધનામાં ઉત્સાહ, ઉલ્લાસ તેમજ સ્થૈર્ય પ્રગટે તે માટે શ્રમણ જીવનમાં પ્રેરક, ઉપયોગી અને ઉદ્‌બોધક સાહિત્ય શ્રી 'કલ્યાણમિત્ર' દ્વારા સંપાદિત થઈને અહિં રજૂ થતું રહેશે, 'કલ્યાણ'ના વાચક તથા તેની સાહિત્ય સામગ્રી પ્રત્યે રસ ધરાવનાર પૂ. શ્રમણ-શ્રમણી વર્ગને વિનમ્ર વિનંતિ કે, 'આ વિભાગને તેઓશ્રી રસપૂર્વક વાંચે વિચારે ને અમને જણાવવા જેવું જણાવે!'

**શ્રમણ જીવન :**

**આ**પણે સંયમી કહેવાઈએ, આપણે સાધુ કહેવાઈએ. સંયમ પાળે તે સંયમી. સાધના કરે તે સાધુ. સંયમ કોનો? આત્માનો, ઈન્દ્રિયોનો, મનનો.

સાધના કોની? સમ્યગ્‌જ્ઞાનની, સમ્યગ્‌દર્શનની, સમ્યક્‌ચારિત્રની. મોક્ષના મહામાર્ગની, આઠે કર્મના ક્ષયની.

**માતાનો ઉપકાર :**

જગતમાં માતાનો ઉપકાર કેવો? બાળકની સૌથી વધારે કાળજી રાખનાર, બધી રીતે ઘસારો વેઠનાર, માતા છે. માતા પુત્રને નવમાસ ઉદરમાં રાખે, જન્મની વેદનાઓ વેઠે, સ્તનપાન કરાવે, ચાલતા શિખવે, બોલતાં શિખવે, ખાતા શિખવે, મોઢામાં મૂકે, બાળકના આરોગ્ય ખાતર પોતે આહારનું નિયમન સાચવે, કોળીયો મોંમા મૂકે, એઠું મોઢું સાફ કરે, પ્રભુદર્શન કરાવે, ગુરૂવંદન કરાવે, નિશાળે ભણવા મોકલે. બાળકની બધી ચિંતા માતા કરે છે. પુત્રના દુઃખે દુઃખ અને પુત્રના સુખે સુખ માને છે. આ રીતે માતાએ મોટો કરેલો છોકરો માતાના ઉપકાર, કેવા યાદ કરે? કૃતજ્ઞતા ખાતર માતાની સેવા કેવી કરે? જીવે ત્યાં સુધી કદી માતાને તરછોડે ખરો? કુલીન પુત્ર હરગીઝ ન તરછોડે, કુલીન પુત્રની ફરજ શી? અનંત ઉપકારી માતાના જતન કરે. જિંદગી સુધી તીર્થની જેમ પૂજે.

**આપણે કોણ?** અષ્ટ પ્રવચનમાતાના બાળકઃ-કુલીન પુત્રઃ-પ્રવચનમાતાનો આપણા પર ઉપકાર કેવો? આપણને ચારિત્ર અપાવ્યું. ચાલતાં બોલતાં, ખાતાપીતા, લેતા મૂકતા, પુજતાં પરઠવતાં, શિખવાડયું. આપણા ચારિત્રને ઉત્પન્ન કરાવવાની, ચારિત્રને સાચવવાની સઘળી ચિંતા પ્રવચનમાતાએ કરી. આપણે એ માતાના કુલીન પુત્ર. આપણી ફરજ શી? માતાના જતન કરવા. જો એ માતાનું બરાબર જતન ન કરીએ, **પ્રમાદમાં પડી તેની ઉપેક્ષા કરીએ** તો આપણે કુલીન નહિ પણ કુલાંગાર કહેવાઈએ.

અંગારો જેમ બાળી નાંખે તેમ આપણે માતાને-કુળને બાળી નાખનાર બનીએ તો કેવા કૃતઘ્ન-પાપી બનીએ?

માતાને પાળે, પૂજે તો પુત્રને માતાના મહાન આશીર્વાદ મળે. તેમ પ્રવચન માતાને

આપણે પાળીએ તો તે આપણને મહાન કલ્યાણ સાધી આપે.

પ્રવચન માતાના પાલનથી જ સંયમ સુસાધ્ય બને છે. સદ્ગતિ પણ સુલભ થાય છે. જે સાધુ તેનું પાલન કરતો નથી, તેને સંયમ દૂરારાધ્ય બને છે, અને સદ્ગતિ પણ દુર્લભ બને છે.

અષ્ટપ્રવચન માતાને સમજે, જાણે અને પાળે તે પણ મહાજ્ઞાની પંડિત કહેવાય. અને પૂર્વ શાસ્ત્રોનું જ્ઞાન ભણવા છતાં પ્રવચન માતાને પાળવામાં પ્રમાદ કરે તે અજ્ઞાની જાણવો, જ્ઞાનનું સાચું ફળ પ્રવચન માતાના પાલનનો પુરૂષાર્થ છે. પૂ. આ. મ. હરિભદ્રસૂરિ મહારાજાએ ષોડષક પ્રકરણમાં કહ્યું છે કેઃ—

**अष्टौ साधुभिरनिशं मातर इव मातर प्रवचनस्य**
**नियमेन न मोक्तव्या परमं कल्याणमिच्छद्भिः ।८।**

માતા પુત્રને જન્મ આપે છે. પુત્રનું હિત ઈચ્છે છે. પુત્રનું હિત કરે છે. આઠ પ્રવચન માતાઓ કયા પુત્રને જન્મ આપે છે? ચારિત્રરૂપી પુત્રને જન્મ આપે છે. અને એને હમેંશ હિતકર બને છે.

આ લોક કે પરલોક સંબંધી શ્રેષ્ઠ કોટિના કલ્યાણની ઈચ્છાવાળા સાધુઓએ અષ્ટપ્રવચન માતાનો કદી ત્યાગ ન કરવો. અર્થાત્ એના પાલનમાં સહેજ પણ બેદરકારી ન કરવી. સંયમની ઉત્પત્તિ, પાલન, પોષણ એને આભારી છે.

**एतत्सचिवस्य सदा साधोर्नियमात् भवक्षयं भवति**
**भवतिच हितमत्यन्तं फलदं विधिनागमग्रहणम्**

આઠે પ્રવચન માતાઓનું પાલન કરનાર સાધુને ભવનો ભય રાખવાની જરૂર નથી. અર્થાત્ હવે એને માટે દુર્ગતિના દ્વાર બંધ થાય છે. સદ્ગતિની પરંપરા દ્વારા તે નિયમા મોક્ષનો અધિકારી છે. કારણ કે મોક્ષની ઉત્કટ ઈચ્છાવાળો જ પ્રવચન માતાના પાલનમાં ચિવટવાળો હોય છે. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કોટિનો એ સદાચાર છે. જગતનાં સર્વશ્રેષ્ઠ આચારોનો આમાં સમાવેશ છે. આ સદાચારમાં એ તાકાત છે. કે આત્માની ભાવિ સર્વ આપત્તિઓ ટાળી દેવી.

આપણી પાસે આવી અણમોલ સાધનાઓ હોવા છતાં પ્રમાદમાં પડી પ્રગતિ સાધી શકતા નથી.

**આપણે કોણ** ? યતનાશીલ. યતના એટલે સંયમની પ્રત્યેક ચર્યામાં ઉપયોગ. પ્રતિક્રમણ, પડિલેહણ, દર્શન, વંદન, વિહાર, સ્વાધ્યાય, ગોચરીજવું, ગોચરી આલોચવી, ચાલવું, બોલવું, વાપરવું, બેસવું, ઉઠવું, લેવું, મુકવું, પરઠવવું, આ બધી ચર્યામાં પ્રમાદ ટાળી ઉપયોગમય બનવું. યતના એ સંયમ જીવનનો પ્રાણ ગણાય. શરીરમાં પ્રાણ હોય, ત્યાં સુધી એની શોભા. તેમ સાધુજીવનમાં યતના બરાબર હોય, ત્યાંસુધી એની શોભા. યતનાથી સાધુ દીપે, સાધુપણું વિકસે. જે સાધુ યતનામાં બેદરકાર બને તે પાપશ્રમણ કહેવાય. એમ ઉત્તરાધ્યયનમાં કહ્યું છે.

શરીરમાંથી આત્મા ચાલ્યો જાય, પછી એ મુડદું કહેવાય. માટે સંયમીએ જતનાને ક્ષણવાર પણ છોડવી ન જોઈએ.

ભૂખ લાગે ત્યારે આપણે આહાર વાપરવા બેસી જઈએ, તરસ લાગે તો પાણી વાપરીયે, થાક લાગે તો આરામ કરીએ, સુઈ જઈએ, માથું દુઃખે, તાવ આવે, સ્થંડિલ વધુ થાય તો દવા કરીએ આ બધું કરવામાં આપણે ચુકતા નથી. ટાઈમે ટાઈમે બરાબર યાદ આવે છે. તો પછી જેના આધારે ચારિત્રરૂપી પ્રાણ ટકવાના છે. તે જતના પ્રત્યે એક ક્ષણ પણ બેદરકારી કેમ ચાલે ?

જતના એ પાયો છે. તેના પર સંયમની ઈમારત ચણાય છે. પાયો પોલો હોય તો ઈમારત પડી જાય, તેમ જતનામાં જે સાધુ પોલો તેની સંયમ—ઇમારત તૂટી પડે.

(ક્રમશઃ)

# ઈર્ષ્યાની જાળ

શ્રી સુધાવર્ષી

(૧)

અતિ વર્ષાની રેલમછેલથી વિકસિત થયેલ વનરાજીથી વીટંળાયેલ નિર્જન અરણ્ય. સુંદર સ્વચ્છ અને સોહામણું સરોવર. તેના કિનારે નાનું શું ઝુંપડું. અને તેમાં રહેતો એક કુંભાર નામ પંકપ્રિય. મસ્ત રીતે દુનિયાથી પર રહી આનંદપૂર્વક દિવસો નિર્ગમન કરે.

એક દિવસે અયોધ્યાનગરીનો રાજા જિતારી રસાલા સહિત શિકાર કરવા નીકળ્યો. ગીચ વનમાં હરણ-હરણીનું નાજુક યુગલ જોઇ, શિકાર કરવા રાજાએ અશ્વ પર બેસી આગળ ઝંપલાવ્યું. દોડતા અશ્વને આવતો જોઈને તે યુગલ પણ ચેતી ખીણમાં અદ્રશ્ય થઈ ગયું. નિષ્ફળ થયેલો રાજા રસલા સહિત ઘોર અરણ્યમાં ભૂખ્યોને તરસ્યો એકલો અટુલો થઈ ગયો. રખડતાં રખડતાં અચાનક સરોવરના કિનારે તે પેલા ઝુંપડા પાસે આવી પહોંચ્યો.

રાજાને જોઈ પંકપ્રિય કુંભાર બ્હાર નીકળ્યો અને બોલ્યો, 'ઓ....હો....હો....હો....સ્વામી! આપ અત્રે ભરજંગલમાં એકલા અટુલા ક્યાંથી?' રાજાએ પણ સઘળી વિતક વાત કહી સંભળાવી. બાદ પંકપ્રિયે પુષ્પોથી સુવાસિત સ્વાદિષ્ટ શીતલ પાણી પાયું. અને ગરમાગરમ રસવતી બનાવી પ્રેમપૂર્વક ભાવિત હૈયે રાજાને જમાડયો. રાજા ખૂબ પ્રસન્ન થયો અને પંકપ્રિય પ્રત્યે અતિ મમતાવાળો બન્યો. રાજા જેવા રાજાને અચાનક આવા ઘોર જંગલમાં ઠંડું પાણી અને ભોજન આપનાર મલી ગયો. અને તેથી તે પંકપ્રિય પર પ્રસન્ન થાય તેમાં કાંઇ આશ્ચર્ય નથી. જમ્યા પછી રાજાએ પૂછ્યું. 'ભાઈ! તારૂં નામ શું?'

'પંકપ્રિય.!'

'તું એકલો આવા નિર્જન અરણ્યમાં શા માટે રહે છે? ગૃહસ્થ જેવો વેશ અને જંગલમાં નિવાસ. આ વાત બરાબર બેસતી નથી. માટે તું અહીં રહેવાનું કારણ કહે!' રાજાએ ફરી પૂછ્યું.

'સ્વામી!' પ્રાણીઓ પોતપોતાના દોષથી જ દુ:ખની ગર્તામાં પડે છે. પોતાના યશને વિસ્તારવા માટે ઘણા મનુષ્યો ઘણીવાર અછાજતાં વાકયો બોલે છે. તેમજ ખોટેખોટા તડાકા ફડાકા મારી પોતાનો ગર્વ રજુ કરે છે. આ બધું સાંભળી મારાથી સહન નહિં થતું હોવાથી હું મારૂં માથું કુટીકુટીને દુ:ખી થતો હતો. તે જોઇ મારા શાણા પુત્રોએ કહ્યું કે, 'પિતાજી તમે નાહકના શા માટે માથા ફોડી દુ:ખી થાઓ છો? બીજાનો અભ્યુદય કે કીર્તિ સાંભળીને આનંદિત થાઓને? શા માટે ઈર્ષ્યાનલથી સળગી જાઓ છો? આ રીતે ઘણું ઘણું કહ્યું. પણ મારો સ્વભાવ એ રીતનો જ હોવાથી હું કંઇ ખમી શકયો નહિ. પછી મારા પુત્રોએ કહ્યું કે, 'પિતાજી! આ રીતે હંમેશા દુ:ખી થવું તેના કરતાં જંગલમાં જ રહોને? ત્યાં તમને કોઈની આબાદી કે કીર્તિ સાંભળવા નહિં મલે, એથી ઇર્ષ્યા પણ થવાનો સંભવ નહિં રહે. અને શાંતિથી રહેવાશે.' પુત્રોનાં આ વચનો મને ઠીક લાગવાથી મેં સ્વીકાર્યા, બાદ પુત્રોએ જંગલમાં ઝુંપડું બનાવી આપી ખાવાપીવાની સામગ્રી સહિત મને અત્રે રાખ્યો. અને હું પણ અત્રે વસતો આનંદપૂર્વક દિવસો વ્યતીત કરૂં છું.'

પંકપ્રિયના આવાં પ્રકારના વચનો સાંભળી રાજાને અત્યંત કરૂણા ઉપસ્થિત થઇ. અને મનમાં ગ્લાનિ ઉપજી. તેનાં દુખે દુ:ખી થયેલો રાજા હૃદયમાં ચિંતવવા લાગ્યો કે, 'જો મારાથી બનશે તો જરૂર હું પંકપ્રિયનો ઉદ્ધાર કરીશ. ખરેખર! આ તો મારો પરમ ઉપકારી છે.

કે, જેણે ભરજંગલમાં પણ મને અન્નજલથી સંતોષ્યો. તેનો ઉપકાર હું કેમ વિસરૂં ?'

રાજાએ કહ્યું. 'ભાઈ પંકપ્રિય! તું મારી સાથે નગરમાં આવ! હું આપું તે મહેલમાં તું સુખપૂર્વક રહેજે. અને તારી પાસે કોઈ પણ વ્યક્તિ કોઈના ઉત્કર્ષની વાત કરશે, તો તેને હું મોટી શિક્ષા કરીશ. માટે ચાલ! અત્રે નિર્જન અરણ્યમાં એકલા રહેવું તે ઠીક નહિ ' આ રીતે રાજા પંકપ્રિયને કહી રહ્યો છે, એટલામાં ત્યાં સામન્ત પ્રધાન વગેરે ચતુરંગ સેના આવી પહોંચી. રાજાને જોઈને સહુ હર્ષિત બન્યા. બાદ પંકપ્રિયને અશ્વપર બેસાડી રાજા સપરિવાર શહેર તરફ ચાલ્યો.

આગળ જતાં મનોહર ઉદ્યાનમાં અતિ રૂપવંતી એક સુંદર યુવાન કન્યા બોર વીણતી રાજાના જોવામાં આવી. રાજાએ પૂછયું 'બાલા! તું કોણ છો ? કોની પુત્રી છો ? અને તારૂં શુભ નામ શું છે? તે કહે.' તેણે પણ રાજાના પ્રશ્નના દરેક ઉત્તર સુંદર ભાષામાં કહી આપ્યા. કે, 'હું ખેડુતની પુત્રી છું વગેરે વગેરે'.... એનાં મધુર વચનથી પ્રભાવિત થયેલો રાજા તેના પર મોહિત બન્યો. મહેલમાં જઈ તેનું જ સ્મરણ ચિંતવવા લાગ્યો. કયાંય તેને ચેન પડતું નથી. છેવટે સેવકો દ્વારા તેના પિતાને બોલાવી હૈયાની સમગ્ર વાત કહી ને તેના પિતાની સમ્મતિથી તે ખેડૂતકન્યા સાથે ધામધૂમપૂર્વક રાજા લગ્નગ્રંથીથી જોડાયો. એક ગરીબ ખેડુતની પુત્રી આજે પુન્યોદય પ્રગટતાં પટ્ટરાણી પદે વિભૂષિત થઇ. નૂતન રાણી તો સુખસાહ્યબી પૂર્વક રાજવૈભવને ભોગવતી અત્યંત સુખમાં નિમગ્ન બની.

આ બાજુ પંકપ્રિય કુંભાર રાજાએ અર્પણ કરેલ મહેલમાં સુખશાંતિપૂર્વક વસે છે. રાજાએ પણ આખા શહેરમાં ઘોષણા જાહેર કરી કે, 'જો કોઈ પણ માણસ પંકપ્રિય કુંભાર પાસે કોઈ પણ પ્રકારની અસંબદ્ધ વાત, કોઈના ઉત્કર્ષની વાત કે આપબડાઈની વાત કરશે તો તેને ચોરના જેવી સજા કરવામાં આવશે. માટે જેને જે બોલવું હોય તે ખૂબ જ વિચારપૂર્વક બોલજો. !' આ રીતે સમગ્ર નગરમાં જાહેરાત થવાથી પંકપ્રિય સુખપૂર્વક રહે તેમાં નવાઈ નથી. અતિ સન્માન પામેલા પંકપ્રિયના દિવસો નિશ્ચિંતપણે પસાર થવા લાગ્યા. વાતવાતમાં તો એકાદ વર્ષ પસાર થઈ ચૂકયું.

એક અવસરે ગ્રીષ્મઋતુના દિવસોમાં સાંજના સમયે પોતાની પ્રિય પટ્ટરાણી તથા પંકપ્રિય સહિત રાજા ફરવા નીકળ્યો. ફરતાં ફરતાં અનેક વૃક્ષોનું નિરીક્ષણ કરતાં બોરનું વૃક્ષ જોઇ રાજાએ પટ્ટરાણીને પૂછયું. 'પ્રિયે! આ ઝાડનું નામ શું ?' અત્યંત સુખમાં મગ્ન બનેલી પટ્ટરાણી પોતાની પૂર્વ અવસ્થાને વિસરી ગઈ હતી. રાજાના ઉત્તરમાં તેણે કહ્યું. 'સ્વામી આ ઝાડનું નામ મને યાદ નથી. આપ જ કહો શું નામ હશે ?' પટ્ટરાણીનું આ કથન સાંભળી પંકપ્રિય તો ઈર્ષ્યાની ઝાળથી બળતો પોતાની મુઠી વાળીને માથું કુટવા લાગ્યો. આ સ્થિતિને અવલોકતાં રાજા અત્યંત કુપિત થઈ સેવકોને કહેવા લાગ્યો કે, 'અરે! મારી આજ્ઞાનો ભંગ કોણે કર્યો? પંકપ્રિયની ઈર્ષ્યાને વેગ મળે એવું વચન કોણ બોલ્યું ? હાથે કરીને મોત માંગવા કોણ તૈયાર થયું છે ?' ઈત્યાદિ રાજાનાં વચનોને સાંભળી સેવકોએ જવાબ આપ્યો; 'સ્વામી! આપની આજ્ઞાનો ભંગ હજુ સુધી તો કોઈએ કર્યો નથી.' એટલે રાજાએ પંકપ્રિયને બોલાવી અને તેનું માથું ફોડવાનું કારણ પૂછયું. પંકપ્રિયે કહ્યું. 'જે છોકરી કાલે બોર વીણતી હતી તે છોકરી જ આજે તે બોરના ઝાડનું નામ પણ ભૂલી ગઈ, એ કેવી અજુગતી વાત છે? આવી વાતો સાંભળી અહીં રહેવું એના કરતાં જંગલમાં નિવાસ શું ખોટો ? તમે મને નાહકના અત્રે લાવ્યા ! હું તો પાછો જંગલમાં જ જઈને રહીશ.' આ ઉત્તર સાંભળી રાજાએ વિચાર્યું;

'આમાં કાંઈ પટ્ટરાણીનો દોષ જરાય નથી. મારા આપેલા ઐશ્વર્યમાં મગ્ન બનેલી રાણી પોતાની પૂર્વ અવસ્થા વિસરી જાય તેમાં શું ખોટું છે? અને ન ભૂલી જાય તો પછી મારી પ્રસન્નતાનું વાસ્તવિક ફળ પણ શું? માટે આનંદ સાગરમાં નિમગ્ન રાણી જરા પણ તિરસ્કાર કે દંડને યોગ્ય નથી. પરંતુ આ પંકપ્રિયનો સ્વભાવ જ અસાધ્ય છે. માટે ભલે! તેને જવું હોય તો પાછો વનમાં જાય. તેના વચન માત્રથી અગર તેના આવા સ્વભાવથી રાણી શું દંડને પાત્ર છે?' રાજાએ તો પંકપ્રિયને ફરીથી જવા દીધો. તે અરણ્ય અને તે સરોવરના કિનારે ઝુંપડામાં તે જઈ વસ્યો. કેટલોક સમય એ રીતે પસાર થયા બાદ એક રાત્રિએ ભયંકર વાઘની ગર્જના સંભળાઈ. ભયથી ધ્રૂજતો અન્ય સ્થળે જવા અશક્ત, પંકપ્રિય ઉકરડાંની જમીનમાં કરી રાખેલ એક પત્થરની કુંભીમાં જલ્દી સંતાઈ ગયો. મૃત્યુના ભયે બિચારાએ જેમતેમ દુઃખ ભોગવતા રાત્રિ પસાર કરી. પ્રભાત થયું પણ અંગો બધા અકડાઈ ગયેલા હોવાથી તે બ્હાર નીકળી શકયો નહિ. ઘણો ઘણો પ્રયત્ન કર્યો, છતાંય તે ન જ નીકલી શકયો. આ રીતે અત્યંત દુઃખોને સહન કરતો ત્યાં જ મરણ પામી દુર્ગતિનું તે ભાજન બન્યો. પાછળથી તેના પુત્રોને દરેક હકીકતની જાણ થયા બાદ તેઓ જંગલમાં જઈ શોધવા લાગ્યા. શોધ કરતાં પત્થરની કુંભીમાંથી તેનું શબ મલી આવ્યું. અતિ દુઃખિત થતાં તેઓ વિચારવા લાગ્યા કે, 'ખરેખર! પિતાજી પોતાના જ દોષને લઈ આવી માઠી પરિસ્થિતિ પામ્યા. ફોગટ ઈર્ષ્યાનલની ભડભડતી ઝાળમાં સપડાઈ પોતાના જ આત્માનું નિકંદન કાઢનાર બન્યા. દુનિયામા સ્વભાવનું કોઈ ઔષધ નથી.' આ રીતે શોકમાં ડુબેલા બેઠાં છે, તેટલામાં બાજુમાં લખેલા પિતાના લેખને તેઓએ જોયો. તેમાં લખેલ હતું કે, 'વાઘના ભયથી કુંભીમાં પડેલો હું બ્હાર નીકળવા અસમર્થ, આર્તધ્યાનથી પીડાતો મરણ પામ્યો છું.... છેલ્લે છેલ્લે હું તમને ચેતવું છું કે, આ ભવમાં બીજો ભવ બગાડનાર તથા જેનું પરિણામ દુઃખજનક આવે છે, તેવી ઈર્ષ્યાનલની ઝાળથી સપડાઈ હું તો દુઃખની ગર્તામાં પડયો. પણ હે પુત્રો! તમો આ વાંચી તેનાથી દૂર રહેજો.' પુત્રોએ સમગ્ર હકીકત જાણી, અને ઘર તરફ વળ્યા. છેવટે તેના પુત્રો તો ધર્મધ્યાનમાં સ્થિર થઇ સન્માર્ગગામી બન્યા. પંકિપ્રિય પોનાના જ દુર્ગુણને લઈ દુઃખનું ભાજન બન્યો.

ઈર્ષ્યાનલની ઝાળમાં સપડાવું એ આપણા જ આત્માની અધોગતિ છે. માટે કોઈની પણ સુખ, સંપત્તિ કે આબાદી જોઈ હૈયાને ઠારવું પણ બાળવું નહિ

સુખીને જોઈ ઠરો અને દુઃખીને જોઈ બળો. આ વાકયો આપણા જીવનમાં અંકાશે તો જ આપણે અનંત સુખની પગદંડીએ પગરણ માંડીશું.


## રેશમી અબોટીયા-ખેશ

બનાવનાર તથા વેચનાર

**કે. મહેન્દ્ર સીલ્ક ફેબ્રીકસ**

બોઘાની વાડી, સ્ટેશન સામે,

**સુરત**

—— : મળવાનાં ઠેકાણાં : ——

**સુરત.** સંઘવી ઘેલાભાઈ રાયચંદ
જરી તથા કપડાના વેપારી
ગલેમંડી, ગોળશેરી, સુરત

**મુંબઇ.** ધનરાજ લલ્લુભાઈ સુખડીયા
૫૧-૫૩ મીરઝા સ્ટ્રીટ
૩ જે માળે, મુંબઇ-૩

**પાલીતાણા.** સોમચંદ ડી. શાહ
પાલીતાણા.

# વાસ્તવિક સુખની શોધમાં

—પૂ. મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મ. પિંડવાડા.—

અજ્ઞાન અવસ્થા કે સજ્ઞાન અવસ્થાને પ્રાપ્ત થયેલા આત્માઓ અનાદિ કાલિન અજ્ઞાનાદિના પ્રતાપે વિષયવિલાસ અને અસદાચારમાં મસ્ત બનેલા તેમ તેની નાગચૂડમાં ફસાએલા હોઇ વસ્તુના વાસ્તવ સ્વરૂપને પામી શકતા નથી. એટલા જ માટે અનેક પ્રકારની યાતનાઓથી તે આત્માઓ આ સંસારમાં કદર્થના પામે છે, તેથી તે આત્માઓ સ્વપ્નમાં પણ સમાધિસુખનું સંપાદન કરી શકતા નથી.

સારાએ જગતમાં જીવમાત્રને સુખ પ્રિય છે. અને તેટલા જ માટે તેઓ સુખ માટે તનતોડ મહેનત કરે છે. તેમ છતાં અનાદિ અજ્ઞાનવશ જીવ સુખનું વાસ્તવિક સ્વરૂપ ન જાણતો હોવાથી, તેમ તે જાણવા પ્રયત્ન પણ ન કરતો હોવાથી સુખની ભ્રાન્તિથી તે પાપના–દુઃખનાજ માર્ગે પ્રવૃતિ કરે છે અને પરિણામે સુખને બદલે દુઃખને જ પામે છે.

જે આત્માઓને સત્ય, સ્થિર, સંપૂર્ણ સ્વાભાવિક સુખનું તેમ તેના સત્સાધનનું વાસ્તવ સ્વરૂપ સમજાયું છે તે અજ્ઞાનજનોની માફક સુખની ભ્રાન્તિથી દુઃખ પ્રાપ્ત થાય તેવા અવળે માર્ગે પ્રયાણ કરતો નથી.

સમસ્ત વાસ્તવિક સુખ પોતાના જ આત્મામાં વિદ્યમાન છતાં અજ્ઞાનવશ મુગ્ધજનો કસ્તૂરીઆ મૃગની જેમ સુખ મેળવવા માટે ભ્રાન્તિથી દશે દિશામાં બહાર દૂર–સુદૂર ભટકાયા કરે છે. જે ચીજ કેવલ રોગનું નિવારણ છે તે જાણે સુખ જ છે એવો અવળો ખ્યાલ માણસ બાંધે છે.

જ્ઞાનિઓને તેમ અથડાવું પડતુ નથી. કારણ તે સમજે છે કે સંપૂર્ણ સુખ પોતાના આત્મામાં જ સમાયેલું છે ને તે પ્રાપ્ત કરવા વીતરાગ પરમાત્માએ પ્રરૂપેલા સત્સાધનો જ નિશ્ચળ શ્રદ્ધાથી સેવવાની જરૂર છે.

પોતાના પુરૂષાર્થથી જેમ દોરડાના બળે કૂવા ઉપર ઉભેલો માણસ કૂવામાંથી જળ ખેંચી બહાર કાઢે છે, તેમ પ્રમાદરહિત આત્મા સત્સાધનના સેવનદ્વારા આત્મપ્રદેશમાંજ ભરેલું અખૂટ અનંત સુખ પોતે જરૂર પ્રાપ્ત કરી શકે છે. તેવું સત્ય અનંત સુખ પૂર્વે અનંતા આત્માઓએ સ્વપુરૂષાર્થથી સમ્યગ્‌દર્શનાદિ સાધન યથાવિધિ સેવી આત્મામાંથીજ પ્રગટ કરેલું છે. વર્તમાનમાં પણ આત્માર્થી મુમુક્ષુઓ સ્વપુરૂષાર્થથી તે સાધનો દ્વારા અભીષ્ટ સુખ મેળવી શકે છે, અને આગામી કાળે પણ મેળવી શકશે.

અનાદિ કુવાસનાના યોગે જે અજ્ઞાની જીવો આપમતિ–સ્વચ્છંદી બની શાસ્ત્રને ઉલ્લંઘી સુખની ભ્રાન્તિથી અવળે રસ્તે મહેનત કરે છે, પ્રવૃત્તિ કરે છે તે ખરેખર સત્ય–સ્થિર અને સંપૂર્ણ સુખથી વંચિત બની પરિણામે અત્યંત દુઃખી જ થાય છે.

વીતરાગ પરમાત્માના એકાંતે હિતકારી વચનને વિરાધી જે અજ્ઞાનીજનો અજ્ઞાનના પ્રતાપે સુખભ્રાન્તિથી દુઃખના રસ્તે જ ગમન કરે છે–પ્રવૃત્તિ આદરે છે તે સુખી કયાંથી થાય ?

ભૌતિક કામના વગર સત્સાધનનું સેવન યથાવિધિ સત્સાધનસેવન કહી શકાય. તુચ્છ પૌદ્‌ગલિક સુખ માટેજ સેવવામાં આવતાં સત્સાધનો તો અલ્પ ફળ આપીનેજ વિરમે

છે. તે કંઈ પણ વાસ્તવિક આત્મકલ્યાણ સાધી શકતા નથી.

પરસ્પૃહારહિત નિઃસ્પૃહપણે વીતરાગ પરમાત્માએ પ્રરૂપેલ ધર્મની ઉત્કૃષ્ટ સાધના કરવાથી અનંતુ શાશ્વત સુખ મળે છે, તો પછી બીજા દેવતાઈ કે ચક્રવર્તિ વગેરેનાં સુખો મળે તેનું તો કહેવું જ શું ? તે તો ધાન્યની સાથે પાકતા પલાલની જેમ પ્રાસંગિક જ પ્રાપ્ત થાય છે.તેવા પ્રાસંગિક સુખ તો પલાલની જેમ સહજ સાથે મળતા રહે છે. તેવા માટે જ પ્રયત્ન કરવો બુદ્ધિમાનોને શોભતું નથી.

રત્નપરિક્ષક ને રત્નવેપારી ઝવેરીને ઝવેરાત સિવાય બીજો હલકો ધંધો કરવાની જરૂર શી ? લોભાકાંક્ષી વણિકની પેઠે પરિણામે જેમાં અધિક લાભ દેખાય તેમાંજ ચકોર મુમુક્ષુજન આદર કરે. મોક્ષસુખને તિલાંજલી દઇ ચાર ગતિરૂપ સંસારચક્રમાં જન્મ-મરણાદિના અનંત દુઃખને આપનાર પૌદ્ગલિક સુખની સ્પૃહા સત્સાધનને સેવવામાં દક્ષ મુનિજનો શા માટે સેવે ?

પરસ્પૃહા ત્યજી નિઃસ્પૃહતા ગુણનું લક્ષ્યપૂર્વક સેવન કરવામાં આવે છે, તેમ તેમ આત્મામાં જામેલી ચિરકાળની મલિન વાસનાઓ હઠતી જાય છે અને અનુક્રમે પ્રબલ પુરૂષાર્થયોગે પવિત્ર રત્નત્રયીની આરાધનાથી સંપૂર્ણ વાસનાક્ષય પણ થઇ શકે છે. તેમ થતાં રાગદ્વેષાદિક અંતરંગ શત્રુઓનો સર્વથા ક્ષય થાય છે ને તેમ થતાં મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આમ સમસ્ત સુખની સાધનામાં સમ્યગ્જ્ઞાન અને નિઃસ્પૃહતા અગત્યનો ભાગ ભજવે છે.

તેવી સંપૂર્ણ નિઃસ્પૃહતા તો તદ્ભવ મોક્ષગામીને જ સંભવે છે, તો પણ તેવી નિઃસ્પૃહતા માટે કરવામાં આવતો પ્રયત્ન કદાપિ નિષ્ફલ જતો જ નથી. અનુક્રમે તે સંપૂર્ણ નિઃસ્પૃહતાને પ્રગટાવે છે. માટે તેવો શુભ પ્રયત્ન આત્માર્થીને અવશ્ય કરવા યોગ્ય છે.

પરસ્પૃહા જેવું પરિણામે દુઃખ નથી.

નિઃસ્પૃહતા જેવું પરિણામે સુખ નથી.

સૌ સજ્ઞાનાદિ પ્રગટાવી નિસ્પૃહતા ખીલવી આત્મકલ્યાણ સાધે એજ એક મંગલકામના.

एकबार अवश्य परीक्षा करें -- एजंटोकी आवश्यकता है।

**दंतमुक्ता मंजन** ०-६२, १-२५ न. पै.
२० श्रेष्ठ औषधयुक्त-आयुर्वेद के आचार्यो द्वारा प्रशंसित शीघ्र गुणप्रद। दांतोंके अनेक रोग मिटाकर ऊन्हें एकदम स्वच्छ चमकिले ओर मजबूत करता है।

**ज्योति** २-००
आंखो दुखना, जाला, फुला, धूंध, खील, खाज, लालाश आदि नेत्र रोगों की परीक्षित दवा।

**नेत्र सुधा** ०-७५ न. पै.
दुखती आंखो की अचूक दवा अकसीर कान की फुंसी पीप, खाजमु, खपाक, मुंहांसे आदि में।

**पित्तातक** १-५० न. पै.
सिरदर्द, उल्टी, चक्कर, अम्लपित्त, लू, ज्वर, मरडा, शीलष, मुखपाक, रक्तवमन, पांडू, रक्ताश्रव तथा अनेक पित्त रोगो में श्रेष्ठ। घांव में भरने से शीघ्र रक्त रुके।
स्वादिष्ट वटी ८० न.पै.—स्वादिष्ट चूर्ण १-५०न पै. पाचक, रुचिकर, क्षुधावर्धक, मुखशोधक, गेस, मंदाग्नि तृषानाशक

**आयुर्वेद रत्न भंडार : सांडेराव**
(राजस्थान)

# મળેલી તકને ઝડપી લો!

શ્રી એન. બી. શાહ. ભરૂચ

**મા**નવીનું જીવન અનેક સારી નરસી તકોથી ભરેલું છે. જીવનમાં ભરતી ને ઓટ આવ્યા જ કરે છે. કહેવત છે કે, 'એક સરખા દિવસો સુખના કોઈનાયે જતાં નથી.' દુઃખ પછી સુખ અને સુખ પછી દુઃખ—તડકા પછી છાંયો અને છાંયા પછી તડકો. દિવસ પછી રાત અને રાત પછી દિવસ. આમ દુનિયાનો ક્રમ અનાદિકાળથી ચાલતો આવ્યો છે.

માનવી સુખ મેળવવા માટે પ્રયત્ન કરે છે. જાતજાતના ઉપાયો અજમાવે છે. વ્યર્થ ફાંફાં મારે છે. પરંતુ સુખ મેળવવા માટેનો સાચો રાહ તેને જડતો નથી, ત્યાં સુધી તેને કરેલા પ્રયત્નો સફલ બનતા નથી. અને પછી ભાગ્યનો દોષ કાઢવામાં આવે છે.

જીવનમાં સુખ મેળવવું હોય તો મળેલી સુંદર તકોને જતી ન કરો! પરંતુ તેને સફલ બનાવતાં શિખો. કેટલાયને તો પુન્યોદયથી આકસ્મિક રીતે જ સુખની સાહ્યબીઓ પ્રાપ્ત થઈ ગઈ હોય છે. પરંતુ તેઓને મળતી સુંદર તકોની કિંમત સમજી શકાતી નથી. પરિણામે એશઆરામ અને મોજશોખમાં જ આળસુપણે જીવન તેઓનું પસાર થઈ જાય છે. જાણે માનવજીવનની કિંમત હજુ તેઓને સમજાઈ નથી.

જેઓએ દેવદુર્લભ માનવજીવનની સાર્થકતા કરવી છે. તેઓએ તકની કિંમત સમજવી જ જોઈએ. જ્ઞાનીઓ કહે છે કે, મળેલી તક વારંવાર પાછી મલતી નથી. માટે જીવનમાં ધર્મ સાધી લેવાની અણમોલ ઘડીઓને આપણે પ્રમાદમાં બીલકુલ ન ગુમાવવી જોઈએ કારણ કે ફરીફરીને તે મળતી નથી. આ વાતને સમર્થન આપતી **એક સાચી હકીકત** અહિં રજુ કરવામાં આવે છે.

તક એ શું છે? એની ખાસિયત દર્શાવતું એક પુતળું ગ્રીસ દેશમાં ઉભુ કરવામાં આવેલું હતું. એ પુતળું પોતાની આંખે જોનાર કોઈ માનવી હાલમાં તો હયાત નથી પણ એ પુતળા અને તેની નજીકથી પસાર થતા માનવી વચ્ચેનો સંવાદ હાલમાં પણ જાણવા મળે છે. જે નીચે પ્રમાણે છે—

માનવી પૂછે છે; 'ઓ પુતળા! તારૂં નામ શું છે?' પુતળું જવાબ આપે છે; 'લોકો મને તકના નામે ઓળખે છે.'

માનવી પૂછે છે; 'તું શામાટે તારા પગના એક જ અંગુઠા ઉપર ઉભું છે?' પુતળું જવાબ આપે છે; 'એ બતાવવા કે મારે અહિં થોડીક જ પળો થોભવાનું છે.'

માનવે પૂછ્યું; 'તારા પગ પર **બે પાંખો** શા માટે છે?' 'એ બતાવવા કે હું કેટલી ઝડપે ઉડી જાઉં છું.'

માનવીએ પૂછ્યું; 'તારા માથા ઉપર શા માટે બિલકુલ વાળ નથી, ટાલ છે?' પુતળાએ જવાબ આપ્યો; 'જો હું માનવીનાં હાથમાંથી એકવાર છટકી જાઉં તો પછી તેને હાથ આવું નહિં. એટલા માટે' અને એ ઉપરથી અત્યારે પણ કહેવાય છે કે **તક ફરી ફરીને આવતી નથી.** એટલે માનવીએ આત્મવિકાસમાં આગળ વધવું હોય તો મળેલા અનુકુલ સંયોગોને, મળેલી સુંદર તકને ઝડપી લેવામાં જરા પણ પ્રમાદ કરવો જોઈએ નહિં.

વ્યવહારમાં પણ આગળ વધવું હશે તો આપણે મળેલી તકને જતી કરતા નથી. અને જે તક ગુમાવી બેસે છે, તેને પાછળથી પસ્તાવાનો વખત આવે છે. આ વાત તો અનુભવસિદ્ધ દરેકને છે જ.

એક મહાન તત્ત્વચિંતક કહે છે કે,—'એક વાત એ પણ યાદ રાખો કે તમારે તમારા જીવનમાં કોઈપણ બાબતમાં

સફળ બનવું હશે તો આવેલી તકને ગુમાવી દેવાનું પાલવશે નહિ. તમારે તમારી જીંદગીમાં છુપી રીતે પોષાઇ રહેલી ખામીઓને, નબળાઈઓને ખોળી કાઢીને ખંતપૂર્વક સુધારવા પ્રયત્ન કરવો જ પડશે.'

જે માનવીમાં ધગશ છે તે માનવી કદી પોતાની જીંદગીમાં નિરાશા અનુભવતો નથી, પણ કોઈ ને કોઈ જગ્યાએથી પોતાનાં જીવનનો રાહ ખોળી કાઢે છે.

આપણે મહાન પુરૂષોનાં જીવનચરિત્રો ઉપરથી જાણી શકીએ છીએ કે, પ્રતિકૂલ સંજોગોમાંથી પણ મળેલી તકોને ઝડપી લઈને તેઓ પોતાનાં જીવનમાં આગળ આવ્યા છે.

માનવીએ જો વિજયને વરવું હોય તો જીવનમાં આવતા ઝંઝાવાતો સાથે ઝઝુમવું પડે છે. જો તેમાં તે નાશીપાસ થાય તો તેના કપાળે જીતને બદલે હાર આવીને ઉભી રહેશે. અને તેને નશીબના વાંકના નામે આગળ ધરવામાં આવે છે. શું તે યથાર્થ છે?

આપણે જેઓને જીવનથી કંટાળેલા જોઇએ છીએ. તેઓ હંમેશાં નશીબના નામે ફરીયાદ કરતા હોય છે. 'શું કરીએ ભાઈ નશીબ જ એવું છે.' પણ આ વાત ઉપર ઉંડો વિચાર કરીએ તો પુરૂષાર્થની જ ખામી જણાશે. બાકી માનવી પોતે પોતાના ભાગ્યનો સ્વામી છે. માનવીએ પોતાના નશીબની ત્યારે જ ફરીયાદ કરવી જોઈએ કે – આપણી પ્રવૃત્તિ ધારેલ કાર્યને સિધ્ધ કરવા સતત ચાલુ હોય પણ નિષ્ફળ થતા હોઈએ. બાકી જો તમે ખંતિલા હો, ચારિત્રવાન હો, ખોટી આદતોમાં ન ગબડ્યા હો, તો તમારા પાસા પોબાર પડવાના, તકદીરને તમે ફેરવી શકો છો. ફક્ત મળેલી સારી તકોને તમારે ઝડપી લેવાની જરૂર છે.


## જૈન ધાર્મિક ચિત્રો અને ગ્રંથો

| | | | |
|---|---|---|---|
| ૧ | શાલિભદ્રજી વગેરેના ૨૦ × ૧૪ સાઈઝના હિંદી વિવેચન સહિત ૧૨ ચિત્રોના | રૂા. | ૮–૦૦ |
| ૨ | હિંદી મહાવીર ચરિત્ર ૫૧ ચિત્રો સહિત | રૂા | ૫–૦૦ |
| ૩ | હિંદી બાલપોથી ૨૦ ચિત્રો સહિત (બધી વેચાઇ ગઇ છે, માટે સિલક હશે તો જ મળશે) | રૂા. | ૧-૫૦ |
| ૪ | હિંદી, મરાઠી અનેકાંત અને સ્યાદ્વાદ (જૈન તત્ત્વજ્ઞાનને સહેલામાં સહેલી ઢબે સમજાવનાર ગ્રંથ) હરેકના | રૂા. | ૫–૦૦ |
| ૫ | જૈન ધર્મસાર હિંદી (જૈન ધર્મની સંપૂર્ણ માહિતી) | રૂા. | ૧૦–૦૦ |

નં. ૪ ગુજરાતી, અંગ્રેજી અને નં. ૫ ફકત અંગ્રેજીમાં છપાય છે

**ધાર્મિક અભ્યાસ નિયમિત કરવાની અને આગળ કરાવવાની ઇચ્છાવાળા કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને સ્કોલરશીપો આપવાની છે. કોઇ વિદ્વાન મુનિરાજનો ભલામણપત્ર સાથે મોકલવો.**

**જૈન માર્ગ આરાધક સમિતિ** ગોકુક, જી. બેલગવ (મૈસુર રાજ.)

શેઠ આણંદજી પરમાનંદ ૪૦૯, મીન્ટ સ્ટ્રીટ–મદ્રાસ.

શેઠ ભગવાનજી કપુરચંદ ૭૯, સુતાર ચાલ–મુંબઇ–૨.

# મંત્ર પ્રભાવ

'કલ્યાણ' માટે ખાસ ઐતિહાસિક ચાલુ વાર્તા

લેખક: વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

**પૂર્વ પરિચય** : વંકચૂલ માલવદેશની મહારાણીના આવાસમાં, એકાંતમાં મહારાણીના અનુકૂળ પ્રલોભનોની વચ્ચે પણ પોતાના નિયમને અખંડિત રાખીને મહારાજાની સમક્ષ મહારાણીએ દીધેલા ખોટાં આળનો મૌનપણે એકરાર કરી દે છે. મહારાજા વંકચૂલની નિર્દોષતા તથા પવિત્રતાને જાણે છે, છતાં બહારથી જાણે વંકચૂલને શિક્ષા કરવા માટે જ હોય તે રીતે તેને કારાગારમાં મોકલાવે છે. પણ માલવદેશના મહારાજા વંકચૂલને કઇ રીતે પોતાનો મિત્ર બનાવે છે? તેની રસભરી હકીકત આ પ્રકરણ તમને જણાવશે. **હવે વાંચો આગળ :**

## પ્રકરણ ૨૫ મું :
## મિત્ર !

રાજભવનનું કારાગાર સ્વચ્છ, સુંદર અને અનેક સગવડતાઓવાળું હતું, કારણ કે, આ કારાગારમાં કેવળ રાજ પરિવાર અથવા તો માનનીય રાજકીય ગુનેગારોને જ રાખવામાં આવતા, છેલ્લા કેટલાય વર્ષથી આવો કોઈ પ્રસંગ ઉપસ્થિત નહોતો થયો. છતાં રાજભવનનું કારાગાર હંમેશ સ્વચ્છ રાખવામાં આવતું.

કારાગારનો રક્ષક કારાગારના દ્વાર પર જ રહેતો હતો. આવી કડકડતી ઠંડી ભરી રાતે મહારાજાને અને પ્રહરીઓને આવતા જોઇ કારાગાર રક્ષક સજાગ બની ગયો અને એક તરફ ઉભો રહ્યો.

મહારાજાની આજ્ઞાથી કારાગારનું મુખ્ય દ્વાર ખોલવામાં આવ્યું અને કારાગારના એક ખંડમાં વંકચૂલને લઈ જવામાં આવ્યો.

એક સંત્રી એ ખંડમાં દીવો મૂકી ગયો. ખંડના એક ખૂણામાં ખાટલો પડચો હતો. તેના પર ગાદલું વગેરે પાગરણ પણ હતાં. એક સેવકે તરત શય્યા સરખી કરી.

ત્યાર પછી મહારાજાએ બધા પ્રહરીઓને બહાર જવાની આજ્ઞા કરી. બધા આશ્ચર્ય સહિત બહાર નીકળી ગયા. સહુને થતું હતું કે, એક ચોર પ્રત્યે આવો વર્તાવ શા માટે ?

મહાપ્રતિહાર દ્વાર પાસે ઉભો રહ્યો...એ જોઇને મહારાજાએ કહ્યું : 'તું પણ બહાર જા...મારે આ દુષ્ટ સાથે કેટલીક વાત કરવી છે.'

'જેવી આજ્ઞા....પરંતુ આપનાં રક્ષણ....'

કોઇ ચિંતા ન કરીશ. હું નિર્ભય છું.' મહાપ્રતિહાર પણ આશ્ચર્ય સહિત બહાર નીકળી ગયો.

વંકચૂલ એક તરફ સ્થિર ભાવે ઉભો હતો. મહારાજાએ તેના સામે જોઈને કહ્યું: 'સંકોચ વગર આ શય્યાપર બેસી જા.'

'આપ ?'

'હું તારી સામે જ આ આસન પર બેસીશ...' કહી મહારાજાએ જાતે ત્યાં પડેલું એક કાષ્ટાસન ખેંચી લીધું.

'મહારાજ...એ આસન આપને ઉચિત નથી... આપ આ શય્યા પર બિરાજો...હું આપની સામે ઉભો રહીશ.'

'નહિ ..તું સામે બેસી જા.' કહી માલવપતિ કાષ્ટાસન પર બેસી ગયા.

વંકચૂલ પણ પોતાની શય્યા પર બેઠો.

મહારાજાએ કહ્યું: 'તને શાસ્ત્રાજ્ઞાની ખબર છે...? માતા, પિતા, ગુરુ, રાજા અને ધર્માચાર્ય પાસે કોઈએ અસત્ય ન બોલવું જોઇએ...'

'જી હા...'

'તો હું જે કંઇ પૂછું તેનો સત્ય ઉત્તર આપીશ ને ?'

'હા મહારાજ...પરંતુ કોઈની હાનિ થતી હશે અથવા મારા ધંધાની ગુપ્તતા જાળવવાની હશે ત્યાં હું મૌન રહીશ.' વંકચૂલે કહ્યું.

'નવજવાન, તારો ચહેરો કોઇ ઉત્તમ વંશની શાખ પૂરે છે....તું મને તારો સત્ય પરિચય આપ.' મહારાજાએ કહ્યું.

વંકચૂલ વિચારમાં પડી ગયો.

મહારાજાએ કહ્યું: 'તારો પરિચય આપવામાં તારા ધંધાની ગુપ્તતાને કે કોઇનાં હિતને જરાયે આંચ નહિ આવે !'

'કૃપાવતાર ! પરિચય આપતાં મારૂં મસ્તક શરમથી નીચું ઢળી પડે છે...હું એક ચોર છું એ જરાયે અસત્ય નથી.'

'નહિ....તારા ચહેરા પર ચોરનાં કોઇ લક્ષણ નથી. તારે મને કહેવું જ પડશે.'

'મહારાજ કલિંગ પ્રદેશમાં ઢીંપુરી નામનું એક રાજ્ય છે...'

'હા....મહારાજા વિમળયશને હું મારા વડીલ માનું છું.'

'હું એમનો એકનો એક પુત્ર છું...' કહી વંકચૂલે પ્રથમ યૌવનમાં પોતાને વળગેલી ચોરીની લત અને પિતાએ કરેલા ત્યાગની વાત કહી.

ઓહ ! અત્યારે તું સિંહગુહાનો સરદાર છે કેમ ?'

'હા...'

'તો પછી તારે આટલે દુર ચોરી કરવા કેમ આવવું પડયું ?'

'મહારાજ, મારી પત્ની અને મારી બહેન હું ચોરી કરૂં એમ ઇચ્છતાં નથી...પરંતુ મારી સુંદર અને સંસ્કારી બહેનને કોઈ ઉત્તમ વંશમાં આપવા ખાતર મારે સિંહગુહાનો ત્યાગ કરવો જોઇએ ને સારૂં એવું ધન મેળવવું જોઇએ. આટલા ખાતર જ હું આપના અંતઃપુરમાં છેલ્લી ચોરી કરવા આવ્યો હતો.'

'અને ચોરીનો પ્રશ્ન રૂપ જોઇને ભૂલી ગયો કેમ ?'

' પાવતાર, મારા . બદલ હું ક્ષમા યાચના નથી કરતો...પરંતુ સંસારનાં સુખો માટે ઝંખતો 'માનવી કોઈ રૂપ જોઇને આંધળો બની જાય એ...'

વચ્ચે જ માલવપતિ બોલી ઉઠયા : 'વંકચૂલ, સત્ય વાત કરવાનું તેં મને વચન આપ્યું છે.'

'હું એ નથી ભૂલ્યો.'

'તો પછી મને સત્ય કહેજે રાણીના રૂપ પ્રત્યે તું આકર્ષાયો હતો ? રાણીની આબરૂ લેવાનો તેં પ્રયાસ કર્યો હતો ?'

વંકચૂલ મૌન રહ્યો

માલવપતિએ મમતાભર્યા સ્વરે કહ્યું : 'મિત્ર વંકચૂલ, તારી અને રાણી વચ્ચે થયેલી વાત મેં સાંભળી છે.'

'મહારાજ....'

'મને નિદ્રા નહોતી આવતી એટલે હું મારી પ્રિયતમા પાસે આવતો હતો...દ્વાર પાસે પહોંચતા જ મેં રાણીને કોઇ સાથે વાત કરતી સાંભળી અને હું કુતુહલવશ ત્યાંને ત્યાં ઉભો રહ્યો. રાણીએ તારા યૌવન સાથે પોતાના યૌવનને રમાડવાની માગણી કરી...તેં ઈન્કાર કર્યો એટલું જ નહિ પણ રાણીની વારંવારની માગણીને તેં નકારી... રાણી રોષે ભરાઈ અને તેણે ચોર ચોરની બુમ મારી...તે દ્વાર તરફ આવી કે, હું તરત જ મારા ખંડના દ્વાર પાસે આવ્યો ગયો. વંકચૂલ, મારા કાન મને દગો દે એટલા કમજોર નથી...કહે, તેં શા માટે રાણીનાં આક્ષેપને મસ્તક પર લઇ લીધો ?'

'મહારાજ...મને ક્ષમા કરો !'

'ક્ષમા તો મારે તારી માંગવાની છે...તારા વ્રતને તું વળગી રહ્યો એ નાની સૂની વાત નથી... કોઇ મહાપુરૂષ જ આવા સંયોગો વચ્ચે અડોલ રહી શકે. તેં કરેલા ગુનાના એકરાર પાછળ તારા દિલમાં શું હતું તે પણ હું સમજી શકયો છું.'

વંકચૂલ કશું બોલ્યો નહિ. માલવપતિ સામે જોઈ રહ્યો,

માલવપતિએ કહ્યું : 'સ્વેચ્છાએ ગુનાનો એકરાર કરીને મોતને ભેટવા શા માટે તૈયાર થયો ?'

'મહારાજ, હું એક ચોર છું. પરંતુ મારોયે એક ધર્મ હતો. મારી કોઈ પ્રતિષ્ઠા છે નહિ... આપની પ્રતિષ્ઠાને કોઇ પ્રકારની કાલિમા ન લાગે એ જ મારો હેતુ હતો.'

'હું તને ધન્યવાદ આપવાના કોઈ શબ્દો

શોધી શકતો નથી. પરંતુ તારા જેવા આદર્શ અને હિંમતવાન મિત્રનો સાથ માગું છું. કહે મારી વાત રાખીશ ?'

'આપ મને આજ્ઞા કરો.'

'આજ્ઞા નહિ હું પ્રાર્થના કરૂં છું કે, હવેથી તારે અહીં જ રહેવું...મારા અંગત મિત્ર તરીકે. તારી છેલ્લી ચોરી નિષ્ફળ નથી ગઈ. પણ મહાન બની ગઇ છે...તેં રત્નનાં ટુકડાઓને બદલે મારૂં દિલ ચોરી લીધું છે, અને મને ધન્ય બનાવ્યો છે. હવે તારે અહીં જ મારાં ભવનમાં રહેવાનું છે... તું ઇચ્છીશ તો હું તારા પિતાશ્રીને...'

'નહિ મહારાજ, મારા પિતાશ્રીને મોઢું બતાવવા જેટલી લાયકાત પ્રાપ્ત કર્યા પહેલાં હું...'

'અત્યારે કંઇ નહિ....પણ તારે મને અહીં રહેવાનું વચન આપવું પડશે....તારી બહેનની ચિંતા તારે કરવાની નથી....તું જ્યાં ઇચ્છીશ ત્યાં તેના લગ્નનો પ્રબંધ થઈ જશે.'

'મહારાજ...' કહી વંકચૂલ ઉઠીને માલવપતિનાં ચરણમાં નમવા ગયો...પણ માલવપતિએ ઉભા થઇ તેને નમવા ન દીધો અને હૈયા સરસો લઇ લીધો....અને કહ્યું: 'તારૂં વચન મને મળી ગયું.'

ત્યાર પછી માલવપતિએ દ્વાર પાસે જઇને મહાપ્રતિહારને બુમ મારી. થોડી જ પળોમાં મહાપ્રતિહાર આવી ગયો, અને મહારાજાને નમસ્કાર કરીને ઉભો રહ્યો.

માલવપતિએ કહ્યું : 'આ મારા મિત્ર છે અને બંધન મુક્ત છે...તેમને અત્યારે જ અતિથિગૃહમાં લઈ જા....સવારે સ્નાનાદિથી નિવૃત્ત થાય એટલે એમને ઉત્તમ વસ્ત્રો આપીને મારા ખંડમાં લઈ આવજે.'

મહાપ્રતિહાર અવાક્ બનીને વંકચૂલ સામે જોઈ રહ્યો.

મહારાજાએ વંકચૂલ તરફ જોઇને કહ્યું: 'કાલ સવારે મારે એક મહત્વનો વિચાર કરવાનો છે. આ કિસ્સો મારો અંગત હોવાથી હું જ એનો ઉકેલ શોધી કાઢીશ. તું કોઇ પણ પ્રકારના સંકોચ વગર મહાપ્રતિહાર સાથે આવજે.'

'જી....' કહીને વંકચૂલે મસ્તક નમાવ્યું.

માલવપતિ વંકચૂલનો ખભો થાબડીને ચાલ્યા ગયા.

મહાપ્રતિહાર સાથે વંકચૂલ પણ અતિથિવાસ તરફ વિદાય થયો.

મહારાજ અંતઃપુરમાંનાં પોતાના શયનગૃહમાં પહોંચ્યા ત્યારે પણ ત્યાં મદનિકા સાથે બીજી રાણીઓ વાતો કરી રહી હતી.

મહારાજના આગમનની ખબર પડતાં જ મદનિકા ઉભી થઇ અને મહારાજના શયનગૃહમાં ગઇ.

મહારાજાએ તરત પ્રશ્ન કર્યો: 'કેમ પ્રિયે, હજી તારૂં મન સ્વસ્થ નથી થયું ?'

'એ દુષ્ટનું આપે શું કર્યું ?'

'આવતી કાલે તું કહીશ તે રીતે જ તેને સજા કરવામાં આવશે, કારણ કે, એણે તારૂં ભયંકર અપમાન કર્યું છે...તું ઈચ્છીશ તો શૂળીએ ચડાવીશ. તુ ઇચ્છીશ તો હાથીના પગ તળે ચગદાવી નાખીશ...'

'મહારાજ એ દુષ્ટને હાથીના પગ તળે જ ચગદાવી નાખજો....' મદનિકાએ મહારાજનો એક હાથ પંપાળતા કહ્યું.

મહારાજાએ કહ્યું : 'તારી ઇચ્છા મુજબ જ થશે...એ દુષ્ટને મેં ઘણો સમજાવ્યો પણ બોલ્યો જ નહિ...એ કોણ છે? ક્યાંથી આવ્યો છે? એ કશું કહ્યું નહિ....ભારે વિચિત્ર પ્રકૃતિનો લાગે છે.... પણ પ્રિયે, એ દુષ્ટે તારી કાયાને સ્પર્શતો નહોતો કર્યો ને ?'

'સ્વામી, એ દુષ્ટે મારો હાથ પકડી લીધો હતો.'

'તો તો એના બંને હાથ કપાવી નાખવા પડશે...પછી તેણે તને શું કહ્યું હતુ ?'

'હું તો એક અજાણ્યા પુરૂષને જોઇને હેબતાઈ ગઇ હતી...એ નીચે મારા શિયળનો નાશ કરવાની ઇચ્છા દર્શાવી....'

'ઓહ ! એની જીભ પણ કાપવી પડશે...પ્રિયે, તારા કોઈ અંગને ઈજા તો નથી થઇને ?'

'ના મહારાજ...હું આપની પ્રિયતમા છું.... હાથ છોડાવીને તરત મેં બુમો મારવી શરૂ કરી

અને એ મને પકડે તે પહેલાં જ દ્વાર ખોલી નાખ્યું.' મદનિકાએ કહ્યું.

'શાહબાશ! તેં ખરેખર મારા ગૌરવને દીપાવ્યું છે....પ્રિયે, તું ખૂબ જ પરેશાન થઈ લાગે છે...હવે તો રાત પણ થોડી છે....જા શાંતિથી સૂઈ જા.... હું પણ થાકી ગયો છું.' રાજાએ કહ્યું.

'સ્વામી, મને હવે એ શયનગૃહમાં નિદ્રા નહિ આવે....'

'તો મારા પલંગ પર સૂઈ જા....હું ત્યાં સૂઈ રહીશ.' કહી રાજા પલંગ પરથી નીચે ઉતરી ગયો.

રાણી કંઈ પણ કહે તે પહેલાં જ રાજા ખંડ બહાર નીકળી ગયો. રાણી મનથી હર્ષ અનુભવતી મહારાજના પલંગમાં સૂઇ ગઈ.

સૂર્યોદય પછી બે એક ઘટિકા વીતી હશે ત્યારે મહાપ્રતિહાર વંકચૂલને લઇને નીચેના ભાગમાં આવેલા મહારાજાના મંત્રણાગૃહમાં આવી ગયો અને વંકચૂલને એક આસન પર બેસાડી મહારાજને સમાચાર આપવા અંતઃપુર તરફ વિદાય થયો...પરંતુ સોપાનશ્રેણી આગળ જ માલવપતિ દેખાયા. મહાપ્રતિહાર મસ્તક નમાવીને ઉભો રહી ગયો!

મહારાજાએ નજીક આવીને કહ્યું : 'મારો મિત્ર આવી ગયો.'

'હા મહારાજ, એમને મંત્રણાગૃહમાં બેસાડ્યા છે.

'સારૂં...તું દ્વાર પાસે જ ઉભો રહેજે...મારી આજ્ઞા વગર અંદર કોઈ ન આવે.

જરા આગળ ચાલતાં બે પરિચારિકાઓ મળી, મહારાજાએ બંને સામે જોઇને કહ્યું : 'મહારાણી સ્નાનાગૃહમાં ગયાં છે...એમને સત્વર મંત્રણાગૃહમાં મોકલજે.'

બંને પરિચારિકાઓ નમન કરીને ચાલી ગઈ.

મહારાજા મંત્રણાગૃહમાં દાખલ થયા. માલવપતિને જોતાં જ વંકચૂલ ઉભો થઇ ગયો. મહારાજાએ કહ્યું : 'મિત્ર, વિવેકની કોઈ જરૂર નથી... તારી પાસે હું માલવપતિ નથી...એક મિત્ર છું.'

વંકચૂલ કશું બોલ્યા વગર નમસ્કાર કરીને આસન પર બેસી ગયો. માલવપતિ પણ તેની સામે બેસી ગયા અને બોલ્યા : 'પુષ્પચૂલ, હું તને વંકચૂલ નહિ કહું...કારણ કે, ચોરનું એ નામ એની છેલ્લી ચોરી સાથે જ હંમેશ માટે ભુંસાઈ ગયું છે, કહે, તારૂં મન તો સ્વસ્થ છે ને?'

'હા, મહારાજ, આપ જેવા મિત્રની પ્રાપ્તિથી મારૂં ચિત્ત ખૂબ જ પ્રસન્નતા અનુભવી રહ્યું છે.'

'તો પછી આજે જ અહીંથી બે રથ સિંહગુહા તરફ રવાના કરી દઉં...તારાં પત્ની અને બહેનને લઇને આવી જાય.'

'મહારાજ, એમને તેડવા મારે જ જવું પડશે... મારા વગર તેઓ આવશે નહિ...વળી મારો એક સાથી પણ અહીં છે...'

'એને આજે જ બોલાવી લે...તારા નિવાસ માટે હું આજે જ એક મહેલ કઢાવી આપીશ... થોડાદિવસ અહીં રહીને પછી તું સિંહગુહા જજે... પરંતુ...'

'હું મારા વચનનુ અવશ્ય પાલન કરીશ... બધાને લઇને આવી પહોંચીશ.'

મહારાજ કંઇ કહેવા જાય તે પહેલાં જ મહાપ્રતિહારે અંદર આવીને કહ્યું : 'મહાદેવી પધાર્યાં છે.'

'આદર સહિત અહીં લઈ આવ...' ત્યાર પછી વંકચૂલ સામે જોઇને કહ્યું...'પુષ્પચૂલ, તું મૌન ભાવે બેસી રહેજે.'

વંકચૂલે મસ્તક નમાવીને સંમતિ આપી.

મહારાણી મંત્રણા ગૃહમાં દાખલ થયાં અને વંકચૂલ પર નજર પડતાં જ તેઓ ચમકયાં.... 'આ દુષ્ટ માણસ બંધન રહિત અહીં આ રીતે શા માટે?'

મહારાજાએ મહાદેવી સામે જોઇને કહ્યું : 'આવ, અહિં બેસ, તારો ગુનેગાર અહિં જ છે. તું એને ઓળખી શકી?'

વંકચૂલ તરફ રોષપૂર્ણ દૃષ્ટિ કરી મહારાણી એક આસન પર બેસી ગયા.

મહારાજાએ મહાપ્રતિહારને કહ્યું; 'વિજય! દ્વાર બંધ કરીને બહાર ઉભો રહેજે!'

આજ્ઞાનો તરત અમલ થયો. (ક્રમશઃ)

# વહેતાં ઝરણાં

('કલ્યાણ' માટે ખાસ) ❁ શ્રી રાજેશ ❁

માનવતા, દયા, દાન, ઉદારતા તેમજ ઉત્તમ સદ્‌ગુણોની સુવાસ પાથરતાં અને તેજ રીતે દોષોને ઉઘાડે છોગે જણાવી તે પ્રત્યે વાચક વર્ગને ચેતવણીનો સૂર સંભળાવતાં આ ઝરણાં, લગભગ આજે ૧૨ મહિનાથી 'કલ્યાણ'માં પ્રસિદ્ધ થઇ રહ્યા છે આ વિભાગ માટે વાચકોનું આકર્ષણ દિન-પ્રતિદિન વધતુ જ જાય છે. અમારી સર્વ કલ્યાણના શુભેચ્છક વાચકોને નમ્ર વિનંતિ છે કે, 'આ વિભાગને અંગે તમે તમારો અભિપ્રાય તથા તમારી સૂચના-સલાહ અમને જણાવશો.' જેથી નવા વર્ષથી તે વિભાગને વધુ ને વધુ આ રીતે સમૃદ્ધ બનાવવા અમને માર્ગદર્શન મળે! -સં૦

⊙

## ૧ : ન્યાયાધીશનો ન્યાય :

આશરે ૬૫ વર્ષ પહેલાંની આ વાત છે.

રત્નાગિરિના વિદ્વાન ન્યાયાધીશ સ્વભાવે શાન્ત અને વિચારમાં ગંભીર તથા દયાળુ હતા. ન્યાયાધીશ હોવા છતાંય એમનામાં અભિમાનનો અંશ નહિ. બહારની ભભક તેઓ ઓછી પસંદ કરતા. ઘેર ફક્ત એક જ નોકર રાખેલો. કોર્ટમાં ભાડાની ગાડીમાં આવ-જા કરતા. સાંજે પાછા આવતા ત્યારે પોતાના નોકરના કહેવા પ્રમાણે એક રૂપિયો ગાડીવાનને આપી આવવા જણાવતા.

દિવસો સુધી આમ ચાલ્યા કર્યું. એક દિવસ નોકર આવશ્યક કારણસર ગેરહાજર રહ્યો. સાંજે જે વખતે ગાડીમાં ઘેર આવ્યા. તે વખતે ઘરમાં જઈ કોટ ઉતારી એક રૂપિયો બહાર પ્રતીક્ષા કરતા ગાડીવાનના હાથમાં મૂક્યો.

'નામદાર! મારૂં ગાડી ભાડું આઠ આના જ છે. આપે આઠ આના વધુ આપ્યા છે.' આઠ આની ન્યાયાધીશને પાછી આપતાં ગાડીવાન બોલ્યો.

ન્યાયાધીશ આ સાંભળી સડક થઈ ગયા. એમને ખાત્રી થઈ ગઈ કે નોકર આઠ આના કાયમી પોતાના ખિસ્સામાં જ નાંખે છે.

બીજા દિવસે નોકર પાછો નોકરી પર આવી ગયો હતો. ન્યાયધીશનું એની સામે વર્તન પૂર્વની જેવું જ હતું. સાંજે ગાડીમાં પાછા ઘેર આવી નોકરના હાથમાં રૂપિયો મૂકતાં જણાવ્યું; 'લે ભાઈ! આઠ આના તારા અને આઠ આના ગાડીવાળાના.'

નોકરનું મુખ સફેદ પૂણી જેવું થઈ ગયું. એ તો ત્યાં ને ત્યાં જ થીજી ગયો. ન હલે કે ન ચલે. પગ ભારે થઈ ગયા. પોતાની નીચેથી એને જમીન સરકતી હોય તેવું લાગ્યું.

મમતાળુ ન્યાયાધીશ હસ્યા; 'ભાઈ! તારે જોઇએ તો આઠ આનાના બદલે રૂપિયો માગી લેવો. તું મારો વિશ્વાસુ નોકર છે. મને ખાત્રી છે કે હવે તારાથી આવી ભૂલ કદી જ નહિ થાય.'

નોકર ન્યાયધીશના પગમાં પડી ખૂબ રડ્યો. પોતાનાં કુકર્તવ્યની માફી માગી. ન્યાયાધીશે તો પહેલેથી માફી આપી જ હતી.

તે દિવસથી નોકરને પણ આઠ આના કાયમી વધુ આપવાનો એમણે નિશ્ચય કરી પોતાના ન્યાયની સફળતાને માણી.

## ૨ : અણ ઉકેલ્યો કોયડો :-

આર્થિક ભીંસમાં આવી જઈ અમૃતલાલને પોતાની બાપદાદાની ચાલી આવતી પેઢી બંધ કરવી પડી. લેણદારોનાં ટોળાં એમની આજુબાજુ હંમેશ માટે વીંટળાઈ વળતાં. પહેલાં એમની મુંબઈમાં ઘણી શાખા હતી. પણ શાખ ને ખાખ થતાં કાંઈ થોડી જ વાર લાગે છે? લક્ષ્મી દેવીએ રૂસણું લીધાં અને ભાગ્યદશા ઉપર જાણે સુદર્શન ચક્ર ભમવા માંડ્યું.

બંગલો વેચ્યો. વાડી વજીફા, મોટર, બીજી બધી જ આરામની સુખની સામગ્રી રૂપિયાની બાર આનામાં વેચાઈ ગઇ.

વિશાળ કુટુંબનો ખાધા ખર્ચો; બાળકોના અભ્યાસ; મુંબઇનું મકાન ભાડું આ બધાયને પહોંચી વળવાને અમૃતલાલ અશક્ત હતા. કોઇની સામે જઇ હાથ માંડવો એ તો એમના માટે અતિ ભયંકર હતું.

દિવસે દિવસે સ્થિતિ ખૂબ જ કફોડી આવવા લાગી. હવે એમને જીવતર ઝેર જેવું થઈ પડયું. બહુ ફાંફાં માર્યાં, પરિણામ શૂન્ય જ રહ્યું.

છેવટે તેમનું ધૈર્ય ખૂટયું, સાગરમાં ઝંપાપાત કરી જીવનનો અંત આણવાની અણીપર આવી ગયા. કુટુંબ નિરાધાર હતું. ઘરમાં અનાજ ન હતું, ઘરમાં કાયમ માટે સબંધી–સગાના બહાને જામી બેઠેલા લોકોમાંથી આજે એમની સામે કોઇ નજર કરનાર પણ ન હતુ.

આ બધી સંસારના સ્વાર્થની લીલા જ કહો ને!

અનેક વિચારોને પરિણામે અન્તે એમણે નિશ્ચય કર્યો; 'કુટુંબના આ દુઃખને નજર સામે જોવા કરતાં મૃત્યુની ઊંડી ખીણમાં ધકેલાઈ જવું એ મને વધુ ઉત્તમ લાગે છે.'

એક દિવસ; અંધારી રાત આગળ વધે જતી હતી. તે વખતે અમૃતલાલ સાગરના કિનારા પાસે આવ્યા. દિલખોલીને ખૂબ રડયા. એમનો રડવાનો અવાજ દિગન્તમાં મળી જતો હતો. કોણ હતું આશ્વાસન આપનાર? જેને 'ખમ્મા ખમ્મા' કરવાવાળા દિવસ–રાત હજારો હાજર રહેતા. એનાં વેદનાનાં આંસુ લૂંછનાર આજે કોઇ ન હતું! એ પણ સંસારમાં ભાગ્યનું ચક્ર જ છે ને?

વિધિના લેખમાં મેખ મારવાની કોઇની તાકાત નથી. થોડીવારે હૃદય હળવું કરી સમુદ્રમાં પડવાની તૈયારી કરતા હતા ત્યાં જ સામેથી અવાજ આવ્યો.

'સબૂર! સબૂર!'

અંધારી રાતે જાણે અંતરમાં પડઘા પડવા લાગ્યા. ચારે બાજુ નજર કરી. અંધારી રાતમાં બધાં જ દૃશ્યો અંધકારમય ભાસતાં હતાં. શૂન્યમાં શૂન્ય મળી જતું હતું. કોઇ દેખાયું નહિ, બીજી વખત ઝંપાપાત કરવા તૈયારી કરી.

'ભાઇ ઉતાવળ કરો નહિ! ઝંપાપાત કરવાની જરૂર તમારે શા ને?' અવાજ એકદમ નજીક આવતો સંભળાયો. અમૃતલાલનું હૈયું હચમચી ઉઠયું.

દરિદ્રાવસ્થામાં જીવવાનો હક્ક જેમ માનવ ગુમાવે છે, તેમ મરવાનો હક્ક પણ ગુમાવે છે. એવી ક્ષણિક માન્યતા એમનાં અંતરમાં ડોકાવા લાગી. પેલી આકૃતિ એકદમ નજીક આવી. માતા પોતાના વહાલસોયા પુત્રને જેટલા વહાલથી સંબોધે એટલા જ વહાલથી સામેની વ્યક્તિ બોલી;

'ભાઇ! શા માટે આવું વિવેક વગરનું કામ કરો છો?'

'વિવેક તો પૈસો ગયો ત્યારથી જ ગયો.' ઉકળતા ચરૂની માફક અંદરમાં રહેલી વરાળ ઠાલવતા હોય તેમ અમૃતલાલ બોલ્યા.

'પૈસા કાંઇ જીવન સર્વસ્વ નથી' સામેથી ઉત્તર મળ્યો.

'ભાઈ! તમારી સાથે વધુ વાતચિત કરવા માગતો નથી. તમે મને મરતાં નહિ બચાવી શકો. હું ફિલોસોફી સાંભળવા તૈયાર નથી. મને મરવા દો. બસ જીવન ઝેર છે. મરણ અમૃત છે.' અમૃતલાલ એકે શ્વાસે બોલી ઉઠયા.

'હું તમને હવે તો નહિ જ મરવા દઉં. તમારી મુંઝવણ મારી આગળ વર્ણવો. મારાથી શકય તમને સહાય કરીશ. પણ એટલુ જરૂર તમે હવે નહિ મરી શકો.'

અમૃતલાલને માથે આ શબ્દો આભ તૂટી પડયા જેવા હતા. પોતાની વીતક વાત ન છુટકે પેલી અજાણી વ્યક્તિને સંભળાવી મરવાની રજા માંગી.

'હવેથી તમારાથી મરાશે જ નહિ. લ્યો આ વીંટી. એનું નંગ આજે ઓછામાં ઓછી પાંચ હજારની કિંમતનું થશે. તે વેચી તમારૂં ગુજરાન, ધંધો ચલાવજો' આટલું બોલી પેલી વ્યક્તિ પોતાનું નામ–ઠામ જણાવ્યા વિના વિદાય થઈ ગઈ.

અમૃતલાલને ખરેખર! સ્વર્ગનું અમૃત મળી ગયું.

આજે અમૃતલાલનું કુટુંબ સામાન્યતઃ સુખી છે. ભાગ્યની બલિહારી છે કે એમની આબરૂ પણ

સારી છે. મરતાં બચાવનાર પરોપકારીને શોધવા એમણે ઘણી ઘણી જહેમત ઉઠાવી પણ એ કોયડો આજસુધી અણઉકેલ્યો જ રહ્યો છે.

વિવેકહીનપણે ઉતાવળથી દુઃખોના ભારથી કંટાળેલા તેમને આમ છૂપી રીતે ઉદારતાપૂર્વક સહાયક બનનાર પેલી વ્યક્તિએ ખરેખર અમૃતલાલને જીવન આપ્યું તેટલું નહિ પણ જીવતાં શીખવ્યું.

## ૩ : શું કહેવું ?

કોલેજમાંથી છુટી વિદ્યાર્થીઓ પોત-પોતાનાં નિવાસસ્થાન ભણી જઈ રહ્યા હતા. ટીંખળી ટોળું ધીરે ધીરે આગળ વધી રહ્યું હતું. રસ્તામાં અપંગ, અંધ ભિખારી પોતાના સાધનો લઇ ફુટપાથ પર બેઠો હતો. લોકોની દયા પર જીવનારો કાલાવાલા કરી દિવસમાં તે બે ચાર આના મેળવતો. કોલેજના વિદ્યાર્થીઓનું ટોળું ત્યાં થઇને પસાર થતાં જ એક વિદ્યાર્થીએ મશ્કરીમાં એની નાની તપેલી દૂર ફેંકી દીધી. બીજાએ કપડું, ત્રીજાએ ગોદડી, ચોથાએ લાકડી, આમ નિરાધાર ભિખારીની દશા ખરાબ કરી નાંખી.

ભારતના ભાવી સ્થંભો સામે ત્યાંથી જતા આવતા કેટલાયે સજ્જનો નિશ્વાસ નાંખવા લાગ્યા. કૃતજ્ઞતા, દયા, દાક્ષિણ્ય, સુજનતા વિહોણી આ સેના ભવિષ્યમાં કેવું લીલું કરશે એ કહેવું ઘણું જ અસ્થાને હતું.

ટોળું પોતાનું કામ પતાવી આગળ વધ્યું.

થોડે જ દૂર જતાં એક 'યુવતી'ની સાઇકલ બીજા સાઈકલીસ્ટ સાથે અથડાણી. યુવતીની ચોપડીઓ દૂરદૂર ફંગોળાઈ ગઈ. પેલું દયાના અવતાર સમું યુવકટોળું આ દયાના અવસરને ચૂકે ખરૂં ?

દરેક દરેક વિદ્યાર્થી કામે લાગી ગયો. દૂર દૂર ગયેલી ચોપડીઓ શોધી શોધીને યુવતીની સામે રજૂ કરી. સાઇકલ ખંખેરી સીધી કરી આપી.

'આજના લોકોને ચાલતાં જ કયાં આવડે છે ? જેની તેની સાથે ટકરાઇ જાય. સભ્યતા, શિષ્ટતા જેવી ચીજ જ આજના જમાનામાં રહી નથી. લોકો કેટલા બેવકૂફ બનતા જાય છે' આ હતા એક યુવકના શબ્દો.

યુવતીના 'આભાર' શબ્દની રાહ જોતા દરેક યુવકો એની સામે જોઇ રહ્યા હતા. પણ યુવતી કંઈજ બોલ્યા વિના ઝપાટાબંધ રવાના થઈ ગઇ.

યુવકો તેના માર્ગને નીહાળી રહ્યા.

એક જ વ્યક્તિની બન્ને બાજુ નિહાળનાર માણસો વિચારમાં પડી ગયા ! ભિખારીની ક્રૂરતાપૂર્વક હાંસી કરનારા આ કોલેજીયન યુવકો, પેલી યુવતી પ્રત્યે આરીતનો વ્યવહાર કરતા હતા, તેને શું કહેવું ?

સભ્યતા, ખેલદિલી કે પેલી યુવતિ પ્રત્યેનું વિલાસી આકર્ષણ ?


## શુભ સંદેશ

મીનાકારી યંત્રો-સૂરિમંત્ર, વર્ધમાન વિદ્યા, સિદ્ધચક્ર મહાયંત્ર, ઋષીમંડલ યંત્ર, મંત્ર તંત્ર યુક્ત પાર્શ્વનાથ વગેરે દરેક જાતના યંત્રો તથા મીનાકારી ફોટાઓ,

**તેમજ**

માંગલિક શુભ પ્રસંગે પ્રભાવના કરવા લાયક તેમજ પૂ. મુનિ મહારાજોને તથા ભાઇ બહેનોને પ્રવાસમાં દર્શન કરવા માટે દરેક ધાર્મિક ફોટાઓ સુંદર ફેન્સી બોક્ષમાં તેમજ પ્લાસ્ટીકની ડબીઓમાં,

બોકસ એક નંગના **રૂા. ૩-૫૦**
પ્લાસ્ટીકની ડબી ૨½×૨½ સાઇઝ
એક નંગના **રૂા. ૧-૫૦**

**તેમજ**

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, શ્રી આદીશ્વરજી શત્રુંજયગિરિવર, શ્રી નેમનાથ ભગવન ગિરનારજી
ઉપરના ત્રણે ફોટા એક જ ડબી કે બોકસમાં મળી શકે છે.

બનાવનારઃ—**ભાઇચંદ બી. મહેતા જૈન**
દીવાનપરા નં. ૧, પારેખ કુંજ, **રાજકોટ.**

**મુંબઇમાં—**
**મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**
ગોડીજીની ચાલ, કીકા સ્ટ્રીટ **મુંબઇ-૨.**

# નવા સભ્યોની શુભનામાવલી

'કલ્યાણ' પ્રત્યે આત્મીયભાવથી પ્રેરાઇને જેઓએ સભ્યો તરીકે નામ નોંધાવીને તથા ભેટ મોકલીને કલ્યાણને આર્થિક સહકાર આપેલ છે, તેમજ તે માટે જે પૂ. મુનિવરો તથા પૂ. સાધ્વીજી મહારાજે તથા માનદ પ્રચારકોએ પ્રેરણા કરી છે, તે બધાયના આભારપૂર્વક સહકાર આપનાર મહાનુભાવોની શુભ નામાવલી અત્રે પ્રસિદ્ધ કરીએ છીએ

૧૦૧) શ્રી નરભેરામ પાનાચંદભાઈ મહેતા કલકત્તા. શ્રી મણિલાલ વી. શેઠની શુભ પ્રેરણાથી ભેટ

૧૦૧) શ્રી નરભેરામ પાનાચંદભાઈ મહેતા કલકત્તા. શ્રી મણિલાલ વી. શેઠની શુભ પ્રેરણાથી આજીવન સભ્ય.

૨૫) શ્રી નાથાલાલ મોહનલાલ સુ. નગર શ્રી બાપાલાલ મનસુખલાલ [સુ નગર] ની શુભ પ્રેરણાથી ભેટ.

૨૫) પૂ. સાધ્વીજી શ્રી જયાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સાધ્વીજી શ્રી લાવણ્યશ્રીજી મ. ની શુભ પ્રેરણાથી હ. એક સદ્‌ગૃહસ્થ

૨૫) શ્રી મોહનલાલ અચલચંદ મુંબઈ શ્રી સેવંતીલાલ વી. જૈનની શુભ પ્રેરણાથી

૧૧) શ્રી શશીકાંત મોતીલાલ જયસીંગપુર શ્રી ચમનલાલ રતનચંદ સાંડસાની શુભ પ્રેરણાથી

૧૧) શ્રી પાંચારીઆભાઈ હીરજીભાઇ મુંબઈ શ્રી ખેતસીભાઈ પોપટલાલ (મુંબઈ) ની શુભ પ્રેરણાથી

શ્રી ચંપકલાલ કેશવલાલ [મુંબઈ] ની શુભ પ્રેરણાથી થયેલા નવ સભ્યો

૧૧) શ્રી અમૃતલાલ જેકીશનદાસ સુરત
૧૧) શ્રી મહાસુખલાલ પુનમચંદ કલકત્તા
૧૧) શ્રી પ્રતાપભાઇ કેશવલાલ મુંબઈ
૧૧) શ્રી એન. જે. શેઠ "
૧૧) શ્રી મહેન્દ્રકુમાર ચમનલાલ "
૧૧) શ્રી રમણલાલ મફતલાલ "
૧૧) શ્રી નલીનકાંત ચીમનલાલ "
૧૧) શ્રી સેવંતિલાલ રતિલાલ મુંબઈ
૧૧) શ્રી ભોગીલાલ રામચંદ "
૧૧) શ્રી ધરમચંદ દીપચંદ અમદાવાદ
૧૧) શ્રી વર્ધમાન કલ્યાણજી ભદ્રેશ્વરતીર્થ
૧૧) શ્રી અંબાલાલ મગનલાલ વાંકલ
૧૧) શ્રી ઊંઝા ફાર્મસી ઊંઝા
૧૧) શ્રી ડી. ડી. વખારીઆ મુંબઈ

શ્રી રસિકલાલ રામચંદ [અમદાવાદ] ની શુભ પ્રેરણાથી થયેલા સાત સભ્યો.

૧૧) શ્રી ચંદ્રકાંત ગુલાબચંદ અમદાવાદ
૧૧) શ્રી ભગવતી ઘી ભંડાર "
૧૧) શ્રી વાઘજીભાઈ મોહનલાલ "
૧૧) શ્રી અમૃતલાલ મેઘજીભાઈ વડાવલી
૧૧) શ્રી વાડીલાલ સોભાગ્યચંદ ગણેશપુરા
૧૧) શ્રી ખુબચંદ ભુખણભાઈ અમદાવાદ
૧૧) શ્રી ધનજીભાઇ કાનજીભાઈ "

શ્રી રતીલાલ હ. શાહ [મુંબઈ] ની શુભ પ્રેરણાથી થયેલા ચાર સભ્યો.

૧૧) શ્રી પીનલકુમાર મુંબઈ
૧૧) શ્રી વિનોદચંદ્ર શિવલાલ "
૧૧) શ્રી શાંતિલાલ છોટાલાલ "
૧૧) શ્રી અંબાલાલ તારાચંદ "
૧૧) શ્રી અમૃતલાલ મોહનલાલ અમદાવાદ
૧૧) શ્રી ચંદુલાલ ડી. શાહ "
૧૧) શ્રી છોટાલાલ નરસીંહદાસ બારડોલી શ્રી નગીનદાસ ઝવેરચંદ કાપડીયા [બારડોલી] ની શુભ પ્રેરણાથી.

શ્રી છગનલાલ યુ. શાહ (વાપી)ની શુભ પ્રેરણાથી થયેલા બે સભ્યો.

૧૧) શ્રી શાંતિલાલ કસ્તુરચંદ વાપી
૧૧) શ્રી અમૃતલાલ લલ્લુજી કોપરલી

૧૧) શ્રી અનુભાઈ બાલાભાઈ અમદાવાદ શ્રી મયાભાઈ મોહનલાલ (અમદાવાદ) ની શુભ પ્રેરણાથી

૧૧) શ્રી અમૃતલાલ અમથાલાલ કાટડીયા

શ્રી પ્રવીણકુમાર કે. ધરોડ હૈદ્રાબાદની શુભ પ્રેરણાથી થયેલા પાંચ સભ્યો

૧૧) શ્રી શિવજી વીરજી હુંડેકાર હૈદ્રાબાદ
૧૧) શ્રી ચંદ્રકાંત શિવલાલ કપાસી ,,
૧૧) શ્રી હેમરાજ પુનસી ડબ્બાવાળા ,,
૧૧) શ્રી વેલજીભાઈ મેઘજીભાઇ ,,
૧૧) શ્રી જીવરાજ એમ. દંડ ,,

શ્રી પ્રાણલાલ દેવશીભાઈ [મુંબઈ] ની શુભ પ્રેરણાથી થયેલા પાંચ સભ્યો

૧૧) શ્રી રમણિકલાલ જે. વીરા મુંબઈ
૧૧) શ્રી રજનીકાંત રતિલાલ ,,
૧૧) શ્રી તેજસી પાસુ જૈન ,,
૧૧) શ્રી મોહનલાલ વીસનજી જૈન ,,
૧૧) શ્રી નાગજીભાઈ હંસરાજ જૈન ,,

શ્રી નગીનદાસ જે. વાવડીકર [મુંબઈ] ની શુભ પ્રેરણાથી થયેલા ચાર સભ્યો.

૧૧) શ્રી જે. એસ. કોઠારી મુંબઈ
૧૧) શ્રી હસ્તીમલ ભુતાજી ,,
૧૧) શ્રી હીમતલાલ પુખરાજજી ,,
૧૧) શ્રી માનમલ ચેનમલજી એન્ડ કું. ,,

શ્રી માણેકચંદ ડાયાભાઈ [સુરત] ની શુભ પ્રેરણાથી થયેલા ત્રણ સભ્યો

૧૧) શ્રી જયંતિલાલ હજારીમલ સુરત
૧૧) શ્રી ઈન્દ્રજીત બાબુલાલ ,,
૧૧) શ્રી ઈન્દ્રજીત મણીલાલ ,,
૧૧) શ્રી મફતલાલ ભુખનદાસ [થરાદવાળા] આહોર પૂ. મુનિરાજ શ્રી ચંદ્રપ્રભવિજયજી મ. ની શુભ પ્રેરણાથી

શ્રી અમૃતલાલ એચ. દોશી [વાવ] ની શુભ પ્રેરણાથી થયેલા ત્રણ સભ્યો

૧૧) શ્રી કીર્તિલાલ રાશંગભાઈ ઢીમા
૧૧) શ્રી હરખચંદ ભુખનદાસ વાવ
૧૧) શ્રી શાંતીલાલ પરખચંદ ,,

૧૧) શ્રી સુગનચંદ સુખરાજ પાથરડી શ્રી બાબુલાલ રેવચંદ (પૂના) ની શુભ પ્રેરણાથી
૧૧) શ્રી જૈન નવ યુવક મંડળ પટના સીટી
૧૧) શ્રી રમણલાલ પીતામ્બર વડોદરા
૧૧) શ્રી અચલચંદ વીરચંદજી ભંદર શ્રી રમણીકલાલ મણીલાલ [મુંબઈ] ની શુભ પ્રેરણાથી
૧૧) શ્રી કેશવલાલ ધારશીભાઈ સુ. નગર શ્રી નવિનચંદ્ર રતીલાલ (વ. સીટી) ની શુભ પ્રેરણાથી
૧૧) શ્રી સવાઈલાલ કે. શાહ જે. પી. કલકત્તા પૂ. મુનિરાજ શ્રી સૂર્યોદયવિજયજી મ.ની શુભ પ્રેરણાથી
૧૧) શ્રી કેશવજી નરશીભાઈ મુંબઈ
૧૧) શ્રી મણીબેન દેવજી તેજપાળ. ભુજ પૂ. સાધ્વીજી શ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મ. ની શુભ પ્રેરણાથી
૧૧) શ્રી કનકમલજી નથમલજી મહેતા ગોવીંદગઢ પૂ. મુનિરાજ શ્રી ભદ્રગુપ્તવિજયજી મ. ની શુભ પ્રેરણાથી

શ્રી સ્વબળ એજન્સી [મુંબઈ] ની શુભ પ્રેરણાથી થયેલા ત્રણ સભ્યો

૧૧) શ્રી ગુડલક સ્ટોર્સ મુંબઈ
૧૧) શ્રી કુંવરજી ડોસાભાઈ ,,
૧૧) શ્રી દેવજી ખીમજી ,,
૧૧) શ્રી ભોગીલાલ ભીખાચંદ પાટણ શ્રી લલિતકુમાર વી. શાહની શુભ પ્રેરણાથી.
૧૧) શ્રી જયંતિલાલ મયાચંદ નવસારી શ્રી જયંતિલાલ ગાંડાલાલ [નવસારી] ની શુભ પ્રેરણાથી

૨૫) દેસુરી જૈન સંઘ. શ્રી ઉપધાન તપ નિમિત્તે ભેટ. પૂ. સાધ્વીજી શ્રી કીર્તિપ્રભાશ્રીજી, તથા પૂ. સા. શ્રી સૂર્યમાલાશ્રીજીની શુભ પ્રેરણાથી.

૧૧) ભાભાના પાડાનો જૈન ઉપાશ્રય. પૂ. આ. મ. શ્રી કનકવિમળ સૂરીશ્વરજી મ. ની આચાર્ય પદવી નિમિત્તે ભેટ.

# અહિંસા પરમો ધર્મ

આજથી 'કલ્યાણ' ના વિશાલ વાચકોની દુનિયા સમક્ષ નવો વિભાગ ઉઘડે છે. ભારતમાં ઠેર-ઠેર કોંગ્રેસી રાજ્યમાં જે રીતે જીવહિંસા વધતી જ રહી છે, ને સત્તા પર રહેલાઓ જીવદયાની લાગણી ધરાવનાર પ્રજાનું સાંભળવા તથા સમજવા માટે જે રીતે કાન તથા શાન ગૂમાવીને બેઠેલ છે, તેમને સંભળાવવા તથા જીવદયા પ્રેમી જનતાને જાગૃતિનો સૂર આપવા આ વિભાગ મુંબઇ નિવાસી જીવદયાપ્રેમી **શ્રી ગુલાબચંદ ગફલભાઇ**ની શુભ પ્રેરણા અને સહકારથી ઉઘડી રહ્યો છે. સહુ જીવદયા પ્રેમીઓ, તમે તમારી લાગણી તથા અંતરના અવાજને અત્રે જરૂર રજૂ કરશો! જીવદયા વિષેના તમારા લેખો, વિચારો તેમજ વર્તમાનમાં દેવનાર કતલખાનાની યોજના જેવા જીવહિંસાના ઘૃણાત્મક કાર્યો માટે પ્રચંડ વિરોધ વ્યકત કરવા સાબદા થજો! આ વિભાગ માટેનું લખાણ સંપાદક 'અહિંસા પરમોધર્મ' C/o. કલ્યાણ પ્રકાશન મંદિર • વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર) એ સીરનામે રવાના કરવું. સં૦

## જરા કાન ઉઘાડા રાખજો!

કોંગ્રેસ સરકારને સત્તાપર આવે આજે ૧૭-૧૭ વર્ષના વ્હાણાં વીતી ગયા; કલ્યાણ રાજ્યના ઓઠા તળે એ સરકારે પ્રજાને શું આપ્યું? ઠેર-ઠેર માંસાહારનો પ્રચાર, ઇંડા, માછલા તથા માંસની જુદી-જુદી વાનગીઓના ખોરાકોનો પ્રચાર કરવાનો ધૂમ વ્યવસાય: અધૂરામાં પૂરૂં 'દેવનાર કતલખાના' દ્વારા લાખ્ખો નિર્દોષ, અશરણ પશુઓના વિનાશ માટેની ખતરનાક યોજના, શહેરો તથા ગામડાઓમાં કૂતરા, વાનર, હરણ, રોજ, ઉંદર, તીડ વગેરે અનાથ પ્રાણીઓના સંહારનો ધીકતો ધંધો; આ બધું કોંગ્રેસી તંત્રમાં ધમધોકાર વધી રહ્યું છે. છે કોઈ આમને પૂછનાર?

**વ**ધતી વસતિના બ્હાને માંસાહારનો પ્રચાર કરનારા આ બધા બુદ્ધિને ગીરવે મૂકીને સૂફીયાણી વાતો કરનારાઓને અમે પૂછીએ છીએ કે, વસતિ વધે છે, તો શું અન્નનું ઉત્પાદન કરવાની તમારા કાંડામાંની તાકાત ખૂટી પડી છે? પરદેશમાં લાખ્ખો-ક્રોડો ટન માછલાઓને રવાના કરો છો? તે શું વધતી વસતિ માટે? અન્નાહાર કરનારને જે જમીન જોઈએ છે, વનસ્પત્યાહાર કરનારને જે જમીનનું રોકાણ કરવું પડે છે, તે કરતાં માંસાહાર કરનારને છગણી જમીન જોઈએ છે, એ હકીકત અમેરિકાના ખેતીવાડી ખાતાના નિષ્ણાતોએ કબૂલી છે, તે સામે આંખ આડા કાન શા માટે કરો છો? ભારતમાં શું જમીન ઓછી છે? આથી પણ હજુ ચારગણી વસતિ વધે તો યે જમીનની ખેંચ ન પડે તેવું છે, એ નક્કર હકીકતને શા માટે નકારો છો? પરદેશથી મશીનરી આયાત કરવી છે, ને ભારતમાંથી રોકડીયો પાક પરદેશ ચઢાવીને હુંડીયામણ કમાવવાના બ્હાને ખેડુતોને આકર્ષી અન્નના ઉત્પાદનથી શા માટે વિમુખ રાખવામાં આવે છે? આનો સાચો જવાબ આજના કોંગ્રેસી તંત્રવાહકો પાસે છે?

**મો**રારજીભાઈએ હમણાં અમદાવાદ ખાતે જણાવેલ કે, '૮૦ ટકા વસતિ માંસાહારી છે, માટે માંસાહાર બંધ ન કરાય' પણ 'માંસાહાર બંધ ન કરાય' તેમ કહીને તમે ધમધોકાર માંસાહારનો પ્રચાર ગૂજરાત-સૌરાષ્ટ્ર જેવા પ્રદેશમાં કે જ્યાં માંસાહાર નહિ કરનારની ૮૦ ટકા વસતિ છે, ત્યાં શું કામ કરો છો? તેની હદમાં આવેલ મુંબઈ જેવા પંચરંગી શહેરની નજીક દેવનાર ખાતે લાખ્ખો બિચારા મૂંગા જીવોના વિનાશની યોજના શું કામ વિકસાવો

છો? પ્રભાસપાટણ જેવા હિંદુઓના પવિત્ર ધામ નજીક માછલાઓને મારવાની 'કોલ્ડ સ્ટોર' યોજના શું કામ કરો છો? શું સૌરાષ્ટ્રમાં માંસાહારીઓની બહુમતિ છે કે અલ્પમતિ? જરા, છાતી પર હાથ મૂકીને મોરારજીભાઈ જવાબ આપશો?

ગૂજરાતના શહેરોમાં ઠામ-ઠામ કૂતરાઓને સેંકડો-હજારોની સંખ્યામાં મારી નાંખો છો તે સત્તાનો ભયંકર દુરૂપયોગ નહિ તો બીજું શું? જે કૂતરાઓ અનેક રીતે ઉપયોગી છે. ગૂજરાત રાજ્યની હદમાં આવેલા રાજસ્થાન પ્રદેશના જયપુર ખાતે નવેંબર-૬૩ માં મળેલા કોંગ્રેસ મહાસમિતિના ત્રણ દિવસના અધિવેશનમાં ૪૭૭૦ રતલ માંસ રાંધવામાં આવ્યું. ૫૨૦૦૦ ઈંડાઓનું ભોજન કરવામાં આવ્યું, ને ૩૦૦ ઉપરાંત ઘેટાઓને મારવામાં આવ્યા એ શું બહુમતિના નામે હતું કે? રાજસ્થાનમાં કે ગૂજરાતમાં માંસાહારી પ્રજાની બહુમતિ છે એમ શું મોરારજીભાઈ કહી શકશે કે? કેવલ જીભના સ્વાદની ખાતર જીવદયાની ભલી લાગણી ધરાવનાર પ્રજા પર સત્તાના નામે અત્યાચાર કરવો તેમાં કયું ડહાપણ છે? મોરારજીભાઈ! દારૂ પીવામાં ૮૦ ટકા મુંબઈ રાજ્યની વસતિ ડૂબેલી હતી, ખુદ પોલીસો પણ દારૂ પીતા હતા, છતાં તમે તે રાજ્યના પ્રધાન તરીકે દારૂબંધી કરાવી હતી કે નહિ? ત્યાં બહુમતિ કે અલ્પમતિનો પ્રશ્ન આડે આવ્યો હતો? ધાર્મિક નહિ પણ વ્યાવહારિક દૃષ્ટિયે પણ માંસાહાર અનિષ્ટ બદી છે, મુંબઈના આંગણે હમણાં મળી ગયેલા વનસ્પત્યાહાર સંમેલનમાં યૂરોપના વિચક્ષણ સ્ત્રી-પુરૂષોએ તાજેતરમાં જાહેરમાં એ એકરાર કર્યો છે, એ શું ભૂલી જાવ છો?

ગૂજરાતમાં માછલાઓને મારીને તેના ખાતર કરી ગાય-ભેંસને ખવડાવવાની ને તે દુધ-ઘી-દહિં ગૂજરાતની જીવદયા પ્રેમી જનતાને ખવડાવવાની યોજના એ સત્તાનો માંસાહાર પ્રચારનો ને જીવદયાની કોમળ લાગણી પ્રજાનાં માનસ પર જે રહી છે, તે ભૂંસી નાંખવા માટેનો પેંતરો કે બીજું કાંઈ? ગૂજરાત રાજ્યમાં વડોદરા જેવા શહેરમાં મહિલા કોલેજોમાં હોમસાયન્સના નામે ગૂજરાતની જીવહિંસા પ્રત્યે ઘૃણા ધરાવનારી બેનોને માંસાહારની વાનગીઓ રાંધવાનું ફરજીયાત શિક્ષણ આપતી સરકારનો જીવદયાપ્રેમી પ્રત્યેનો અત્યાચાર જ છે ને?

ભારતની ફક્ત ૫ થી ૬ ક્રોડની મુસ્લીમ કોમની અલ્પમતિ પ્રજાને વશ થઈને, ભારતના બે ભાગલા પાડયા; પાકીસ્તાનને જન્મ આપ્યો, ત્યાં બહુમતિ કે અલ્પમતિની વાત આડે ન આવી. ને દેવનારના કતલખાના જેવી ક્રૂર સંહારક યોજનાને હાથ ધરવા માટે માંસાહારી પ્રજાની બહુમતિ તમારી વહારે ધાઈ, આ કેવો ન્યાય? જે ગૂજરાત, રાજસ્થાન, સૌરાષ્ટ્ર. તેમજ મહારાષ્ટ્રની ક્રોડોની પ્રજા જીવહિંસા-માંસાહાર તથા કતલખાનાની યોજનાને ઘૃણાની નજરે જૂએ છે. જેનાં હૈયામાં જીવદયા જન્મજાત સંસ્કારથી વણાઈ ચૂકી છે, તે પ્રજા ભલે અલ્પમતિમાં હોય તેથી શું? તેની લાગણીને હુકરાવવાનો તમને અધિકાર છે? આ અધિકાર તમને કોણે આપ્યો?

તાજેતરમાં મુંબઈના આંગણે ભરાઈ ગયેલ 'વનસ્પત્યાહાર સમેલન' માં આવેલા યૂરોપના ડાહ્યા ગણાતા માણસોએ જે વિચારો વ્યક્ત કર્યા છે, તેને જાણવા-સમજવા ને વિચારવા અમે ફરી-ફરી ભારતના હિંસક યોજનાઓના ઘડવૈયા તથા માંસાહારના પ્રચારમાં ભારતને કલ્યાણ રાજ્ય બનાવવાના દિવાસ્વપ્નામાં રાચનારા માંધાતાઓને અપીલ કરીએ છીએ કે, 'જરા કાન ઉઘાડા રાખજો!'

—શ્રી વિશ્વમંગલ.

# નેશનલ વેજીટેરીયન કન્વેન્શન: કેટલુંક જાણવા જેવું

મુંબઈ ખાતે જાન્યુ૦ ની ૮ મી થી ૧૦ મી સુધી ૩ દિવસ માટે ઉપરોકત સંમેલન કે જેને ગુજરાતીમાં 'નિરામિષભોજી જન સંમેલન' કહી શકાય. તેનું સર્વ પ્રથમ અધિવેશન ભરવામાં આવેલ. જેમાં યૂરોપના લગભગ ૧૬ જેટલા યુવક-યુવતીઓ કે જેઓ જીવનભરને માટે નિરામિષ ભોજી-વનસ્પત્યાહારી છે. તેમણે હાજરી આપી હતી. ભારતના નામાંકિત ગણાતા આગેવાનો પણ આ સંમેલનમાં હાજર રહેલ. જેમાં ૧૦ ઠરાવો થયા છે. તેમાં મુખ્યત્વે માંસાહારનો વધતો જતો પ્રચાર જે રીતે ભારતમાં જોવામાં આવે છે, મુંગા જીવોની જે ક્રૂરપણે હિંસા થઈ રહી છે, તથા માંસાહારી ભોજનો તથા વનસ્પત્યાહારીના ભોજનની જાહેર સંસ્થાઓમાં જુદી-જુદી વ્યવસ્થા નથી થતી તે માટે વગેરેને અનુલક્ષીને ૧૦ ઠરાવો થયા હતા.

આ સંમેલનમાં માંસાહાર, સંસ્કૃતિ વિરોધી તથા માનવતા વિરોધી અને કેવલ યુદ્ધ તરફ માનવસમાજને દોરી જનારો ખોરાક છે, ને લાખો વર્ષથી સંસ્કૃતિ, જીવદયા તથા કરુણાના વાતાવરણમાં જીવતા ભારતવર્ષમાં આજે જે રીતે હિંસાવાદ ફાલી રહ્યો છે, કોંગ્રેસ જેવી સત્તા તે હિંસાવાદને વધુને વધુ વિકસાવી જે રીતે ભારતમાં માંસાહારનો પ્રચાર વિસ્તારી રહી છે, તેનો વિરોધ થયો હતો.

સંમેલનમાં યૂરોપથી આવેલા પ્રતિનિધિઓએ ભારતના મુખ્ય-મુખ્ય શહેરોની મુલાકાત લઈને ભારતમાં જે રીતે માંસાહાર તરફ જનતા ઢળી રહી છે, તે માટે પોતાની નાપસંદગી દર્શાવી હતી. આ યૂરોપીયન ભાઈ-બ્હેનોમાં ૭ બ્હેનો છે; ને ૯ ભાઈઓ છે. ૧૯ વર્ષથી માંડી ૩૩ વર્ષ સુધીના આ ભાઈ બ્હેનો ઇંગ્લેંડ, જર્મની, સ્વીડન, ડેન્માર્ક ઈ૦ દેશોના સુશિક્ષિત તથા સારા વિદ્વાન તેમજ વિચક્ષણ છે. તેમના વિચારો મનનીય તેમજ ગંભીર છે. વર્ષોથી જીવદયામાં રસ ધરાવતી સંસ્કૃતિપ્રેમી ભારતની પ્રજાની વર્તમાન પરિસ્થિતિ તેમની દૃષ્ટિયે શરમજનક બની રહી છે. માનવને સાત્વિક તથા શકિતશાળી બનાવવામાં નિરામિષ ભોજનનો જ મહત્વનો ફાળો છે, તેમ તેઓ માને છે.

ખૂબીની વાત એ છે કે, ભારતના નવયુવાનો કે જેને વારસાગત સંસ્કારો નિરામિષ ભોજન-વેજીટેરીયન આહારના મલ્યા છે, ને લોકો કેવલ શોખ-મોજ તથા ટેસ્ટની ખાતર માંસાહારની વાનગીઓ આજે ખાવા લલચાઈ રહ્યા છે, ને ખાઈ રહ્યા છે. જ્યારે યૂરોપમાં જર્મન, ઇંગ્લેંડ, ડેનમાર્ક, સ્વીડન જેવા દેશોમાં રહેનારા સુશિક્ષિત, કેળવણીના ક્ષેત્રે આગળ વધીને ડીગ્રીઓ ધરાવનારા ૧૯ થી ૩૩ વર્ષ સુધીના આ બધા નવયુવાનો તથા નવયુવતીઓ વેજીટેરીયન-નિરામિષ આહાર કરી રહ્યા છે, ને તેના ઉત્તેજન માટે પશ્ચિમના દેશોમાંથી ભારતમાં આવી આટ-આટલો અથાગ પરિશ્રમ સેવી રહ્યા છે; તે જેમ તેમને માટે ગૌરવરૂપ છે, તે રીતે ખરેખર આપણા માટે આજે જે રીતે કોંગ્રેસી તંત્રવાહકો ભારતમાં માંસાહારનો, ઈંડા-માછલાની ધૂમ હિંસાનો તથા દેડકાના પગની વાનગીઓનો જે પ્રચાર કરી રહ્યા છે, તે કારણે ભારતને જરૂર શરમાવું પડે છે.

સંમેલનને અંગે 'મુંબઈ સમાચાર' જેવા દૈનિક પત્રે લખેલ અગ્રલેખ જરૂર વિચારવા જેવો છે. તેજ રીતે મુંબઈના સુપ્રસિદ્ધ અંગ્રેજી દૈનિક 'સન્ડે સ્ટાન્ડર્ડ'નો લેખ પણ ખૂબ જ ઉંડો તથા નિરામિષઆહારી લોકોને પ્રેરક બની શકે તેવો છે. વસતિ વધારાના નામે તેમજ જમીનની તંગીના નામે જે લોકો માંસાહારને ઉત્તેજન આપી રહ્યા છે, તે લોકોને એ લેખ લપડાક મારે છે, તે સ્પષ્ટતા પૂર્વક જણાવે છે કે, 'જો જગત શાકાહારી વનસ્પત્યાહારી બની જાય તો વસતિ વધારાના કારણે ઉભો થતો પ્રશ્ન જરૂર ઉકેલી શકાય !'

કૂતરાઓને મારવાની જે પ્રવૃત્તિઓ

ચોમેર ધમધોકાર ચાલે છે, તેને અંગે જ્યારે આપણે જાણીએ છીએ કે, કૂતરા જેવા નિમક-હલાલ, ચકોર તથા ઉપયોગી પ્રાણીઓને યૂરોપમાં સાચવીને તેમને જીવિતદાન દેનારા છે, તેમજ પોલીસખાતામાં કૂતરા તો ગુન્હા શોધક પોલીસ તરીકેનું ઉમદા કાર્ય કરે છે. ફ્રન્ટીયર ટ્રેનના તાજેતરમાં દાહોદ–ગોધરા વચ્ચે થયેલા અકસ્માતના ગુન્હેગારોને પકડી પાડવામાં જ્યારે પોલીસ ખાતું નિષ્ફળ બન્યું, ત્યારે કૂતરાએજ તે ગુન્હેગારોને પકડી પાડવામાં સફળતા મેળવી હતી. આવા ઉપયોગી તથા વફાદાર પ્રાણીઓની હત્યા કરવા માટે ભારતના ભાન ભૂલેલાઓ સત્તાના માદકનશામાં બેભાન બની તૈયાર થાય છે, એ ખરેખર કમનશીબ ઘટના કહેવાય.

તદુપરાંત: દેવનાર કતલખાના અંગે આ યૂરોપીયન લોકો પણ શકય કરવા જ્યારે લાગણી ધરાવે છે. તો આપણે બધાયે સંગઠિત થઈને ભોગ આપવો પડે તો તન, મન, તથા ધનનો ભોગ આપીને પણ અરે! છેવટે ત્યાં કતલખાના આગળ સત્યાગ્રહ કરીને પણ એ યોજનાને બંધ કરાવવી જ જોઈએ. માંસાહાર કરનારાઓ માટે કતલખાનાની આ ગોઝારી યોજના નથી હાથ ધરાઇ, પણ કેવલ પરદેશી હુંડીયામણ પેદા કરવાના જ કેવલ આશયથી આ પાપી યોજના સરકાર હાથ ધરી રહી છે, તે હકીકત છે. માટે જ અમારી મુંબઈ ખાતે બિરાજમાન પૂ. પાદ આચાર્યાદિ શ્રમણ ભગવંતોને નમ્ર વિનંતિ છે કે, દેવનાર કતલખાનાની યોજના જે રીતે આકાર લઈ રહી છે, તે સામે આપ સહુ એક જ પ્લેટફોર્મ પર બિરાજીને મુંબઈની જીવદયાપ્રેમી પ્રજાને જાગ્રત રાખો, તે યોજનાને પડકારવા તથા આંદોલન ઉપાડવા તૈયાર કરો, આ આપનું ધર્મકર્તવ્ય છે, તેમ વિનીતભાવે અમે આપને નિવેદિત કરીએ છીએ.

એકેએક જીવદયાપ્રેમી ભારતમાતાનો સપૂત આ યોજનાની સામે પોતાના શરીરની નસમાં લોહી વહેતું હોય ત્યાં સુધી પડકાર કરે, અવસરે સત્યાગ્રહ કરીને પણ આ યોજનાની સામે આંદોલન ઉભું કરે, તે સિવાય તે ઝંપીને બેસે નહિ. પૂ. પાદ સૂરિભગવંતો, પૂ. ઉપા. તથા પૂ. પં. ભગવંતો અને પૂ. શ્રમણ–શ્રમણીવર્ગ આ માટે શકય સઘળું કરવા જનતાને દોરવણી આપે, તેવી અમારી નમ્ર અપીલ છે.

આશા છે કે આનો જવાબ અમને જીવદયા પ્રેમીઓ સંતોષજનક વાળશે.

**શ્રી મેઘદૂત.**

# વેજીટેરીયન સંમેલનના ઠરાવો

વેજીટેરીયન સંમેલને કરેલા ઠરાવો અમે નીચે મુજબ રજૂ કરીએ છીએ. આ ઠરાવોમાં કે સંમેલનમાં જ્યાં જ્યાં 'શાકાહાર' શબ્દ આવે તેનો અર્થ વેજીટેરીયન ખોરાક–નિરામિષ આહાર અથવા માંસરહિત ખોરાક સમજવો.

## કન્વેન્શનના ઠરાવો

**ધી** ઇન્ડિયન વેજીટેરિયન કોંગ્રેસ, ધી બોમ્બે હ્યુમેનિટેરિયન લીગ, ધી ઓલ ઇન્ડિયા એનીમલ વેલફેર એસોસિએશન તથા ધી બોમ્બે વેજીટેરિયન સોસાયટીના ઉપક્રમે તા. ૮ મી જાન્યુઆરીથી તા. ૧૦ મી જાન્યુઆરી સુધીના દિવસો દરમિયાન સર્વ પ્રથમ યોજવામાં આવેલ એવા નેશનલ વેજીટેરિયન કન્વેન્શનમાં પસાર કરવામાં આવેલા ઠરાવો નીચે મુજબ છે.

(૧) રાષ્ટ્ર અને તેના નાગરિકોના આરોગ્ય, ઉત્કર્ષ અને નૈતિક સ્વાસ્થ્યની રક્ષા ખાતર શિક્ષણ અને સમજાવટ દ્વારા શાકાહારી જીવનપદ્ધતિ અખત્યાર કરવા અમો સર્વ કોઈને ભલામણ કરીએ છીએ.

(૨) આજની ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓમાં હોમ સાયન્સ (ગૃહવિજ્ઞાન) અને એવા બીજા વિષયોનું શિક્ષણપ્રદાન કરતાં બીનશાકાહારી ખોરાક તૈયાર કરવા માટે

શાકાહારી વિદ્યાર્થીઓને ફરજ પાડવામાં આવે છે. આ તેમના દિલને સ્વાભાવિક રીતે ખૂબ જ દુભાવે છે અને નૈતિક પ્રશ્નો અંગે પોતાને યોગ્ય લાગે તે મુજબ વર્તવાનું માનવીમાત્રને સ્વાતંત્ર્ય હોવું જોઈએ તે સ્વાતંત્ર્ય આથી ઝૂંટવી લેવામાં આવે છે. આવું શિક્ષણવિષયક ફરજિયાતપણું નાબૂદ કરવા માટે મધ્યસ્થ તેમ જ પ્રાદેશિક સરકારોને અમે વિનંતિ કરીએ છીએ.

(૩) જ્યાં દિવસના વચગાળે ભોજન આપવામાં આવતું હોય, તેવી શૈક્ષણિક સંસ્થાઓમાં, રેસ્કયુ-હોમમાં, જેલોમાં અને એવી બીજી સંસ્થાઓમાં જે ખોરાક સર્વ લોકોને એકસરખો ગ્રાહ્ય છે, એવો માત્ર શાકાહારી ખોરાક જ પૂરો પાડવાનો-પીરસવાનો, બધી સરકારો તેમ જ સંસ્થાઓને અમે અનુરોધ કરીએ છીએ.

(૪) પશુઓની કતલના ઉદ્યોગને વિકસાવવા માટે તેમ જ તેમાંથી પ્રાપ્ત થતી વસ્તુઓની માંગને પ્રોત્સાહન આપવા માટે પશુઓની કતલના વ્યવસાયને વેગ આપવાનું જે વલણ આજની સરકારોમાં તેમ જ સુધરાઈના સત્તાધીશોમાં જોવામાં આવે છે, દાખલા તરીકે:-

(ક) મુંબઈમાં દેવનારના કતલખાનાની યોજનામાં માલુમ પડે છે તે મુજબની-ચાલુ માગથી વધારે કતલ થાય તેવી સગવડોનો વધતો જતો વિસ્તાર,

(ખ) મરઘી, ઈંડાં, મચ્છી અને બીજા બીનશાકાહારી પદાર્થોનો ભક્ષ્ય તરીકે ઉપયોગ કરવાની ભલામણ કરીને ગ્રામવાસી શાકાહારીઓને માંસાહાર તરફ વાળવાની સરકારી પ્રવૃત્તિ તથા ઉત્તેજના.

(ગ) થીજાવેલા માંસ અને ચામડાંની નિકાસ માટે મોટા પાયા ઉપર કરવામાં આવતી પશુઓની કતલ દ્વારા તેમજ ઔદ્યોગિક ઉપયોગ માટે જીવતાં પ્રાણીઓની નિકાસ દ્વારા વધારે ને વધારે પરદેશી હુંડિયામણ મેળવવાના સરકારી પ્રયત્નો,

(ઘ) સંખ્યાબંધ દેડકાંઓના ટાંગા કાપીને તેની નિકાસ કરવામાં આવે છે, અને એ રીતે છેદાયેલાં દેડકાંઓને રીબાતાં મરવા દેવામાં આવે છે-આ પ્રકારનો તાજેતરમાં જોશભેર ચાલી રહેલો ઘાતકી વ્યાપાર.

આવી પ્રવૃત્તિઓ દ્વારા વ્યકત થતા સરકારી તથા સુધરાઈના હિંસાપ્રચૂર વલણને અમે સખત રીતે વખોડી નાંખીએ છીએ.

(૫) શાકાહારીને પૂરતું પોષણ મેળવવા માટે જેટલી જમીન જોઈએ તે કરતાં ત્રણથી છ ગણી જમીન એટલું જ પોષણ બીનશાકાહારી માટે મેળવવા અંગે આવશ્યક છે. આ બાબત પોતાના આયોજનમાં ધ્યાનમાં લેવા તેમજ સાધારણ જનતાને શિક્ષણદ્વારા એ પ્રકારની સમજૂતી આપવા અમો મધ્યસ્થ તેમજ પ્રાદેશિક સરકારોને વિનંતિ કરીએ છીએ.

(૬) શાકાહારી ભોજન તૈયાર કરવા તેમજ પીરસવા માટે બધાં રેસ્ટોરાંને, રેલવે લાઈન ઉપર ભોજન પૂરૂં પાડતી ખાનગી કે જાહેર સંસ્થાઓને, કલબોને, હોટેલોને, પીરસવાનો વ્યવસાય કરતા લોકોને તથા પાકવિજ્ઞાનનું શિક્ષણ આપતી સંસ્થાઓને અલગ અલગ રસોડાંઓનો તેમજ અલગ અલગ ઠામવાસણોનો પ્રબંધ કરવાની અમે ભલામણ કરીએ છીએ.

(૭) અમો ડોકટરો અને ચિકિત્સકોને આધુનિક સંશોધનથી પૂરા વાકેફગાર રહેવા અને શાકાહારીઓને બીનશાકાહારી ખોરાક લેવાની અને જેની સાથે પશુહિંસા જોડાયેલી છે એવી દવાઓ લેવાની દરદીઓને ભલામણ કરવાની પુરાણી અવૈજ્ઞાનિક પરંપરાનો ત્યાગ કરવાની તેમને અપીલ કરીએ છીએ.

(૮) શાકાહારી ખોરાક તંદુરસ્તીને બરોબર ટકાવી રાખે છે અને સંપૂર્ણપણે પોષણક્ષમ છે એમ હવે સર્વત્ર સ્વીકારાયેલું હોવાથી

અગત્યના મહેમાનોને પણ કદિ નિરામિષ આહાર પૂરો નહિ પાડવાની સઘળા શાકાહારીઓને અમો ભલામણ કરીએ છીએ.

(૯) ધર્મના નામે કે એવા બીજા કોઈ હેતુસર પશુઓનાં અપાતાં બલિદાનો બંધ કરવા સર્વ નાગરિકોને અને એવાં બલિદાનો કાયદાકાનૂનથી અટકાવવા સર્વ સરકારોને અમે અનુરોધ કરીએ છીએ.

(૧૦) પશુઓનાં કતલ થયેલાં શરીરો, માંસ, મચ્છી અને કતલખાનાની એવી બીજી પેદાશો જાહેર જગ્યાઓએ ખૂલ્લામાં મૂકાતાં પ્રજાસમુદાયના ઘણા મોટા વર્ગની લાગણી દુભાય છે. આ હકીકત ધ્યાનમાં લઈને આ બાબતની અટકાયત કરવા બધી સરકારોને અને લાગતી વળગતી સત્તાઓને અમે અપીલ કરીએ છીએ.

## વસતિ વધારાનો પ્રશ્ન જરૂર ઉકેલી શકાય !

મુંબઈમાં હમણાં જ મળી ગયેલી શાકાહારીઓ–વેજેટરીયન આહારભોજી જન પરિષદ મળી ગઈ....પશ્ચિમમાં શાકાહાર–નિરામિષ ભોજન એ કાંઈ અજાણી વાત નથી, તેમ પૂર્વમાં થતો શાકાહાર એ કાંઈ પૂર્વનો ઈજારો નથી....શાકાહાર માટેની સરસ દલીલો છે, પશુવધ એ ઇચ્છનીય નથી, એમ આખા જગતે માન્યું છે, પશુવધ કરીને પછી માંસ ખાવું એ એથીયે વધુ અનિચ્છનીય છે. તબીબો માંસાહારમાં વિટામીનોની વાત કરે છે, પરંતુ એજ તબીબો–ડોકટરો માંસાહારના ગેરફાયદા રજૂ કરે છે. મરી ગયેલા પશુઓના 'પ્રોટીન' તત્ત્વો શાકભાજીમાંથી મળતાં 'પ્રોટીન' કરતાં ઘણાં ગેરફાયદાકારક માલુમ પડ્યાં છે.

એમ કહેવાય છે કે, બધાં જ ખનિજ તત્ત્વો શાકભાજીમાંથી મળી રહે છે, જ્યારે માંસમાં ઘણીવાર 'બેકટેરીયા' ના જંતુઓ માલુમ પડ્યાં છે, જે આરોગ્ય માટે ઘણા જ નુકશાનકારક છે, લાંબા સમય સુધી માંસાહાર કરવાથી ઘણા વિચિત્ર રોગો ઉત્પન્ન થવાનો સંભવ રહે છે.

શાકાહાર–વેજીટેરીયન ખોરાક આર્થિક નજરે પણ ફાયદાકારક છે; આજના જમાનામાં એક શાકાહારીને એની અન્ન જરૂરીયાત પૂરી પાડવા એક એકર જમીન જોઇએ, તો માંસાહારીને બે એકર જમીન. એટલે કે આજના અર્થશાસ્ત્રીઓના મત મુજબ જગતના વસતિ વધારાના કારણે ઉભા થતા અનાજના- પ્રશ્નને હલ કરી શકાય જો જગત વેજીટેરીયન બની જાય.

(સન્ડે સ્ટાન્ડર્ડ)

## સાત્વિક અને પૌષ્ટિક વેજીટેરીયન ખોરાક

વિશ્વ વિખ્યાત નાટ્યકાર અને ધુરંધર સાહિત્યસ્વામી જ્યોર્જ બર્નાર્ડ શૉ ગંભીર રીતે બિમાર પડી ગયા હતા. તેમનાં જીવનની ઘડીઓ ગણાઇ રહી હતી. એ વેળાએ નિષ્ણાત તબીબોએ શ્રી. શૉને તપાસીને જણાવ્યું કે, 'જો તેઓ ગાયનું માંસ ભોજનમાં નહિ લે તો તેમના બચવાનો સંભવ નથી.' શ્રી. શૉ શાકાહારી હતા અને માંસાહારને તેમણે વર્ષોથી વર્જ્ય માનીને એ દિશામાં સારા પ્રમાણમાં પ્રચાર પણ કર્યો હતો.

તબીબોના આ અભિપ્રાય પછી પણ શ્રી. શૉએ પોતાનો શાકાહારી રહેવાનો સિધ્ધાંત ન છોડ્યો. તેમણે અખબારમાં નિવેદન કર્યું : "મારી સ્થિતિ ઘણી ગંભીર છે, મને એક જ શરતે જીવનદાન મળે છે કે હું ગાય અથવા વાછરડાનુ માંસ ખાઉં, પરંતુ મને શ્રધ્ધા છે કે પ્રાણીનું માંસ ખાવા કરતાં મૃત્યુ હજાર દરજ્જે સારૂં. મારા જીવનની અંતિમ આકાંક્ષા છે કે મારા મૃત્યુ બાદ બકરી, પશુઓ, માછલીઓ એ સૌ મારા મૃત્યુનો શોક ન પાળે; પરંતુ

શાકાહારી શ્રી. એડ્રીયન ડેનીસ શાકાહારને નૈતિક ખોરાક માને છે.

શ્રી. એડ્રીયન કહે છે કે, 'ખોરાક તો જીવવા માટે જ લેવાનો છે ને ? તો પછી એવો ખોરાક કેમ ન લેવો જે શરીરને ટકાવવાની સાથોસાથ આત્માને મજબૂત બનાવે ? માંસાહારી માનવી કે જે પોતાના પેટની પૂજા માટે બીજાનું જીવન હણે છે, તે આત્માને કેવી રીતે બળવાન બનાવી શકે ?'

**(ગુજરાત સમાચાર)**

# નિરામિષ આહારમાં બધા જ વિટામિન્સો છે.

'શાકાહારી–નિરામિષ ખોરાકમાં પ્રોટિન કે વિટામિન મળતાં નથી, એવી વાત કરનારા અર્ધશિક્ષિતો છે, જેમને કાંઇ તબીબી જ્ઞાન નથી અને અમુક પ્રકારનાં પુસ્તકો વાંચીને તેઓએ પોપટિયું જ્ઞાન મેળવેલું હોય છે. આજે વંશપરંપરાગત શાકાહાર કરનારા અને ૧૦૦–૧૦૦ વર્ષથી વધુ જીવનારા, માણસો અમદાવાદ અને મુંબઈમાં કદાચ નહિ મળે, ગામડાઓમાં એવા અનેક મળશે એમને પ્રોટિન કે વિટામિનનો ખ્યાલ પણ નથી.'

'શાકાહારી થવામાં તંદુરસ્તીને કંઈ નુકસાન થતું નથી, એટલે માંસાહારી ભાઇઓ જો આના વિરૂદ્ધ પ્રચાર કરતા હોય તો તે આત્મવંચના છે. શાકાહારી થવામાં લાંબો વિચાર કરવાની જરૂર નથી. લાંબો વિચાર તો માંસાહારી થવું હોય તો કરવાનો હોય, શાકભાજીમાં વિટામિન કે પ્રોટિન નથી એમ કહેનારા આત્મવંચના કરે છે, અને જે કોઈ જુવાનો આમાં આડે રસ્તે ગયા હોય તેઓએ લાંબો વિચાર કર્યો હોય એવું લાગતું નથી. પણ તેઓ દેખાદેખી અને પશ્ચિમનું અનુકરણ કરી માંસાહારી થવાનો શોખ ધરાવે છે, પણ આવો શોખ કેટલાંક શહેરોમાં છે. ગામડાં-ઓમાં નથી."

પશ્ચિમના જુદા જુદા દેશોમાંથી મુંબઈ ખાતે મળેલી નેશનલ વેજીટેરીયન કન્વેન્શનમાં ભાગ લેવા આવેલાં શાકાહારી યુવક–યુવતીઓ જેઓ એક દિવસ માટે અમદાવાદ આવ્યા છે. તે અંગે એક જાહેર સભા માણેકચોક જૈન વાડીમાં યોજાઈ હતી, તેમ પ્રવચન કરતાં પ્રમુખસ્થાનેથી શેઠશ્રી અમૃતલાલ હરગોવનદાસે ઉચ્ચાર્યા હતા.

## ૮૦ ટકા વસ્તી શાકાહારી

તેઓએ આ યુવક યુવતીઓને આવકાર આપી કહ્યું કે, 'ભારત આધ્યાત્મિક દેશ છે, એવી તેની વિદેશમાં જે નામના છે તે સત્ય છે, આ શહેરનો પણ એના બાદશાહે ચાર દરવેશોને હસ્તે પાયો નંખાવ્યો હતો. અહિં તો ૮૦ થી ૮૫ ટકા વસતી શાકાહારી છે.'

## વેજીટેરિયન કોંગ્રેસનો પરિચય

શરૂઆતમાં શ્રી. ચંદુલાલ પ્રેમચંદે પરદેશમાં શાકાહારનો પ્રચાર જે થઈ રહ્યો છે, અને ૨૮ દેશોમાં વેજીટેરીયન કોંગ્રેસ સ્થપાઈ છે, તેની વિગત આપી જણાવ્યું કે, 'પરદેશમાં ઘણા ભાઇઓ શાકાહારી બની રહ્યા છે, અને તેની પદ્ધતિનો પ્રચાર કરે છે.' તેમણે શાકાહારની પદ્ધતિનો પ્રચાર ભારતમાંથી થવો જોઈએ તેના બદલેપરદેશમાંથી થાય છે. તે અંગે દુઃખ વ્યકત કર્યું હતું.

આ પછી આ પ્રતિનિધિ મંડળમાં આવેલાં ભાઈબહેનોનો પરિચય અપાયો હતો. અને મીસ મુલરે, પોતે શાકાહારી કુંટુંબની છે તેની વિગત આપી, કહ્યું કે, 'પરદેશમાં તો અમે શાકાહારી તરીકે એકલાં પડી જઈએ છીએ પણ હજારો શાકાહારી ભાઈ બહેનોને મળતા આનંદ થાય છે.' તેમણે કહ્યું કે, 'ખોરાક માટે જાનવરનો જીવ લેવો એ બરાબર નથી, જે પ્રોટીન વિટામીન જોઈએ તે શાકભાજી

માંથી મળી રહે છે.'

'આજે ભારતમાં કેટલાક નવજુવાનો પશ્ચિમનું અંધ અનુકરણ કરી માંસ ભક્ષણ કરતા થયા છે તે ભારે અજાયબીની વાત છે.'

બીજા એક પરદેશી ભાઈએ પણ શાકાહાર–નિરામિષ આહારની હિમાયત કરી. જે કાંઈ પ્રાણીજન્ય દવાઓ બનાવાય છે તે માટે લાખો પ્રાણીઓને રીબાવીને તે મેળવાય છે એટલે એવી દવાઓ લેવી ઠીક નથી. તેમ જણાવ્યું હતું.

આ પ્રતિનિધિ ભાઈ–બહેનો દેશમાં જુદે જુદે સ્થળોએ ફરી શાકાહાર અંગેની વિગતો મેળવનાર છે.

(સંદેશ)


**તમારી કિંમતી ફાઉન્ટન પેનનું આયુષ્ય લંબાવતી ઉત્તમ શાહી**

**હ રિ હ ર**

~~ફ્લ્યુડ~~ : કિંમતી પેન માટે ઉત્તમ છે.
**શાહી** : લખવા માટે સુંદર છે.
ગુંદર : ઓફીસ વપરાશમાં કરકસરવાળો છે.
**દરેક વેપારીને ત્યાં મળશે.**
એજન્ટો તથા સ્ટોકીસ્ટો જોઈએ છે.
બનાવનાર : **હરિહર રીસર્ચ વર્કસ**
ઠે. માંડવી પોળ **અમદાવાદ.**

**ઘર ઘરનું ઘરેણું**

સંસ્કારી સાહિત્ય સસ્તામાં મળી જતું હોય તો તેને વસાવવાનું કોણ ચૂકે? કોઈ નહિ.... ત્યારે.... આપ પણ આ સાહિત્ય **વસાવશો. વંચાવશો** અને પ્રચારમાં મૂકશો જ એવી અમને ખાત્રી છે.

**સાધનાનાં સોપાન**

અમદાવાદની ચૈત્ય પરિપાટીમાં થયેલ પ્રભાવક પંદર પ્રવચનોનું સુંદર સારભૂત અવતરણ, ચૈત્યપરિપાટીનું પણ સુંદર વર્ણન.
પાકું દ્વિરંગી પુંઠું, પૃ. ૩૦૪. છતાંય પ્રચારાર્થે **કિંમત માત્ર રૂા. ૧, પોષ્ટેજ ૩૫ ન.પૈ.**
જેની જુજ નકલો હવે અમારી પાસે રહી છે, **આપના ઘરમાં આ પ્રકાશન હોવું આવશ્યક છે.**

**તરણિનાં તેજ**

બ્રહ્મચર્યના વિષયનું સર્વાંગ સુંદર મનનીય સાહિત્ય. વિજ્ઞાન, અધ્યાત્મ, સાયકોલોજી, ભૌતિક દરેક દષ્ટિએ બ્રહ્મચર્યની મહત્તા દર્શાવતું મનના મુંઝવતા પ્રશ્નોમાં સુંદર માર્ગદર્શન આપતું, મનનીય દષ્ટાન્તો, વેધક વાક્યોથી ભરપૂર વાંચન આપના મન, વચન કાયાની સમાધિને ટકાવી રાખશે.
**કિં. રૂા. ૧–૨૫, પોષ્ટેજ ૨૫ ન. પૈ.**

**લેખક** તથા **વ્યાખ્યાનકાર** પૂજ્ય પંન્યાસજી સુજ્ઞાનવિજયજી ગણિના શિષ્યરત્ન મુનિ શ્રી **રાજેન્દ્રવિજયજી મહારાજ 'શાસ્ત્રી'. પ્રસ્તાવના લેખક** પૂજ્ય પંન્યાસજી મ. શ્રી **કનકવિજયજી** ગણિવર્ય.

**આજે જ લખોઃ– સંસ્કાર સાહિત્ય સદન**

**પૂનમચંદ ના. દોશી**
તાલુકાશાળા હેડમાસ્તર
**નવાડીસા** (બનાસકાંઠા)

**બાબુલાલ કે. શાહ**
C/o. ગગલદાસ સરૂપચંદ, રતનપોળ,
ગોલવાડ, **અમદાવાદ**

**સસ્તામાં (૫૫૦) પાનાનું રસસભર વાંચન વસાવવાનું રખે ચુકતા**

પોતાના ગળામાં સફેદ વસ્ત્ર બાંધીને એક એવા માનવીને નામે ઉત્સવ ઉજવે કે જેણે જીવજંતુઓનું માંસ ખાવા કરતાં મૃત્યુને વધુ સારૂં માન્યું હતું.'

મુંબઈમાં હમણાં જ મળી ગયેલાં ભારતીય શાકાહાર-વનસ્પત્યાહાર સંમેલન પ્રસંગે અમને શ્રી. શોના આ ઉદ્દગારોનું સ્મરણ થાય છે. મુખ્યત્વે માંસાહારી એવી પ્રજામાં શ્રી. શો જેવા શાકાહારનો આગ્રહ રાખનારા અને જીવનને ભોગે પણ માંસાહાર ન કરવાનો મક્કમ નિરધાર પાળનારા માનવીઓની સંખ્યા વધતી જ જાય છે. માંસાહારી કહેવાતી પ્રજાના-પરદેશના મોટી સંખ્યાના પ્રતિનિધિઓ આ સંમેલનમાં હાજરી આપવા આવ્યા હતા. વળી વિશ્વભરમાં શાકાહારનો પ્રચાર કરવાની પ્રવૃત્તિ પણ સારા પ્રમાણમાં ચાલી રહેલી છે. આવા સંજોગોમાં મુખ્યત્વે શાકાહારની સાત્વિકતામાં માનનારી ભારતની પ્રજામાં, ખાસ કરીને શહેરોમાં, માંસાહારનો શોખ વધતો જાય છે એ શોચનીય જ કહેવાય. જે પ્રજા લાંબા સમયથી શાકાહારી છે અને જે પ્રજાની સંસ્કૃતિ જ શાકાહારને પ્રોત્સાહન આપનારી છે, તે પ્રજામાં માંસાહારનો પ્રચાર ન જ થવો જોઇએ અને તેથી જ એવા આંદોલનના પ્રતિકાર રૂપે શાકાહારનો પ્રચાર વિશેષ જોરથી થવો ઘટે. મુંબઈના સંમેલનમાં મહારાષ્ટ્રના માજી રાજ્યપાલ શ્રી. શ્રીપ્રકાશજી, જાણીતા અગ્રણી ડો. સી. પી. રામસ્વામી ઐયર, શ્રીમતી રૂક્મિણી અરૂંડેલ વગેરેએ શાકાહારની જરૂરિયાત દર્શાવતા વ્યકત કરેલા વિચારો સૌની દાદ માંગે છે, અને માંસાહાર તરફ વળેલી પ્રજાને સમજાવટથી શાકાહાર તરફ વાળવાની પ્રવૃત્તિ થવી ઘટે છે. આ દિશામાં સંમેલને પસાર કરેલા બધા ઠરાવો, પ્રચાર અને સમજદારી ફેલાવનારા છે. તેની નોંધ લઈએ. શાકાહાર સાત્વિક હોવા ઉપરાંત પૌષ્ટિક પણ છે, અને આર્થિક રીતે પણ સોંઘો છે. આમ દરેક રીતે શાકાહાર-વનસ્પત્યાહાર ઉત્તેજનને જ પાત્ર છે. શાકાહાર સંમેલનની પ્રવૃત્તિ એ દ્રષ્ટિએ ખાસ આવકારપાત્ર લેખાવી જોઇએ.

તા. ૧૪-૧-૬૪

**(મુંબઇ સમાચાર અગ્રલેખ)**

# નિરામિષ આહારથી કેન્સર જેવા જીવલેણ રોગ મટાડી શકાય છે.

વિશ્વના તમામ દેશોમાં આધ્યાત્મિક દેશ તરીકે મોખરે રહેતા ભારતમાં શાકાહારની પ્રથા પ્રણાલિકાગત છે? રૂઢીગત છે? કે પછી શાકાહારના વિચારની પાછળ રહેલી અહિંસાની ફીલસુફીની સભાનતા પણ રહેલી છે? એ પ્રશ્ન આજે જ્યારે સર્વત્ર પૂછાઈ રહ્યો છે ત્યારે યૂરોપની માંસાહારી પ્રજામાં શાકાહારની ઝુંબેશ આધ્યાત્મિક ધોરણે પાંગરી રહી છે.

યુરોપના દેશો કે જ્યાં થોડા વર્ષો પહેલાં શાકાહારી માનવીનું અસ્તિત્વ સુધ્ધાં આશ્ચર્યજનક મનાતું, ત્યાં આજે શાકાહારવાદ આકાર લઈ રહ્યો છે, વિસ્તરી રહ્યો છે, પાંગરી રહ્યો છે.

અમદાવાદની ત્રણ દિવસની મુલાકાતે આવી ગયેલા પશ્ચિમી દેશોના શાકાહારી પ્રતિનિધિઓનાં નેતા કુમારી મીરા બ્રાન્ડટે 'ગુજરાત સમાચાર' ને આપેલી એક ખાસ મુલાકાતમાં જણાવ્યું હતું કે 'શાકાહારવાદના ફેલાવા માટે યૂરોપના દેશોમાં અનેક સંસ્થાઓ કામ કરી રહી છે, બાળકોમાં શાકાહાર પ્રત્યેની રૂચિ કેળવવા કેમ્પ યોજાય છે, શાકભાજીમાંથી વધુને વધુ પૌષ્ટિક તત્ત્વો કઈ રીતે મેળવી શકાય તે વિષે સંશોધનો થઇ રહ્યાં છે. અને શાકાહાર તરફ લોકોને આકર્ષવા સામાયિકો પ્રગટ કરાય છે, પ્રદર્શનો પણ યોજાય છે.'

## અદ્‌ભુત શ્રદ્ધા.

હોલેન્ડની આ ૨૫ વર્ષની વયની કલાકાર તો શાકાહાર-નિરામિષ આહારની સાત્વિકતામાં વિશ્વયુદ્ધો થંભાવી દેવાની શક્તિ હોવાનું માને છે તેની આ શ્રદ્ધા સામે આંગળી ચીંધનારને એ સીધો જ સવાલ પૂછે છે કે, "શાકાહાર-વાદના બીજા પાસા સમા અહિંસાના સિદ્ધાંતને સમજીને વિશ્વનો દરેક માનવી શાકાહારી બને, માનવી માનવી વચ્ચેનો પ્રેમ પ્રસ્થાપિત કરવાની સાથો સાથ પ્રાણીઓ પ્રત્યે સદભાવના કેળવાય, પશુ–પક્ષી તો શું? જગતના દરેક જીવમાત્રને અભયદાન મળે તો પછી વિશ્વમાં ડરનું અસ્તિત્વ રહે ખરૂં? જ્યાં ડર ન હોય ત્યાં પ્રેમ હોય. અને પ્રેમ હોય ત્યાં યુદ્ધ સંભવે ખરૂં?"

## શાકાહારી સાથે જ લગ્ન.

જે યુરોપના દેશોમાં દર ૧૦૦૦ બિન-શાકાહારીઓ વચ્ચે માત્ર એક શાકાહારી છે, એવા શાકાહારીઓનું પ્રતિનિધિત્વ લઈને ભારતના પ્રવાસે આવેલી તરૂણી મીરાએ જન્મભર પોતે શાકાહારી રહેવાનું વ્રત તો લીધું જ છે, પરંતુ બિનશાકાહારી યુવાન સાથે લગ્ન ન કરવાનો નિશ્ચય પણ કર્યો છે.

## શ્રી. જેન ફજેલેન્ડર

સ્વીડનના શાકાહારીઓના પ્રતિનિધિ શ્રી. જેન ફજેલેન્ડર કહે છે કે, "તત્ત્વજ્ઞાને મને શાકાહાર તરફ નથી દોર્યો, પરંતુ શાકાહાર તત્ત્વજ્ઞાન તરફ દોરી ગયો છે" માનસશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનમાં ઉંડો રસ ધરાવતા શ્રી. જેને એક ખાસ મુલાકાતમાં કહ્યું હતું કે, 'સ્વીડનમાં નિરામિષઆહાર–શાકાહારની ઝુંબેશ ઝડપથી વિકસી રહી છે. ભારતમાં શાકાહારીઓની બહુમતિ છે. આમ છતાં પણ મને એમ લાગે છે કે ભારતમાં મોટાભાગના શાકા-હારીઓ માત્ર પ્રણાલિકાગત જ શાકાહારી છે. અને તેથી જ તો તેઓ જ્યારે યૂરોપના પ્રવાસે જાય છે ત્યારે કે, પછી કોઈ માંસા-હારી મિત્રના સંસર્ગમાં આવે છે ત્યારે ખૂબ સહેલાઈથી માંસાહાર તરફ વળી જાય છે.'

શ્રી. જેન સમજપૂર્વકના શાકાહારવાદના અમલમાં માનવીનો નૈતિક ઉત્કર્ષ જ નહિ. આર્થિક લાભ પણ સમાયેલો હોવાનું જણાવે છે. તેઓ કહે છે કે, 'માંસ મેળવવા, પશુ ઉછેર માટે એક એકર જેટલી જમીન રોકવામાં આવે છે, તેમાં જો અનાજ ઉગાડવામાં આવે તો સાતથી આઠ ગણા વધુ માનવીઓ પોષી શકાય. વળી શરીર બાંધો મજબૂત બનાવવા માટે પણ શાકાહારી ખોરાક વધુ અનુકૂળ છે. માંસ માનવીને આક્રમક બનાવે છે, પરંતુ તે થોડા વખત માટે. જ્યારે શાકભાજી તો સતત શકિત આપનાર તત્ત્વો ધરાવે છે.'

## શ્રી. સીગફ્રીડ કોસ્કા

જર્મનીના આજન્મ શાકાહારી શ્રી. સીગફ્રીડ કોસ્કા તો શાકાહાર કરતાં માંસાહાર દ્વારા વધુ પ્રોટીન મેળવાતું હોવાની વાતને જ હસી કાઢે છે. તેઓ કહે છે કે, 'પશુ જે વનસ્પતિ ખાય છે, તેમાંથી પોતાના શરીરમાં માત્ર દશ ટકા પ્રોટીન ટકાવી શકે છે. માનવી તેમાંથી વધુમાં વધુ ત્રણ ટકા જ પ્રોટીન મેળવી શકે છે. આના કરતાં માનવી માંસાહાર દ્વારા પ્રોટીન મેળવવાને બદલે દુધ, કઠોળ વગેરે શાકાહારી ખોરાક દ્વારા વધુ પ્રોટીન મેળવી શકે છે. વળી આ રીતે પ્રોટીન તત્વ મેળવવું આર્થિક દૃષ્ટિએ પ્રમાણમાં સસ્તું પણ પડે છે. લંડનમાં થયેલા સંશોધન પરથી એમ જણાયું છે કે, 'વનસ્પતિમાંથી મેળવાયેલું પ્રોટીન માંસમાંથી મળતા પ્રોટીન કરતાં વધુ પૌષ્ટિક પણ હોય છે.'

શાકાહારી ખોરાકની રોગ નિરોધક તાકા-તનો દાખલો આપતાં શ્રી. કોસ્કાએ જણાવ્યું હતું કે, 'ડેન્માર્કમાં એક સન્નારી ડો. નોલ્ફી તો ચોકકસ પ્રકારનું નિયમિત શાકાહારી ભોજન કરાવીને કેન્સરનો રોગ પણ મટાડે છે.'

## શ્રી. એડ્રીયન ડેનીસ

શિક્ષક બનવાની ખેવના રાખતા ઈંગ્લેન્ડના

# આત્મશુદ્ધિનાં આવશ્યક અંગ

પૂ. પંન્યાસજી મ. શ્રી સુજ્ઞાનવિજયજી ગણિવર

શ્રાવકધર્મ કે સાધુધર્મની આરાધનામાં 'છ આવશ્યક'નું ઘણું જ મહત્ત્વ રહેલું છે. આવશ્યક–જે અવશ્ય કરવા યોગ્ય હોય તેને કહેવાય. ધર્મની સાધનાના પુનિતમાર્ગોમાં છ આવશ્યક અગ્રસર ભાવ ભજવે છે. આત્મ-શુદ્ધિનાં નિર્મલ અંગો આવશ્યક ને આભારી છે. આવશ્યકની આરાધના વિના જૈનશાસનની પવિત્ર આરાધના પ્રાપ્ત થવી અત્યન્ત દુર્લભ બને છે. સવારથી સાંજ સુધી ખાવું, પીવું, પહેરવું, ઓઢવું, હરવું, ફરવું, જેમ આવશ્યક છે, તેમ આ આવશ્યકોની આરાધના પણ આવશ્યક છે. દેવ–ગુરૂ–ધર્મની સાધના ત્યારે જ સફળ બને જ્યારે અંતરમાં આવશ્યકો પ્રત્યે આદરભાવ જાગે.

બાહ્ય ધર્મનાં અંગો, અભ્યંતર ધર્મના ઉત્થાન માટે બને છે જૈન શાસનની પવિત્ર આરાધના જીવનની બહારની મરામત નથી, પણ આંતરશુદ્ધિની સાચી કરામત છે.

(૧) સામાયિક–સમતાભાવની સાચી સાધના. સંસાર દાવાનળમાં અનાદિથી દાઝતો આત્મા સામાયિક ભાવની સ્પર્શના વિના શાંત કે સ્થિર બને નહિ. ધર્મની સાથે આત્મા સમતાભાવ આવ્યા વિના જોડાઈ શકે નહિ. ઉપશમભાવ આવે પછી જ સંવર આવી શકે. ઉપશમ ભાવનું ઉત્તમ સાધન 'સામાયિક' છે. સમતાભાવમાં રમમાણ કરતો આત્મા સામાયિકને પામી શકે. દિવસમાં ઓછામાં-ઓછું એક સામાયિક કરવું–આનો અર્થ એ છે કે, સમતાભાવમાં આવી આત્મિકસ્થિરતાને અપનાવવી. સામાયિક જીવનનું ઉત્તમોત્ત અંગ છે.

(૨) સામાયિક પ્રાપ્ત થાય નહિ ત્યાં સુધી ચતુર્વિંશતિસ્તવ–ચોવીશે તીર્થંકર દેવોની સ્તુતિ કરવા આત્મા ભાગ્યશાળી બનતો નથી. આત્મા પોતાની જ સ્થિરતા ન હોય, ઉપશમ-ભાવ ન હોય, કષાય–વિષયની આગમાં સળગતો હોય, ત્યાં સ્તુતિની સાર્થકતા પણ ન બને. મહાપુરુષોના ગુણ કીર્તનમાં ખૂબ ખૂબ આત્મ-ભાવની એકાગ્રતા જોઈએ. આત્મભાવની એકાગ્રતા સમતાભાવને શરણે ગયા વિના પ્રાપ્ત થાય નહિ.

વિભાવદશામાંથી સ્વભાવદશામાં અવાય સમાનતાના સહારે.

સ્વભાવદશામાં સહાયક બને પરમાત્માનું ગુણકીર્તન.

દેહાધ્યાસમાં ફસાઈ વાસનાના પાશમાં ફસાઈ 'આત્મત્વ'નું તેજ અંધકારમાં અસ્ત થતું હોય તે વખતે પરમાત્માનું ગુણકીર્તન આત્માની ઝલક માટે કિરણો પ્રસારે છે.

(૩) તીર્થંકરોના ગુણસ્તવ રૂપ 'ચતુર્વિંશતિ સ્તવ' ભાવપૂર્વક કરનાર મહાનુભાવ જ વંદન વિધિ પણ ભાવ પૂર્વક કરી શકે છે. તીર્થંકર દેવોના ગુણગાનથી હૃદય પુલકિત બન્યું હોય: પરમતારક વીતરાગના ગુણસ્તવથી તેમના માર્ગના અનુયાયી સદ્ધર્મોપદેશક ગુરુઓ પ્રત્યે પૂર્ણ પ્રેમભાવ જાગે. પ્રેમભાવ જાગે માટે જ વંદન કરવાની ઇચ્છા જાગે. માટેજ છ આવશ્યકમાં ચઉવિસત્થા પછી વંદન આવેલ છે. વંદન આત્મામાં નમ્રભાવ, ગુણી પ્રત્યે આદર–પૂજ્યભાવ વિશેષતા પ્રગટાવે છે. ભાવપૂર્વક વંદન કરનાર

આત્માનાં વિષય-કષાયનાં બંધનો પણ શિથિલ બની જાય તેમાં નવાઇ નથી.

(૪) ગુરુને વંદન કર્યું એટલે સંસારનાં બંધનો શિથિલ બન્યાં. સંસારનો રાગ ઘટયો એટલે 'પાપ' હૃદયમાં ખટકવા માંડયું. હવે પાપને પ્રગટ કરવાની તે માટે જગ્યાની જરૂર પડવાની. તે વખતે કોમલપરિણામી આત્માને ચોકકસ લાગવાનું કે, 'મારા માટે પાપ પ્રગટ કરી શુદ્ધ થવાનો માર્ગ સદ્‌ગુરુ સિવાય બીજે કયાંય મળવાનો નથી.' માટે, સદ્‌ગુરુ પાસે પોતાનાં પાપ પ્રકટ કરી તેના પ્રાયશ્ચિત્ત રુપ 'પ્રતિક્રમણ' ગુરુ સમક્ષ કરે છે. ગુરુવંદન સિવાય કરેલ પાપશુદ્ધિ સાધ્યની સિદ્ધિમાં સહાયક બની શકતી નથી.

(૫) પાપનું પ્રાયશ્ચિત્ત કરી ચિત્ત શુદ્ધિ કરી નથી, ત્યાંસુધી ધર્મધ્યાન કે શુકલધ્યાનની પ્રાપ્તિ થઈ શકતી નથી. પ્રાયશ્ચિત્ત-પાપશુદ્ધિ વિના કાયોત્સર્ગ દ્વારા એકાગ્રતા પ્રાપ્ત કરવાનો આત્માનો ઉદ્દેશ સાર્થક બને છે. ચિત્તશુદ્ધિ ન થઈ હોય ત્યાં બહારથી પરમપવિત્ર શબ્દોનો ઉચ્ચાર થતો હોય, પણ અંતરમાં એ શબ્દો સ્પર્શતા પણ ન હોય, અંતરમાં બીજી જ ઝંખના ભરી પડી હોય તેવે સમયે પવિત્રતાના પડઘા આત્મામાં પડે કઈ રીતે ? માટે જ શાસ્ત્રકારોએ પ્રતિક્રમણ કરી પવિત્ર થયા પછીજ ધર્મધ્યાન-શુકલધ્યાનના નિમિત્તભૂત 'કાયોત્સર્ગ' કહેલો છે. હૃદયમાંથી આર્ત્ત-રૌદ્ર-ધ્યાનને સર્વથા નાશ કરવા, મળેલ આત્મસ્થિરતાને ટકાવવા, પૌદ્‌ગલિક લાલસાને દબાવવા આ પાંચમું આવશ્યક અગ્રભાગ ભજવે છે.

(૬) કાયોત્સર્ગ પછી વિશેષ ચિત્ત શુદ્ધિ પ્રાપ્ત કરે છે, તેજ એકાગ્રતા અને અનંત આત્મબળનો અધિકાર પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બને છે. પ્રત્યાખ્યાનની આરાધના આત્મબળની એકાગ્રતા ઉપર સંપૂર્ણ આધાર રાખે છે. આત્મબળ શિથિલ હોય અને 'પ્રત્યાખ્યાન' આરાધે તો મનની ચંચળતા થતાં વાર લાગે નહિ. જેણે સંકલ્પ બલનો સંગ્રહ કર્યો નથી, તે કદાચ પચ્ચક્‌ખાણ કરે તો પણ તેનો સારી રીતે નિર્વાહ કરી શકતો નથી. પ્રત્યાખ્યાન છેલ્લી આવશ્યક ક્રિયા છે. કારણ ? તે માટે વિશેષતઃ ચિત્ત શુદ્ધિ અને વિશેષ ઉત્સાહની જરૂર છે. આત્મનિર્મલતાનો સંપૂર્ણ આધાર આ આવશ્યકને આભારી છે. કાયોત્સર્ગથી ઉત્સાહ પ્રાપ્ત થાય અને 'પચ્ચકખાણ' દ્વારા એ આત્મિક ઉત્સાહ કાયમ ટકી રહે છે.

છ આવશ્યકોનો ક્રમ જીવનમાં ખૂબ-ખૂબ જાણવા-સમજવા જેવો છે. અવશ્ય જે આચરવા જરૂરી છે, તે આવશ્યકો. આત્મિક ગુણોના વિકાસમાં સંપૂર્ણ સહાયક બને છે.

દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ આત્માના ગુણોની શુદ્ધિ કે વૃદ્ધિ જે થાય છે, તે બધી જ આવશ્યકને આભારી છે. આવશ્યકોની આરાધનાવિના આત્મા નિષ્ક્રિય બની જાય. આત્મતંત્ર પણ અવળે રસ્તે ચાલવા માંડે. આવશ્યકો વિનાનું જીવન આત્મા વિનાના દેહ જેવું જાણવું. આવશ્યકોમાં પ્રમાદ સેવવો એટલે અધોગતિમાં હાથે કરીને પડવા જેવું છે.

આ રીતે ઉપયોગી આવશ્યકોની આરાધના જીવનની ઉજ્જવલતા કરવા સહાયક બનવાની છે. આધ્યાત્મિક વિકાસ માટે 'આવશ્યક' જીવનના અંગભૂત છે. મન, વચન, કાયાની શુદ્ધિ માટે સહુ કોઈ ભવ્ય જીવો આવશ્યકોની આરાધના દ્વારા જીવન પવિત્ર બનાવે.


## ભેટ મળે છે :

**શ્રી વર્દ્ધમાનતપની ૫૦ મી ઓળી કે તેથી અધિક ઓળી કરનારને**

**શ્રી વર્દ્ધમાનતપ મહાત્મ્ય** નામનું લગભગ ૪૦૦ પાનાનું પુસ્તક શેઠ **શ્રી જેચંદભાઇ કેવળદાસ** અમદાવાદવાળા તરફથી ભેટ મળશે. પુસ્તક મંગાવવાની સાથે કેટલામી ઓળી ચાલે છે ? તે જણાવવું જરૂરી છે. સીરનામું પુરેપુરૂં લખશો. પુસ્તક મંગાવવાનું સ્થળ: **કલ્યાણ પ્રકાશન મંદિર**-વઢવાણ શહેર.




**પૂર્વ પરિચય :** અયોધ્યાપતિ નઘુષ રાજાની ઉગ્ર વ્યાધિની વ્યથા સિંહિકાના સતીત્વના પુણ્યપ્રભાવે ક્ષણવારમાં નષ્ટ થાય છે. નઘુષને સિંહિકાના નિર્મલ શીલ માટે સદ્દભાવ પ્રગટે છે. પોતાના અપરાધ માટે મહાસતી સિંહિકા પાસે તે ક્ષમા યાચે છે. ક્રમશઃ સિંહિકાની કૂખે સોદાસ નામના પુત્રનો જન્મ થાય છે માતા સિંહિકા સોદાસને સુસંસ્કારી બનાવવા પ્રયત્ન કરે છે, છતાં પૂર્વના કોઇ તેવા કુસંસ્કારોના તેમ જ કુમિત્રોના સહવાસના કારણે સોદાસ ક્રમશઃ અધાર્મિક મનોવૃત્તિમાં રમે છે. ને ભક્ષ્યાભક્ષ્ય તથા પેયાપેયના વિવેકને તે ભૂલતો જાય છે.

—હવે વાંચો આગળ;

❁

## ૮ : સોદાસનું પતન :

સોદાસ દિનપ્રતિદિન રસલોલુપી બનતો ચાલ્યો. આનંદ એની રસલોલુપતા પુષ્ટ કરતો રહ્યો.

બીજીબાજુ અયોધ્યાના કુસુમોદ્યાનમાં શીલસુંદર મહામુનિ વિશાળ મુનિવૃન્દ સાથે પધાર્યા. વનપાલકે મહારાજા નઘુષને વધામણી આપી. મહારાજા નિત્યકર્મોથી પરવારી, સિંહિકાદિ પરિવારની સાથે કુસુમોદ્યાનમાં પહોંચ્યા. મહામુનિનાં પાવન દર્શન કરી, રાજપરિવાર કૃતાર્થ થયો. મહારાજા નઘુષ અને મહારાણી સિંહિકા આવા મહાત્માની જ જાણે રાહ ન જોઈ રહ્યા હોય! મહાત્માનાં દર્શન કરતાં જ તેમના હૃદયમાં સર્વત્યાગ કરવાનો શુભ મનોરથ પ્રગટી ગયો. તેમણે શીલસુંદર મહામુનિને વિનીતભાવે પ્રાર્થના કરી;

'કૃપાનાથ! આપશ્રીનાં પાવન દર્શનથી અમારી સંસારવાસના નાશ પામી છે અને તરણતારણ ચારિત્રમાર્ગ સ્વીકારવાનો શુભ મનોરથ પ્રગટ થયો છે, તો અમને એ પરમ ચારિત્રજીવનનું દાન કરવા કૃપા કરો.'

'રાજન્, તમારો મનોરથ સુંદર છે. શુભ કાર્યમાં વિલંબ ન કરવો ઘટે.' મહામુનિએ મહારાજાના મનોરથને સુદૃઢ કર્યો.

'દયાનિધિ, રાજ્યસિંહાસને પુત્રનો રાજ્યાભિષેક કરી, વિના વિલંબે આપનાં ચરણોમાં અમે આવીએ છીએ. ત્યાં સુધી આપ અત્રે બિરાજમાન રહેવા કૃપા કરો, તેવી અમારી પ્રાર્થના છે.'

મહારાજા પરિવાર સહિત રાજમહેલમાં પહોંચ્યા. મહામંત્રીને બોલાવી સોદાસનો રાજ્યાભિષેક કરવા માટે આજ્ઞા કરી. સોદાસને પણ ખબર પડી કે માતાજી અને પિતાજી સંસારનો ત્યાગ કરી સંયમના માર્ગે જઇ રહ્યા છે. તેના દિલમાં દુઃખ થયું. તેના હૃદયમાં સિંહિકા પ્રત્યે ગાઢ સ્નેહ હતો. પરંતુ તે ભગવાન ઋષભદેવના કુળની પરંપરા જાણતો હતો...તેણે માતાના માર્ગમાં વિઘ્ન ન નાખ્યું. તેનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો...પરંતુ અશુભ મુહૂર્તે! ઉતાવળમાં મુહૂર્ત જોવામાં, પુરોહિતે ગોટાળો કરી નાખ્યો.

સોદાસનો રાજ્યાભિષેક કરી રાજા-રાણીએ મહામુનિ પાસે જઈ ચારિત્ર અંગીકાર કરી લીધું. મહામુનિએ રાજા-રાણીને ચારિત્ર આપી, ત્યાંથી વિહાર કર્યો.

સોદાસ અયોધ્યાના મહાન રાજ્યનો સ્વામી બન્યો. પરમમિત્ર આનંદને તે પોતાની પાસે જ રાખતો. આનંદને પણ હવે રસલોલુપતાને પોષવાની સુંદર તક મળી ગઈ. તેણે રસોઇયાને સાધ્યો. તેની પાસે અનેક અભક્ષ્ય પદાર્થોની વાનગીઓ તૈયાર કરાવવા લાગ્યો. સોદાસને પણ એનો ચટકો લાગી ગયો.

આનંદને હવે માંસનો રસાસ્વાદ કરવાની વાસના જાગી. પરંતુ તેણે વિચાર્યું કે 'જો સોદાસને પહેલેથી જાણ કરી દઈશ તો તે જરાય માનશે નહિ, બલ્કે મારા પ્રત્યે ઘૃણા કરશે, એના બદલે શરૂઆતમાં તો અન્નનાં ભેગું જ થોડું થોડું માંસ તેને ખવરાવીને રસીયો બનાવી દઉં ! પછી તો એ પોતે જ માંગતો થઇ જશે ! મારે પણ પછી લીલાલહેર !' કેવો દુષ્ટ મિત્ર ? સોદાસ આનંદ પર વિશ્વાસ રાખતો તેની દુષ્ટતાનો ભોગ બની રહ્યો હતો.

આનંદ રાત્રીના સમયે બહાર નિકળ્યો. લપાતો -છૂપાતો તે કસાઇને ઘેર પહોંચ્યો, પોતાના ઘેર પુરોહિતપુત્રને અને મહારાજાના ખાસ મિત્રને આવેલો જોઇ કસાઇને પણ આશ્ચર્ય થયું.

'મહાકાલ, તારે એક કામ કરવાનું છે.'

'કહો મહારાજ, તમારૂં કામ કરવા સેવક તૈયાર જ છે.' મહાકાલે હાથ જોડી આનંદને કહ્યું.

'કામ તારે ગુપ્ત રાખવાનું છે. જો કોઇને પણ ખબર પડી...'

'મહારાજ, આપ નિશ્ચિંત રહો. કામ મારા શિરના સાટે કરીશ.'

'બસ બસ ! મહાકાલ, તો તને થોડા દિવસોમાં માલામાલ કરી દઈશ!'

આનંદ હર્ષથી નાચી ઉઠ્યો. તેણે મહાકાલને રોજ તાજુ માંસ પોતાને છૂપી જગાએ પહોંચાડવા કહ્યું. મહાકાલે વાત મંજુર કરી. મહાકાલના હાથમાં પાંચ સોનામહોર મૂકી આનંદ ત્યાંથી રવાના થયો. મહાકાલ બ્રાહ્મણ પુત્રને જતો જોઇ રહ્યો...એનું હૃદય બોલી ઉઠ્યું-'વાહરે બ્રાહ્મણપુત્ર !'

આનંદ ત્યાંથી સીધો પોતાનાં નિવાસસ્થાને પહોંચ્યો અને માંસભક્ષણની મધુર કલ્પના કરતો નિદ્રાધીન થયો. 'બીજે દિવસે સવારે ઉઠીને પહોંચ્યો રાજમહેલમાં. રસોઇયાને ખાનગીમાં બોલાવ્યો અને કહ્યું :

'જો તારે અહીં રહેવું હોય અને સુખી બનવું હોય તો હું કહું તેમ કર...'

'મહારાજ, આપના કહ્યા મુજબ જ હું કરૂં છું. સેવકની કંઈ ભૂલ થઇ હોય તો જણાવવા કૃપા કરો....'

'તારી ભૂલ નથી થઇ, પરંતુ હવે તારે એક મહત્વનું કામ કરવાનું છે.'

'ફરમાવો.'

'કામ ખૂબ ગુપ્ત રાખવાનું છે...'

'વિશ્વાસ રાખો ગુપ્ત રહેશે.'

આનંદે રસોઇયાને સારીય યોજના સમજાવી દીધી. સાથે સાથે રસોઈયાનું ખીસું પણ સોનામહોરોથી ભરી દીધું. ધનનો લાલચુ મનુષ્ય ધનની ખાતર શું નથી કરતો ? બીજા દિવસથી સોદાસના રસોડામાં છૂપી રીતે માંસ આવતું થઈ ગયું. રસોઇયો આનંદના માર્ગદર્શન મુજબ એવી અવનવી વાનગીઓ બનાવવા માંડયો કે, સોદાસ હોંશે હોંશે ખાવા માંડયો. તેને એ ખબર ન પડી કે એ વાનગીઓ શાની બની રહી હતી. કેટલાક મહિના વીત્યા; એક દિવસ સોદાસ અને આનંદ ભોજન કરી રહ્યા હતા, સોદાસે કહ્યું;

'આનંદ, છેલ્લા કેટલાક મહિનાથી રસોઇ સ્વાદીષ્ટ બની રહી છે કે જે ખાવાનું વારંવાર મન થયા કરે છે !' સાંભળીને આનંદ માત્ર હસ્યો. સોદાસે રસોઈયા તરફ જોયું. રસોઇયો પણ આનંદના સામે જોઈને સ્મિત કરી રહ્યો હતો.

'તમે બંને કેમ હસો છો ? શું રહસ્ય છે ?'

'કંઇ નહિ રાજન્, તમારા આનંદથી અમને ખૂશી થઈ રહી છે.' આનંદે કહ્યું:

'ના, જે સાચી વાત હોય તે કહી દે ! તમે બંને કેમ હસ્યા ?' રાજાએ આગ્રહ કર્યો.

'હસવાનું કારણ આપને અવસરે સમજાઈ જશે...અત્યારે કહેવાય નહિ !' આનંદે વાત પર પડદો પાડયો.

સોદાસને ચેન ન પડયું. જમીને ઉઠયા પછી બંને મિત્રો આરામગૃહમાં ગયા. ત્યાં પુનઃ સોદાસે આનંદને એ વાત પૂછી. આનંદે કહ્યું:

'રાજન્ અભયદાન આપો તો કહું'

'મિત્ર, તને અભયદાન જ છે...તું સુખેથી કહે.'

'તમને જ્યારથી ભોજન અધિક સ્વાદીષ્ટ લાગ્યું છે, ત્યારથી ભોજનમાં પશુઓનું માંસ રાંધવામાં આવે છે...'

'હેં ?' સોદાસના શરીરે કમકમી આવી ગઇ...

'મારી એક જ ભાવના રહે છે કે મારા મિત્રને—મારા રાજાને જેમ બને તેમ પૌષ્ટિક ભોજન કરાવવું. એના જીવનને જેમ વિશેષ સુખ ઉપજે તેમ કરવું. તેથી મેં આ કામ કર્યું છે...'

'આનંદ, તે ઠીક ન કર્યું...' સોદાસ વિચારમાં પડી ગયો. મહિનાઓથી માંસ તેના પેટમાં જતું હતું તેથી તેના વિચારો પર પણ ગંભીર અસરો પડી હતી. માતા સિંહિકાએ સીંચેલા સુસંસ્કારો સુકાઇ ગયા હતા. કુળની ખાનદાની અને ઉત્તમતાને તે ભૂલી ગયો હતો. આનંદે રહસ્યસ્ફોટ કર્યો, તેથી તેને આંચકો જરૂર લાગ્યો પરંતુ રસભરપૂર માંસ ભક્ષણનો હવે ત્યાગ કરવાનો વિચાર ન આવ્યો. આનંદ સોદાસને આરામ કરવાનું કહી ત્યાંથી પલાયન થઇ ગયો.

હવે આનંદનો માર્ગ સરળ બની ગયો. ખુલ્લંખુલ્લા રાજમહેલમાં માંસની ટોપલીઓ આવવા માંડી. મંત્રીવર્ગમાં પણ ખબર પડી ગઈ. પરંતુ હવે પરિવર્તન થવું અશક્ય હતું. સોદાસ પણ હવે માઝા મૂકીને ખાવા માંડયો...એમ કરતાં કરતાં મહારાજા નઘુષની દીક્ષા તિથિ આવી લાગી. મંત્રીવર્ગે જિનમંદિરોમાં અઠ્ઠાઇમહોત્સવ ઉજવવાનો નિર્ણય કર્યો. સારાય નગરમાં આઠ દિવસ માટે સંપૂર્ણ અહિંસા પાળવાનો આદેશ ફરમાવ્યો. મહારાજા સોદાસને પણ મંત્રીવર્ગે વિનંતિ કરી કે આઠ દિવસ સંપૂર્ણ અહિંસાનું પાલન કરવું. સોદાસને માન્યા વગર ચાલે એમ ન હતું. તેણે કબૂલ તો કરી લીધું, પરંતુ તેનું મન માન્યું નહિ. દિનરાત જેને માંસભોજનની લત લાગી ગઈ તે કેવી રીતે આઠ દિવસ સુધી માંસભક્ષણનો ત્યાગ કરી શકે ? તેણે રસોઇયાને બોલાવ્યો અને છૂપી રીતે ગમે ત્યાંથી માંસ લઈ આવવા માટે કહ્યું. રસોઇયો આખા ગામમાં ફર્યો, દરેક કસાઈના ઘેર જઈ આવ્યો પણ કયાંયથી ય માંસ ન મળ્યું. કારણ કે મંત્રીવર્ગનો કડક આદેશ હતો. કોઇ પણ મનુષ્ય કોઈ પણ જીવની હિંસા કરી શકતો નહિ, કસાઇઓએ પણ આઠ દિવસ માટે હિંસાનો સંપૂર્ણ ત્યાગ કર્યો હતો.

રસોઇયો મુંઝાયો. એક બાજુ રાજાની આજ્ઞા હતી માંસ લાવવાની, બીજીબાજુ, કયાંયથી ય માંસ મળતું ન હતું... ભટકતો ભટકતો તે અયોધ્યાની બહાર નીકળી ગયો. મધ્યાહ્નનો સમય થઈ ગયો હતો. તે થાકીને એક વૃક્ષની નીચે લમણે હાથ દઈ ભાવિ ભયનો વિચાર કરતો બેઠો. થોડીક ક્ષણો વીતી, તેની દૃષ્ટિ સામેના ટેકરા પર પડી. ટેકરા પર સેંકડો ગીધ અને સમડીઓ ઉડી રહી હતી. રસોઈઓ ત્યાંથી ઉઠયો. ધીમે પગલે તે ટેકરા પાસે પહોંચ્યો, તેની દૃષ્ટિમાં એક તાજું મૃત બાળકનું કલેવર દેખાયું. ગીધડાંએ ચાંચો મારીમારીને ચુંથી નાંખ્યું હતું. રસોયાએ ઝડપથી મનોમન નિર્ણય કરી, એ મૃત કલેવરને ત્યાંથી ઉઠાવ્યું. માંસની ખાસ ટોપલીમાં તેને નાંખી, ઉપર વસ્ત્ર વીંટી તે ઝડપથી રાજમહેલમાં આવી પહોંચ્યો. કોઇને જરા પણ ગંધ ન આવે તે રીતે તેણે એ કલેવર પર સંસ્કાર કરી તેને પકાવ્યું. જેટલી પોતાની પાકકળા હતી, તે સર્વ કળાનો ઉપયોગ કરી તેણે સ્વાદીષ્ટ ભોજન તૈયાર કર્યું. પછી દોડયો રાજા સોદાસ પાસે. સોદાસ તો કયારનો ય ભૂખ્યો ડાંસ જેવો થઇને તરફડી રહ્યો હતો. રસોઈયાને આવતાં જ તે બેઠો થઈ ગયો, અને પૂછયું;

'કેમ, મળી ગયું ?'

'મહારાજાની કૃપાથી શું ન મળે ?'

'ભોજન તૈયાર છે ?'

'જી હા. આપને બોલાવવા જ આવ્યો છું.'

'શાબાશ ! તું ખરેખરો મારો વફાદાર સેવક છે...' એમ કહી સોદાસે પોતાના ગળાનો હાર કાઢી રસોઇયાને પહેરાવી દીધો.

રસોઈઓ ખુશખુશ થઈ ગયો. સોદાસને

તેણે મનુષ્યમાંસની તૈયાર કરેલ વાનગી પીરસી. સોદાસે જ્યાં બે-ચાર કોળીયા ખાધા, તેને આજે કોઇ અપૂર્વ રસનો અનુભવ થયો. આજનું ભોજન તેને ખૂબ જ પ્રિય લાગ્યું. તેણે રસોઇયાને પૂછ્યું :

'આજનું ભોજન તો કમાલ છે! આવું જ ભોજન રોજ તૈયાર કરે તો કેવો આનંદ આવે? એ તો કહે, આ માંસ કયા પશુનું છે?'

'મહારાજા, પશુનું માંસ તો અયોધ્યામાં ક્યાંય ન મળ્યું. આ તો મેં ઘણી મહેનતના અંતે મનુષ્યનું માંસ મેળવ્યું છે!'

'ગમે તેનું હોય, હવેથી રોજ તારે આ જ માંસનું ભોજન તૈ કરવું...સમજ્યો?

'જેવી મહારાજાની આજ્ઞા,'

રસોઇઓ તો હજારોની કિંમતનો હાર જોઇ જોઇ ખુશી થઇ રહ્યો હતો. એનું તો જીંદગીનું દારિદ્રય દૂર થઈ ગયું હતું. તેણે રોજ મનુષ્યનું માંસ લાવવાનું કબૂલ તો કરી લીધું. પરંતુ પછીથી તે મુંઝાયો રોજ ને રોજ મનુષ્યનું માંસ ક્યાંથી લાવવું? તેમાં પણ બાળકનું માંસ! તેણે આનંદની સલાહ લેવાનો વિચાર કર્યો. સાંજના ભોજન કાર્યથી પરવારી તે આનંદના મકાને પહોંચ્યો. બે દિવસથી તબિયત અસ્વસ્થ હોવાના કારણે આનંદ રાજમહેલમાં આવતો ન હતો.

રસોઈયાને આવેલો જાણી આનંદના મનમાં અનેક શંકા-કુશંકાઓ જાગી. રસોઈયાએ તબિયતના સમાચાર પૂછી મૂળ વાત આનંદની સમક્ષ મૂકી :

'મહારાજ, હું તો મુંઝાઇ ગયો છું; હવે આપ બતાવો કે મારે શું કરવું?'

'એમાં ચિંતા શા માટે કરે છે? મહારાજા ખુદની ઇચ્છા છે તો પછી તારે ડરવાનું શું કારણ? ગામમાં ઘણાં નાનાં બાળકો છે. રોજ એકને...'

'કામ ઘણું ભયભરેલું છે....'

'ડરપોક મનુષ્યો રાજાની સેવા ન કરી શકે, સમજ્યો?'

'મહારાજ, હું તો એક ગરીબ બ્રાહ્મણનો પુત્ર...નથી ને પકડાઇ ગયો તો....'

'તું ડર નહિ. હું તને આખી યોજના સમજાવી દઉં છું. એ મુજબ તું તારે કામ કરે જા. બાકીનું બધું હું સંભાળી લઇશ.'

'એ વાત બરાબર. પછી મારે ડરવાની જરૂર નથી.'

આનંદે રસોઇયાને બાળકો પકડવાની કળા સમજાવી દીધી- રસોઈયાને પણ યોજના ગમી ગઇ. તે આનંદને નમસ્કાર કરી રવાના થયો. આનંદ મનુષ્યમાંસના ભોજનની કલ્પનાનો રસાસ્વાદ માણતો નિદ્રાધીન થયો.

બીજા દિવસે સવારે, આનંદની યોજના મુજબ, રસોઇયાએ મીઠાઇનો એક ટોપલો ભર્યો અને ટોપલો ઉપાડી તે અયોધ્યાની એક નિર્જન ગલીના નાકે જઇને ઉભો રહ્યો. આ રસ્તે થઈને ગામના ગરીબ વર્ગનાં બાળકો શાળામાં અભ્યાસાર્થે જતાં હતાં. શેરીના બીજા નાકે ઉપાધ્યાયની શાળા હતી. શેરીનો રસ્તો બાળકોની અવરજવર, સિવાય નિર્જન હતો. નિત્યક્રમ મુજબ બાળકો એ ાર્ગેથી શાળા જવા લાગ્યાં. રસોઇયાએ દરેક બાળકને મીઠાઇ આપવા માંડી. બાળકો ખૂશ ખૂશ થઇ ગયાં. બીજા દિવસે પણ એ મુજબ મીઠાઇ આપી....ત્રીજા દિવસે પણ આપી...ત્રીજા દિવસે એક પછી એક બાળક મીઠાઇ લઇને જવા માંડયું, એમ કરતાં કરતાં છેલ્લું એક બાળક આવ્યું, તેણે પણ મીઠાઇ લેવા હાથ લંબાવ્યો. રસોઇયાએ એનો હાથ પકડી તેના નાકે એક દવા સુંઘાડી દીધી. બાળક તુરત જ બેભાન થઈ ગયું...રસોઇયાએ મીઠાઇના ખાલી ટોપલામાં તેને નાંખી, ટોપલો માથે મૂકી... ત્યાંથી ચલતી પકડી. ઝડપથી તે રાજમહેલમાં આવ્યો. રસોઇઘરની નીચે ભોંયરૂં હતું, સીધો ભોંયરામાં પહોંચી ગયો...ટોપલો નીચે ઉતારી, છરીથી તૂરત એ કોમળ બાળકની હત્યા કરી નાંખી...

ધનનો લોભી મનુષ્ય કયું પાપ નથી આચરતો? રસોઈયાને રાજા તરફથી ને આનંદ તરફથી જેમ-જેમ બક્ષિસો મળતી ગઈ તેમતેમ એ બ્રાહ્મણનો લોભ વધતો ગયો, અને રાજા તથા આનંદની

ક્રૂર વાસના પોષવા તે લાગ્યો....યાવદ્ ફુલ જેવા બાળકની પણ હત્યા કરતાં તેનો જીવ કંપ્યો નહિ.

બસ, હવે આ પાપલીલા રસોઈયાને ફાવી ગઇ. રોજ તે એક ક બાળકને ઉઠાવી લાવવા માંડ્યો અને તેનું માંસ રાંધી સોદાસને ખવરાવવા લાગ્યો.

રોજ એક-એક બાળક ખોવાવા માંડવાથી નગરમાં હાહાકાર વર્તાઇ ગયો. રોજને રોજ મંત્રીવર્ગ પાસે ફરિયાદ આવવા માંડી. મંત્રીવર્ગ પણ ચિંતાતુર બની ગયો. અયોધ્યાના મહાજનના અગ્રણીઓ મહામંત્રીને આવીને મળ્યા : 'મહામંત્રીજી, ક્યારેય નહિ ને હમણાંથી રોજનેરોજ એક બાળક ખોવાય છે. તેની તત્કાલ તપાસ કરવી ઘટે છે. ને બાળકને ઉઠાવી જનારને પકડવો જરૂરી છે....'

'તમારી વાત તદ્દન વ્યાજબી છે. હું પણ એજ વિચારમાં છું. આજે જ મહારાજાને મળીને યોગ્ય વ્યવસ્થા કરૂં છું.' મહામંત્રીના આશ્વાસનથી મહાજન સંતુષ્ટ થયું. મહામંત્રી મહારાજાની પાસે ગયા. સોદાસ પણ મહામંત્રીને આવેલા જાણી પરિસ્થિતિ કળી ગયો.

'મહારાજા. નગરમાંથી રોજને રોજ એક બાળક ખોવાય છે. પ્રજામાં ગંભીર ચિંતા વ્યાપી છે....એ અંગે તુરત ચાંપતી તપાસ કરવી જરૂરી છે.'

'કોટવાલને કહો કે તે તપાસ કરે. મને તો લાગે છે કે રાત્રે કોઈ રાક્ષસ આવી બાળકોને ઉઠાવી જતો હોવો જોઇએ.'

'ના જી. બાળકો નિશાળે જાય છે, પછી જ તેમાંથી કોઈ બાળકને ઉઠાવી જાય છે.'

'તો શાળાના અધ્યાપકને પૂછપરછ કરવી જોઇએ.' સોદાસના હૃદયમાં જાણે કોઇ જ ચિંતા ન હોય તે રીતે બોલતો હતો. ચકોર મહામંત્રી મહારાજાની આ વર્તણુક પર આશ્ચર્ય પામ્યા. મહામંત્રી ત્યાંથી ઉઠીને પોતાનાં નિવાસસ્થાને આવ્યા અને મંત્રીમંડળને ભેગું કર્યું. તમામ મંત્રીઓએ તત્કાલ બાલ-ચોરની તપાસ કરવાનો અભિપ્રાય આપ્યો. મહામંત્રીએ પણ પોતાના ખાસ ગુપ્તચરને બોલાવ્યો અને ચોરની તપાસ કરવાનું કામ સોંપી દીધું.

ગુપ્તચરે તુરત જ ચોર અંગેની તપાસ આરંભી દીધી. તે રાત્રીના સમયે શાળાના અધ્યાપકની પાસે પહોંચ્યો. અધ્યાપક પણ ચિંતાતુર હતા. ગુપ્તચરે અધ્યાપક પાસેથી જરૂરી માહિતી મેળવી લીધી અને બીજા દિવસે સવારે પુનઃ તે શાળામાં ગયો. બાળકોને જે પૂછવું હતું તે પૂછી લીધું. તેમાં તેને જાણવા મળ્યું કે છેલ્લા કેટલાક સમયથી એક માણસ રોજ બાળકોને મિઠાઈ આપે છે. તેણે નક્કી કર્યું કે એ માણસને પહેલાં ઓળખી લેવો.

બીજા દિવસે છૂપી રીતે તેણે મિઠાઈ આપનાર રસોઈયાને જોયો. તુરત જ તેને ઓળખી લીધો. તેણે જોયા કર્યું કે એ શું કરે છે? મિઠાઇ લઇને ઘણા બાળકો ચાલ્યાં ગયાં. કેટલાંક બાળકોની સાથે તેમના વાલીઓ પણ હતા. થોડાક સમય પછી એક બાળક આવ્યું. મિઠાઈ લેવા તે રસોઈયાની પાસે ગયું. રસોઇયાએ આજુબાજુ દૃષ્ટિ કરી, કોઈ દેખાયું નહિ, બાળકને બેભાન બનાવી ટોપલામાં નાંખી દીધું...ગુપ્તચરે તે જોઈ લીધું. તેને પાકી ખાતરી થઈ ગઇ કે આ દુષ્ટ જ રોજ એકએક બાળકને ઉઠાવી જાય છે. 'પણ હવે તે એ બાળકને ક્યાં લઇ જાય છે? ત્યાં શું કરે છે?' એ જાણવું જરૂરી સમજી, ગુપ્તચરે તેનો પીછો પકડ્યો. રસોઇયો તો સીધો રાજમહેલમાં પહોંચ્યો, ગુપ્તચર પણ તેની પાછળ જ રાજમહેલમાં ઘુસ્યો. તેણે ઈશારાથી રાજમહેલના રક્ષક સૈનિકોની પોતાની પાછળ આવવા સમજાવી દીધું. રસોઇયો જેવો ભોંયરામાં ઘુસ્યો, ગુપ્તચરે તેનો હાથ પકડ્યો; અને પૂછ્યું :

'ક્યાં જાય છે?'

'તારે શું પંચાત છે?'

'મારે પંચાત છે, બોલ, ક્યાં જાય છે? ને એ ટોપલામાં શું છે?

'મારી સાથે લાંબી વાત ન કર. તું તારા રસ્તે ચાલ્યો જા.'

'ટોપલી નીચે ઉતાર.'

'નહિ ઉતારૂં.'

ગુપ્તચરે સૈનિકોને ઇશારો કર્યો. સૈનિકોએ રસોઇયાને ઘેરી લીધો. ગુપ્તચરે તુરત જ એક સૈનિકને રવાના કર્યો અને મહામંત્રીને બોલાવી લાવવા આજ્ઞા કરી. સૈનિક દોડતો મહામંત્રીની પાસે પહોંચ્યો અને મહામંત્રીને તાબડતોબ બોલાવીને આવી ગયો.

ટોપલો રસોયાની સાથે જ હતો. રસોઇઓ ભયનો માર્યો ધ્રુજી રહ્યો હતો, તેના શરીરે પસીનો છૂટીગયો હતો. મહામંત્રીને જોઇને રસોઇઆએ ટોપલો નીચે મૂકી દીધો ને મહામંત્રીના પગમાં પડી ગયો.

'મા-બાપ...મને ક્ષમા કરો. આમાં મારો ગુનો નથી...'

'પણ શું છે એ તો કહે...?' મહામંત્રીએ રસોઇયાના જ મુખે સારી વાત સાંભળવા પ્રશ્ન કર્યો.

'કૃપાનાથ. રોજ હું એક છોકરાને આ ટોપલામાં લાવું છું.'

'ટોપલો ખોલ.'

રસોઇઆએ તુરત ટોપલો ખોલ્યો...અંદરથી બેભાન હાલતમાં નાનું બાળક નિકળ્યું...મહામંત્રીના શરીરે કમકમી આવી ગઈ...તુરત જ તેમણે વૈદ્યોને બોલાવી લાવવા આજ્ઞા કરી. સૈનિક ત્વરાથી જઇને વૈદ્યને બોલાવી લાવ્યો. વૈદ્યોએ આવીને બાળકને તપાસ્યું. ઔષધોપચાર કરીને બાળકની બેશુદ્ધિ દૂર કરી. મહામંત્રીએ બાળકને એક સીપાઇની સાથે તેના ઘેર રવાના કરી દીધું. બીજીબાજુ રસોઇઆને કારાવાસમાં લઈ જવા અને બીજા દિવસે રાજસભામાં હાજર કરવા સૈનિકોને આજ્ઞા કરી. ગુપ્તચરની સાથે મહામંત્રીએ રસોઈ-ઘરના ભોંયરામાં પ્રવેશ કર્યો...ભોંયરામાંથી ભયંકર દુર્ગંધ આવી રહી હતી. મહામંત્રીએ ને ગુપ્તચરે વસ્ત્રથી નાક અને મુખ બાંધી દીધાં. જ્યાં તેઓ ભોંયરામાં પહોંચ્યા...ત્યાંતું દારૂણ દૃશ્ય જોઇને મહામંત્રીનું હૃદય કમ કમી ઉઠયું. એક બાજુ બાળકોનાં હાડપિંજરોનો ઢગલો પડેલો હતો. એક બાજુ માંસના લોચા લટકેલા હતા...ભૂમિ લોહીથી ખરડાયેલી હતી... (ક્રમશઃ)


**શ્રી વિશ્વકલ્યાણ-પ્રકાશન (હારીજ) પ્રકાશિત કરે છે!**

# લંકાપતિ

: લેખક :
**શ્રી પ્રિયદર્શન**

જૈન સમાજના અગ્રહૃત 'કલ્યાણ' માસિકમાં તમે ત્રણ વર્ષથી સતત 'રામાયણની રત્નપ્રભા'નું રસપૂર્ણ વાંચન કરી રહ્યા છો. હજુ તમને વર્ષો સુધી એ વાંચન મળતું રહેશે........
હવે આ રસમય રામાયણ પુસ્તકરૂપે તૈયાર થઈ રહી છે. તેનો પહેલો ભાગ 'લંકાપાત' તૈયાર થઇ ગયો છે.

**મંગલવચન—પૂ. પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર.**

**પ્રસ્તાવના—ગુજરાતના પ્રસિદ્ધ સાહિત્યકાર મોહનલાલ ચુ. ધામી.**

લંકાપતિ રાવણનાં અવનવાં પરાક્રમો, લંકાનું પતન અને ઉત્થાન.... વગેરે અનેક રસભરપૂર વાતોને જાણવા આ પ્રકાશન તુરત જ મંગાવી લો. પુસ્તક એકવાર હાથમાં લીધા પછી પુરૂં જ કરે છૂટકો! લગભગ ૩૦૦ પાનાં, દ્વિરંગી ચિત્રથી સુશોભિત પૂઠું, સ્વચ્છ સુંદર છપાઈ....છતાં

**—: મૂલ્ય માત્ર ત્રણ રૂપિયા :—**

**મુંબઇ-અમદાવાદ-પાલીતાણા-મહેસાણા વગેરે સ્થાનોના પ્રસિદ્ધ જૈન બુકસેલરોના પાસેથી તમારી નકલ ખરીદી લો.**

— શ્રી વિશ્વકલ્યાણ પ્રકાશનનું આધ્યાત્મિક સાહિત્ય જરૂર વસાવો —

**શ્રી વિશ્વકલ્યાણ પ્રકાશન :** C/o. શાન્તિલાલ એસ. દોશી
મુ. હારીજ. (ઉ. ગુજરાત)

# પ્રશ્નોત્તર કણિકા

શ્રી ધર્મરુચિ

પ્ર૦ ૯૪ : ક્ષયોપશમભાવ કેટલા કર્મનો હોય છે?

ઉ૦ : ક્ષયોપશમભાવ ચાર ઘાતી કર્મોનો જ હોય છે અને તેમાં પણ કેવલજ્ઞાનાવરણ અને કેવલદર્શનાવરણનો ક્ષયોપશમભાવ હોતો નથી.

એ માટે જુઓ પંચસંગ્રહ ભાગ ૧લો દ્વાર ૩જું ગા. ૨૫. 'मोहस्सेव उवसमो खओवसमो चउण्ह घाईणं' તેમજ તેની ટીકામાં કેવલજ્ઞાનાવરણ તથા કેવલદર્શનાવરણના ક્ષયોપશમનો અભાવ બનાવ્યો છે. જુઓ તે ટીકા—

**'तथा उदयावलिकाप्रविष्टस्य अंशस्य क्षयेण, अनुदयावलिकाप्रविष्टस्य उपशमेन विपाकोदय-निरोधलक्षणेन निवृत्तः क्षायोपशमिक, स च चतुर्णामेव घातिकर्मणां ज्ञानावरण–दर्शनावरण–मोहनीयान्तरायरूपाणां भवति, न शेषकर्मणां, चतुर्णामपि च केवलज्ञानावरणकेवलदर्शनावरण-रहितानां, तयोर्विपाकोदयविष्कम्भाभावतः क्षयोपशमासम्भवात्'।**

પ્ર૦ ૯૫ : ક્ષાયિકભાવ, ઉપશમભાવ અને ક્ષયોપશમભાવ આ ત્રણે દ્વારા ઉત્પન્ન થતા ગુણોમાં તફાવત શું?

ઉ૦ : આત્મામાં સમ્યક્ત્વ અને ચારિત્ર આદિ ગુણો સ્વ–સ્વરૂપે રહેલા છે. સંસારી અવસ્થામાં તે તે ગુણો તેના પ્રતિપક્ષી કર્મોથી આવરાયેલા હોય છે. તે પ્રતિપક્ષી કર્મોનું બળ જેમ જેમ ક્ષીણ થાય છે, તેમ તેમ તે તે ગુણો પ્રગટ થાય છે. આમાં વિવક્ષિત ગુણના પ્રતિપક્ષી કર્મોનો સર્વથા ક્ષય થાય ત્યારે ક્ષાયિક ભાવનો તે ગુણ પ્રગટ થાય છે. જ્યારે તે પ્રતિપક્ષી કર્મો સત્તામાં પડ્યા હોય પણ અમુક કાળ સુધી તેનો વિપાક અને પ્રદેશ બન્ને રીતનો ઉદય અટકી જાય છે ત્યારે ઉપશમ ભાવનો તે ગુણ પ્રગટ થાય છે અને જ્યારે તે તે ગુણના પ્રતિપક્ષી કર્મોનો પ્રદેશોદય વર્તતો હોય અથવા સર્વાંશે ગુણનો નાશ ન કરી શકે તેવા અલ્પરસવાળા (દેશઘાતી સ્પર્ધકો) પ્રતિપક્ષી કર્મોનો ઉદય હોય ત્યારે તે ગુણ ક્ષયોપશમભાવે પ્રગટ થાય છે.

એક ઉદાહરણથી આ વાત આપણે જોઈએ. જેમકે સમ્યક્ત્વ એ આત્માનો ગુણ છે. એના પ્રતિપક્ષી કર્મો છે મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબન્ધી ચતુષ્ક. એટલે મિથ્યાત્વ અને અનંતાનુબન્ધી ચતુષ્કના વિપાક ઉદયવાળા જીવને સમ્યક્ત્વ પ્રગટ હોતું નથી.

જ્યારે મિથ્યાત્વ, તથા અર્ધવિશુદ્ધ અને વિશુદ્ધ થયેલું મિથ્યાત્વ જે મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયરૂપે ઓળખાય છે તે ત્રણનો અને અનન્તાનુબન્ધિ કષાય ચતુષ્કનો સર્વથા ક્ષય થયે ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ પ્રગટ થાય છે. તેમજ જ્યારે દર્શનમોહનીયત્રિકનો પ્રદેશોદય અને વિપાકોદયનો અમુક કાળ સુધી અભાવ થાય છે ત્યારે ઉપશમભાવનુ સમ્યક્ત્વ પ્રગટ થાય છે. અને તે ઉપશમ સમ્યક્ત્વ મિથ્યાત્વ, સાસ્વાદન અને મિશ્ર એ ત્રણ ગુણસ્થાનક તથા ક્ષયોપશમસમ્યક્ત્વ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી રહે છે અને મિથ્યાત્વ તથા મિશ્રમોહનીયના વિપાકોદયનો અભાવ અને પ્રદેશોદય ચાલુ હોય અને દેશઘાતિરૂપ જે સમ્યક્ત્વમોહનીય પ્રકૃતિ છે તે વિપાકોદયરૂપે પ્રવર્તતી હોય ત્યારે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રગટ થાય છે, વળી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ જ્યારે હોય ત્યારે અનન્તાનુબન્ધિના પુદ્ગલો, ચાલુ ઉદયનિષેકમાં ક્રમપ્રાપ્ત આવેલા હોય તે વિપાકોદયવાળા અપ્રત્યાખ્યાનાવરણાદિમાં સંક્રમીને ભોગવાઈ જાય છે. તથા મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયના પુદ્ગલો સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમીને ભોગવાઈ જાય છે.

ઉદયનિષેકમાં રહેલા પરપ્રકૃતિના પુદ્ગલોને વિપાકોદયવાળી સજાતીય પ્રકૃતિમાં સંક્રમાવીને ભોગવવાની આ પદ્ધતિને શાસ્ત્રમાં સ્તિબુક-સંક્રમ કહેવાય છે અને પ્રદેશોદય એ સ્તિબુક સંક્રમનું જ બીજું નામ છે.

પ્ર૦ ૯૬ : સોલ કષાયોનો વિપાકોદય કયા કયા ગુણોને હણે છે ?

ઉ૦ : અનંતાનુબન્ધિકષાયો સમ્યક્ત્વગુણને હણે છે, અપ્રત્યાખ્યાનીય કષાયો દેશવિરતિ ગુણને હણે છે, પ્રત્યાખ્યાનીય કષાયો સર્વવિરતિગુણને હણે છે અને સંજ્વલનના કષાયો યથાખ્યાતચારિત્ર (વીતરાગતા)ને હણે છે. પ્રથમ કર્મગ્રન્થની ૧૮ મી ગાથાના પૂર્વાર્ધમાં અનન્તાનુબન્ધી આદિ કષાયોની સ્થિતિ બતાવી ઉત્તરાર્ધમાં આ વાત સ્પષ્ટ કરી છે.

**'सम्माणुसव्वविरई–अहक्खायचरित्तघायकरा'**

તેમજ તે ગાથાની ટીકામાં ટીકાકાર મહર્ષિએ ચૌદપૂર્વધર શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામીજીની ગાથાઓ આપીને પણ આ વાત પુષ્ટ કરી છે.

**यदाहुः श्रीभद्रबाहुस्वामिपादाः :–**

**पढमिल्लुयाण उदये, नियमा संजोयणाकसायाणं । सम्मद्दंसणलंभं भवसिद्धीया वि न लहंति ॥१॥ बीयकसायाणुदये अपच्चक्खाणनामधिज्जाणं । सम्मद्दंसणलंभं विरयाविरइं न उ लहंति ॥२॥ तइयकसायाणुदए पच्चक्खाणावरणनामधिज्जाणं । देसिक्कदेसविरइं चरित्तलंभं न उ लहंति ॥३॥ मूलगुणाणं लंभं, न लहइ मूलगुणघाइणं उदए । संजलणाणं उदए, न लहइ चरणं अहक्खायं ॥४॥**

પ્ર૦ ૯૭ : ચારિત્રની પ્રાપ્તિ માટે કયા કયા કર્મનો ક્ષયોપશમ જોઈએ ?

ઉ૦ : સામાન્ય રીતે ચારિત્રની પ્રાપ્તિ માટે ચારે ઘાતી કર્મનો ક્ષયોપશમ જરૂરી ગણાય. કેમકે–ચારિત્રના પાલન માટે જઘન્યથી પણ અષ્ટ પ્રવચનમાતાના જ્ઞાનની આવશ્યકતા રહે છે એટલે તેના માટે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ જોઈએ, અમુક ઈન્દ્રિયોની શક્તિઓ જોઈએ, એટલે તેના માટે ચક્ષુર્દર્શનાવરણીય આદિનો ક્ષયોપશમ જોઈએ, તથા થીણદ્ધિરૂપ ગાઢ નિદ્રાનો અભાવ જોઈએ, અને ચારિત્રના પાલન માટે અમુક પ્રમાણમાં શારીરિક શક્તિ વગેરેની આવશ્યકતા હોવાથી, તે માટે અંતરાય કર્મના ક્ષયોપશમની પણ જરૂર છે. જ્યારે ચારિત્રનો આન્તરિક પરિણામ દર્શનમોહનીય તથા બાર કષાયોના ક્ષયોપશમ વિના ન થતો હોવાથી મોહનીય કર્મનો ક્ષયોપશમ જોઈએ. આમ ચારિત્રની પ્રાપ્તિ વખતે ચારે ઘાતી કર્મનો ક્ષયોપશમ જરૂરી ખરો, પરંતુ તેમાંના ત્રણ કર્મોનો ક્ષયોપશમ ચારિત્રપ્રાપ્તિમાં સાધારણ કારણ તરીકે છે, જ્યારે મોહનીય કર્મનો ક્ષયોપશમ અસાધારણ કારણ તરીકે છે. કેમકે બાકીના ત્રણ કર્મનો ક્ષયોપશમ હોવા છતાં દર્શનમોહનીયનો અને ચારિત્રમોહનીયના બાર કષાયોનો ક્ષયોપશમ ન હોય ત્યાં સુધી આન્તરિક–તાત્ત્વિક ચારિત્રની પ્રાપ્તિ હોતી નથી. માટે જ શાસ્ત્રકાર ભગવંતોએ દર્શનમોહનીય અને બાર કષાયોના ક્ષયોપશમથી ચારિત્ર પ્રાપ્ત થાય છે એ વાત જણાવી છે. તત્ત્વાર્થ સૂત્રના બીજા અધ્યાયના પાંચમા સૂત્રમાં પણ ટીકાકાર મહર્ષિએ આ હકીકત જણાવી છે. જે નીચે પ્રમાણે છે.

**'चारित्रमपि दर्शनमोहकषायद्वादशकक्षयोपशमाज्जायते सकलविरतिलक्षणम्'**

અહીં ચારિત્ર એટલે સર્વવિરતિરૂપ ચારિત્ર સમજવું. બાકી દેશવિરતિ ચારિત્ર તો દર્શનમોહનીય અને કષાય અષ્ટકના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. જે પાઠ આ પ્રમાણે છે.

**'स (संयमासंयमः) च दर्शनमोहापोहादनन्तानुबन्ध्यप्रत्याख्यानकषायाष्टकक्षयोपशमाज्जायते ।**

⊙

# સમાચાર સાર

**પ્રવ્રજ્યાના પુનિત પંથે :** પૂ. પાદ. ઉપા. મ. શ્રી જયંતવિજયજી ગણિવર તથા પૂ. પં. મ. શ્રી વિક્રમવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં મુંબઇ લાલબાગ ભૂલેશ્વરખાતે માહ વદિ ૫ ના ભાગ્યશાલી મુમુક્ષુ ભાઇશ્રી રમેશચંદ્રની દીક્ષા ભવ્ય મહોત્સવ પૂર્વક થઇ હતી. દીક્ષાર્થી મુમુક્ષુનાં સન્માન સમારંભો ઠેર ઠેર ઉત્સાહપૂર્વક ઉજવાતા. વર્ષીદાનનો વરઘોડો ભવ્ય રીતે ધામધૂમથી નીકળેલ, નૂતન મુનિશ્રીનું શુભનામ શ્રી રાજયશવિજયજી રાખવામાં આવેલ. તેમને પૂ. પં. મ. શ્રી વિક્રમવિજયજી ગણિવરશ્રીનાં શિષ્ય તરીકે સ્થાપેલ. પૂ. પંન્યાસજી મહારાજે હિતોપદેશ પ્રવચન આપેલ. પ્રભાવના થયેલ. પૂ. ઉપાધ્યાયજી મ. શ્રી સપરિવાર મહોત્સવ પ્રસંગે શાંતાક્રુઝ પધાર્યા છે.

**ઉદ્દઘાટન સમારોહ :** ડો. શ્રી નવીનચંદ્ર સી. મસાલીયાના નવા રૂગ્ણાલયનું ઉદ્દઘાટન ભોર (જી. પુના) મુકામે તા. ૭–૨–૬૪ના રોજ વિશાલ સંખ્યાની માનવમેદની વચ્ચે થયેલ.

**ધીણોજ :** પૂ. મુ. શ્રી નિત્યાનંદવિજયજી મ. ની નિશ્રામાં અત્રેના સ્વ. કેવલીબેનના શ્રેયાર્થે શ્રી કપૂરચંદ રાયચંદ તરફથી માહ વદિ ૩ થી પંચાહ્નિકા મહોત્સવ ધામધૂમથી ઉજવાયેલ. વદિ ૫ના બન્ને ટંકની નવકારશી થઇ હતી. આ પ્રસંગે મહેસાણાથી પૂ. સા. શ્રી નિર્જરાશ્રીજી આદિ પધાર્યા હતા. પૂ. સા. શ્રી મણિશ્રીજી અત્રે રોકાયા હતા. પૂ. મહારાજશ્રીને ૬૬ મી ઓળી ચાલે છે. અહિંથી વિહાર કરી મહેસાણા, વીસનગર થઇ તારંગાજી તેઓ પધાર્યા છે.

**બેંગલોર :** પૂ. મુ. શ્રી પ્રીતિવિજયજી મ. પૂ. મુ. શ્રી તત્ત્વવિજયજી મ. અત્રે ગાંધીનગર ખાતે પધાર્યા હતા, ૪૦ દિવસ સ્થિરતા કરી તેઓ હુબલી તરફ પધાર્યા છે. સ્થિરતા દરમ્યાન ધર્મજાગૃતિ સારી આવેલ, અત્રે ધાર્મિક શિક્ષક શ્રી પાનાચંદભાઇની ખંતથી પાઠશાળા સારી પ્રગતિ કરી રહી છે. અત્રેનું શિખરબંધી જિનાલય દર્શનીય છે.

**ઉદાર સખાવત :** મુંબઇ ખાતે ભૂલેશ્વર લાલબાગમાં તૈયાર થતી આલિશાન જૈન ધર્મશાળાની યોજનામાં સંકલિત જૈન ભોજનશાળા માટે સ્વ. શ્રી બબલચંદ કેશવલાલ મોદીના સ્મરણાર્થે શ્રી વસુમતીબેન બબલચંદ મોદી તથા શ્રી કે કે. મોદી તરફથી રૂા. ૮૧૦૦૧) તથા જૈન કલીનીક માટે શ્રી કપૂરચંદ નેમચંદ મહેતા તથા તેમના કુટુંબીજનો તરફથી રૂા. ૧,૨૫૦૦૧) અને શ્રી મોહનલાલજી લાયબ્રેરીના ગ્રંથાલય હોલ માટે રૂા. ૨૫૦૦૧) ની ઉદાર સખાવત થયેલ છે.

**અંજનશલાકા પ્રતિષ્ઠામહોત્સવ :** ચેમ્બુર–મુંબઇ ખાતે પૂ. આ. મ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. ના સદુપદેશથી લગભગ ૩ થી ૪ લાખના ખર્ચે વિશાલ અને ભવ્ય, ત્રણ શિખરોથી રમણીય જિનાલય તૈયાર થવા આવેલ છે. જેનો પ્રતિષ્ઠા મહોત્સવ તથા જિનાલયમાં પ્રતિષ્ઠિત થનાર નવા જિનબિંબોનો અંજનશલાકા મહોત્સવ પૂ. આ. મ. શ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મ. પૂ. આ. મ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. આદિની શુભનિશ્રામાં ફા. વદિ ત્રીજ તા. ૧–૩–૬૪ રવિવારના પુણ્ય દિવસે ઉજવવામાં આવનાર છે. જેની ભારે તૈયારીઓ ચાલી રહી છે.

**ચૂડા :** પૂ. પં. શ્રી જયાનંદવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી વિજયચંદ્રવિજયજી મ. ની શુભ નિશ્રામાં માહ સુ. ૬ સોમવારે નવદીક્ષિત મુ. શ્રી રૈવતચંદ્રવિજયજીની વડી દીક્ષા થયેલ. તેમને મુ. શ્રી પાર્શ્વચંદ્ર વિજયજીના શિષ્ય કરેલ. આ પ્રસંગે ચૂડાના દરબાર તરફથી પેંડાની પ્રભાવના થયેલ. પાઠશાળાના બાલક–બાલિકાઓને તથા મહિલા મંડળની બેનોને શ્રી ડાહ્યાલાલ ઠાકરશી તરફથી રૂા. ની પ્રભાવના થયેલ. પ્રભુજીને આંગી થયેલ. પૂજા ભણાવાયેલ.

**ઉમતા :** અત્રે શા. મંગલદાસ ખેતશીભાઈના ધર્મપત્ની અમથીબેનનાં પુણ્યસ્મરણાર્થે તેમના તરફથી માહ સુદિ ૧૦ થી વદિ ૩ સુધી અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાયેલ. દરરોજ પૂજા, આંગી, પ્રભાવના થતાં હતાં. વદિ ૩ના દિવસે નવકારશીનું જમણુ રાખેલ. ગામમાં ઘર દીઠ વાટકાની પ્રભાવના કરેલ. પૂજા માટે બહારગામથી ગવૈયા આવેલ.

**કરમાળા :** (મહારાષ્ટ્ર) અત્રે પૂ. પં. શ્રી રંજનવિજયજી ગણિવર તથા પૂ. મુ. શ્રી ભદ્રાનંદ-વિજયજી મ. આદિ સંઘની આગ્રહભરી વિનંતિથી મહા સુ. ૧૨ ના સામૈયાપૂર્વક પધાર્યા છે. બાર્શીથી અત્રે પધારતાં વચ્ચે કુર્ડુવાડીમાં શ્રી જિનાલય તથા ઉપાશ્રયની આવશ્યકતા માટે ઉપદેશ આપતાં સારી ટીપ થયેલ. અત્રે ધ્વજદંડ પ્રતિષ્ઠા નિમિત્તે મહોત્સવ હોવાથી તેઓ ફા. વદિ ૧૦ સુધી રોકાણુ કરશે.

**મારવાડ તરફ** પૂ. પં. શ્રી સુંદરમુનિજી મ. આદિ સીપોર પધારતાં પં. શ્રી હીરમુનિજી મ. ની સ્વર્ગારોહણુ તિથિ નિમિત્તે પૂજા, ભાવના, આંગી થયેલ. પૂ. મહારાજશ્રી અત્રેથી તારંગાજી પધાર્યા હતા. ત્યાંથી તેઓશ્રી વિહાર કરી મારવાડ તરફ પધાર્યા છે.

**મંગલ પ્રારંભ નિમિત્તે :** કડી ખાતે જૈન-વિદ્યાર્થી ભવનના ૨૧ મા વર્ષના મંગલ પ્રારંભ નિમિત્તે મહા વદિ ૫ થી મહોત્સવ શરૂ થયેલ. વદિ ૧૩ સોમવારના સિદ્ધચક્ર પૂજનનો કાર્યક્રમ યોજાયેલ.


## ધર્મ-સાધનાનો અપૂર્વ અવસર

મહાન જિનમંદિરો અને મનોહર જિનમૂર્તિઓ જૈનસંસ્કૃતિનો પાયો છે. હજારો વર્ષોથી જિનમંદિરોનાં નિર્માણુ થતાં આવ્યાં છે. એના સહારે કરોડો મનુષ્યો શ્રી જિનેશ્વરદેવની ઉપાસના કરી આત્મકલ્યાણુ કરી રહ્યા છે.

**ગોવીંદગઢ** અજમેર જિલ્લામાં આવેલું ગામ છે. અહીં જૈનોનાં ૩૫ ઘર છે. અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું દોઢસો વર્ષ પ્રાચીન દેરાસર છે. દિનપ્રતિદિન અહીં મૂર્તિપૂજક ઓછા થવા લાગ્યા....પરિણામે એક પણ જૈન મૂર્તિપૂજક ન રહ્યો. અમારા સદ્‌ભાગ્યે આ વર્ષે **પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્ય પૂ મુનિરાજ શ્રી ધર્મગુપ્તવિજયજી તથા પૂ. મુનિરાજ શ્રી ભદ્રગુપ્તવિજયજી** આદિ મુનિરાજો હમારા ગામમાં પધાર્યા. સદુપદેશ આપ્યો. સત્યમાર્ગ સમજાવ્યો. અમે શ્રી જિનમૂર્તિની ઉપાસના કરવા ઉજમાળ બન્યા.

દેરાસર જીર્ણ અવસ્થામાં હોવાથી તેનો ઉધ્ધાર કરવો અતિ જરૂરી છે. જીર્ણોદ્ધારનો ખર્ચ લગભગ દસ હજાર છે. **અમારી સમસ્ત ભારતવર્ષના જૈન સંઘોને વિનમ્ર વિનંતિ છે કે આપ આપના દેવદ્રવ્યમાંથી અથવા વ્યક્તિગત સારી રકમ મોકલી આપવા કૃપા કરો.** જીર્ણોદ્ધારનું કાર્ય પૂર્ણ થતાં સુંદર મુહૂર્તે પુનઃ પ્રતિષ્ઠા કરાવવાની અમારી ભાવના છે.

આ પ્રદેશમાં કે જ્યાં મોટા ભાગના જૈનો શ્રી જિનમંદિરમાં માન્યતા ધરાવતા નથી, ત્યાં એવું સુંદર દેરાસર બનાવવાની અમારી ભાવના છે કે જ્યાં સહુ કોઇ આકર્ષાય અને જિનેશ્વરદેવનાં દર્શન કરે. ચંચળ લક્ષ્મીનો સદુપયોગ કરવાનો આ સુંદર અવસર વધાવી લેશો.

—: સહાયતાની રકમ નીચેના સીરનામે મનીઓર્ડરથી મોકલી આપવા વિનંતિ છે :—

**કનકમલજી નથમલજી મહેતા** મુ. પોસ્ટ : ગોવીંદગઢ (જીલ્લા : અજમેર).

**પ્રતિષ્ઠા મહોત્સવ :** છાણી ખાતે પૂ. મુ. શ્રી ગુણાનંદવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી ચંદ્રશેખરવિજયજી મ. ની શુભનિશ્રામાં શ્રી મહાવીરસ્વામી ભગવંત આદિ જિનબિંબોનો પ્રતિષ્ઠા-મહોત્સવ પોષ વદિ ૧૨ થી શરૂ થયેલ. દરરોજ વિવિધ પ્રકારની પૂજા, આંગી તથા ભાવનાઓ થતી હતી. રથયાત્રાનો ભવ્ય વરઘોડો ધામધૂમથી નીકળેલ. જેમાં વડોદરાના સુવિખ્યાત બેંડો, ઘોડાગાડી, મોટરો ઇ. ની શોભા અદ્વિતીય હતી. સુદિ ૬ ના મંગલમય વાતાવરણ વચ્ચે રૂા. ૬૦૦૧ બોલી શ્રી ચુનીલાલ માણેકલાલના સુપુત્ર શ્રી નટવરલાલે મૂલનાયકજીને ગાદીએ બિરાજમાન કરેલ. રૂા. ૨૬૦૧ બોલી શ્રી કાંતિલાલ દામોદરદાસે શ્રી ચંદ્રપ્રભસ્વામીને બિરાજમાન કરેલ. રૂા. ૧૦૦૧ બોલીને શ્રી કેસરીચંદ ફતેહચંદે શિખર પર ધજા ફરકતી મૂકેલ ભારે ધામધૂમથી અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવવામાં આવેલ. મહોત્સવની ખુશાલી નિમિત્તે રાવબહાદુર શ્રી જીવાભાઈ પ્રતાપશી તરફથી સાકરના પડિકાની પ્રભાવના કરવામાં આવેલ.

**સિદ્ધચક્રપૂજન :** 'કલ્યાણ' ના મુંબઈ ખાતેના માનાર્હ પ્રચારક તથા શુભેચ્છક શ્રી પ્રાણલાલ દેવશીભાઈના લગ્ન નિમિત્તે તેમના તરફથી મહા સુદિ ૧૨ રવિવારના દિવસે મુંબઈ-માટુંગા ખાતે તેમના પોતાના ભવ્ય ગૃહચૈત્યમાં ધામધૂમપૂર્વક સિદ્ધચક્રપૂજન ભણાવાયેલ. પૂજનના વિધિ-વિધાન માટે અમદાવાદથી શ્રી હીરાભાઈ પધારેલ. પૂજનમાં ઘણો જ આનંદ આવેલ. પ્રભાવના થઈ હતી. આ પ્રસંગે વઢવાણથી 'કલ્યાણ' ના માનદ સંપાદક શ્રી કીરચંદ જે. શેઠ પણ આવેલ હતા.

**શિક્ષણના વિકાસાર્થે :** બનાસકાંઠા જીલ્લામાં ચાલતી ધાર્મિક પાઠશાળાઓ અને જૈન બોર્ડીંગોમાં ચાલતા ધાર્મિક અભ્યાસનું એકીકરણ થાય તે માટે શ્રી જગદ્‌ગુરૂ જૈન મિત્રમંડળ-પાલનપુર સંચાલકોની વિનંતિ છે કે, બનાસકાંઠા જીલ્લામાં ચાલતી જૈન પાઠશાળાઓ તથા જૈન બોર્ડીંગના કાર્યવાહકોએ પોત-પોતાની સંસ્થાઓની વિગત એના સીરનામે મોકલવી. જો સારો સહકાર મળશે તો તાત્કાલિક સંસ્થાઓના કાર્યવાહકો તથા શિક્ષકોનું સંમેલન પાલનપુર ખાતે બોલાવાય. પત્રવ્યવહાર શ્રી માનચંદ સંપ્રિતચંદ (ગૃહપતિ) ઠે. જૈન બોર્ડીંગ, જેલ પાસે, પાલનપુર (ઉ. ગૂ.)

**ભવ્ય માલારોપણ મહોત્સવ :** પૂ. પાદ આ. મ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. શ્રીની પુણ્ય નિશ્રામાં ૧૧૫ લગભગ ભાવિકોએ મુંબઈ-અંધેરી ખાતે ઉપધાન તપમાં પ્રવેશ કરેલ. તેનો માલારોપણ મહોત્સવ માહ સુદિ ૫ થી શરૂ થયેલ. પ્રારંભના દિવસે શ્રી અષ્ટાપદજીની ભવ્ય પૂજા ભારે ઠાઠથી ભણાવાયેલ. પૂજામાં પૂ. પં. શ્રી કીર્તિવિજયજી ગણિવરે ભાવાર્થ વિસ્તારથી સમજાવ્યો હતો, પૂજા શકરીબેન કેશવલાલ તરફથી મલાડના પાર્શ્વદીપક મંડળે ભણાવેલ. સુદિ ૬ ના ગુજરાતી જૈન સંઘ-અંધેરી તરફથી, સુદિ ૭ શ્રી મણિલાલ છગનલાલ વાલોડીયા તરફથી સુદિ ૮ ઉપધાન તપ આરાધકો તરફથી, સુદિ ૯ શ્રી મણિલાલભાઈ તરફથી વિવિધમંડળોએ આ દિવસોમાં પૂજાઓ ભણાવાયેલ. મહા સુ. ૧૧ ની સવારે માલારોપણ વિધિ શરૂ થયેલ. વિરાટ જનમેદની છતાં અપૂર્વ શાંતિ હતી. ૩૬૦૧ રૂા. બોલીને પ્રથમમાળ શ્રી ભીખીબેન પ્રભુદાસ ગુલાબચંદ બોરૂવાળાએ પહેરી હતી. બીજી માળ ૧૭૦૧ રૂા. બોલીને શ્રી ભદ્રિકાબ્હેન મણિલાલ વાલોડીયાએ પહેરી હતી. ૧૭ હજારની ઉપજ થઈ હતી. ઉપધાનતપ સમિતિ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયેલ. સુદ ૧૦ ના માળાનો ભવ્ય વરઘોડો ચડેલ. બે બેન્ડ, રથ, મોટરો બગીઓ વગેરેથી વરઘોડાની શોભા સારી રહેલ. ૫૦ ભાઈ-બહેનોએ માલારોપણના અવસરે વ્રતો ઉચ્ચરેલ. ઉપધાનના કાર્યમાં તન-મનથી સંપૂર્ણ ભોગ આપનાર શ્રી મફતલાલ મોહનલાલને ઉપધાનતપ સમિતિ તરફથી સન્માન થયેલ. શ્રી હરગોવનભાઈ આદિ સેવાભાવી કાર્યકરોનું બહુમાન કરવામાં આવેલ. માલારોપણ મહોત્સવ સુંદર રીતે પાર પડેલ. પૂ. પં. શ્રી કીર્તિવિજયજી ગણિવર તથા પૂ. મુનિરાજ શ્રી ભાસ્કરવિજયજી ઉપધાનતપની ક્રિયા કરાવતા હતા.

**પાવાપુરી** : ભ. શ્રી મહાવીરદેવની અંતિમ દેશના ભૂમિ પર નિર્મિત થયેલ ભવ્ય સમવસરણ મંદિરની ૭મી વર્ષગાંઠ ગત પોષ વ. ૬, ૫–૨–૬૪ ના ઠાઠમાઠથી અત્રે ઉજવવામાં આવેલ. કલકત્તા, જરીયા, રાજગૃહી, પટના વગેરે સ્થળોએથી ઠીક સંખ્યામાં ભાઈઓ આ અવસર પર પધારેલ. ત્રણ દિવસ પૂજા, ભાવના, પ્રભાવના તથા ભવ્ય અંગ રચના કરવામાં આવેલ. વ. ૬ ના ગામના મંદિરેથી ભવ્ય વરઘોડો ચઢાવેલ. અંબાડીઓ સહિત પાંચ હાથીઓની શોભા અદ્વિતીય હતી. ચાંદીના રથમાં શ્રી ડોસાલાલ રામજીના ધર્મપત્ની કાંતાબેન ભગવાનને લઇને બેઠેલ. વરઘોડો સમવશરણ મંદિરે ઉતરેલ. સત્તરભેદી પૂજા ભણાવાયેલ, નવમી ધ્વજપૂજા વખતે શ્રેષ્ઠીવર્ય શ્રી વ્રજલાલ ડાહ્યાભાઈ દોશી અને તેમના ધર્મપત્ની વિજયાબ્હેને રૂા. ૧૧૫૧ ની બોલીથી વિજય મુહૂર્તે ધ્વજારોપણ કરેલ. ૩ હજાર લગભગ દેવદ્રવ્યની ઉપજ થઈ હતી. આ વખતના મહોત્સવમાં શ્રી ધનજીભાઈ (હાલ પૂ. મુ. શ્રી ભદ્રશીલવિજયજી) ની દીક્ષા પછી વહિવટ સંભાળનાર શ્રી વ્રજલાલ ડાહ્યાભાઈ દોશીની સેવા પ્રશંસા માંગી લેતી હતી. જરીયાનિવાસી દેવશીભાઈનો સહકાર આદરણીય હતો. કલકત્તાથી 'કલ્યાણ'ના માનાર્હ ટ્રસ્ટી શ્રી મણિલાલ વી. શેઠ આ પ્રસંગે ખાસ આવેલ. જેથી ઉત્સાહ સારો રહેલ. કલકત્તાનો સંઘ ત્યાંથી શ્રી રાજગૃહી ગયેલ. ત્યાં શ્રી કનૈયાલાલજી મુનીમે સારૂં સ્વાગત કરેલ.

**શ્રી અરિહંત પૂજનનો ઉત્સવ** : માહ સુ. ૧૧ ના દિવસે મુંબઈ–અંધેરી ખાતે પૂ. આ. મ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. તથા પૂ. પં. શ્રી કીર્તિવિજયજી ગણિવરની શુભ નિશ્રામાં શ્રી કલ્યાણભાઈ છગનલાલ નાણાવટીનાં આત્મશ્રેયાર્થે તેમના સુપુત્ર શ્રી વીરેંદ્રકુમાર નાણાવટી તરફથી બૃહત્ અર્હત્પૂજન ધામધૂમથી થયેલ. રવિવાર આંખો દિવસ તથા સોમવારના બપોર સુધી આ અનુષ્ઠાન ચલ્યું હતું. વિધિવિધાન માટે શ્રી ચીનુભાઈ લલ્લુભાઇએ અનેરો ભક્તિરસ જમાવેલ. સહુએ અપૂર્વ આલ્હાદ અનુભવેલ. મુંબઈ તેમજ ઉપનગરના આગેવાનોની હાજરી ધ્યાન ખીંચનારી હતી. રવિવારે શ્રી વીરેંદ્રભાઇ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયું હતું. વ. ૧ ના પૂ. આચાર્યદેવાદિ વિહાર કરતાં ખૂબ જ માનવમેદની જમા થઇ હતી. બેન્ડપૂર્વક શ્રી શામજીભાઈને ત્યાં તેઓશ્રી પધારતાં પ્રભાવના થઈ હતી. શ્રી મફતલાલભાઇને ત્યાં તથા શ્રી સાકરચંદ સરકારને ત્યાં પણ તેઓશ્રી પધાર્યા હતા. અને મંગલપ્રવચન થયેલ,

**જાહેર આભાર** : 'કલ્યાણ'ના માનાર્હ પ્રચારક સેવાભાવી કાર્યકર તથા બનાસકાંઠાના સમાજ સેવક ભાઇશ્રી અમૃતલાલભાઈ એચ. દોશી એક નિવેદન દ્વારા જણાવે છે કે, 'જૈન સંઘની તથા સાહિત્યની નિસ્વાર્થભાવે સેવા કરતાં 'કલ્યાણ' માસિક માટે લાગણી રાખી, આત્મીયભાવે મને સભ્યો કરી આપવામાં, તેમજ સભ્યો તથા ગ્રાહકો બની જે જે શુભેચ્છક ભાઇઓએ મને સંપૂર્ણ સહકાર આપી, 'કલ્યાણ'ના ૨૦૦ સભ્યો બનાવવાના મારા સંકલ્પને પૂર્ણ કરવામાં મને સાથ આપેલ છે તે બધાયનો હું આ નિવેદન દ્વારા જાહેરમાં હાર્દિક આભાર માનું છું. ને તેમજ ભાઇશ્રી મહાસુખલાલ મણિલાલ, તથા શ્રી અનોપચંદભાઈ આદિએ મને 'કલ્યાણ'ના સભ્યો બનાવી આપવા માટે જે ફાળો આપેલ છે, તે બદલ હું સર્વનો ફરી આભાર માનું છું. ને કેવલ શાસનસેવાની ધગશથી એકપાઈની પણ કમાણીના ઉદ્દેશ વિના વ્યક્તિગત માલિકી રહિતપણે સંચાલિત 'કલ્યાણ' માસિક માટે લાગણી રાખી રહેલા તે સર્વ મારા સહકાર્યકરો એજ રીતે 'કલ્યાણ' માટે અનન્ય લાગણી રાખી તેના પ્રચારને વિસ્તારશે ' એજ શુભેચ્છા. લિ. અમૃતલાલ હરખચંદ દોશી. મુ. વાવ. (જિ. બનાસકાંઠા)

**ગુરૂમૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ** : પૂ. પાદ આ. મ. શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મ.શ્રીની શુભ નિશ્રામાં પ્રતાપનગર ખાતે પોષવદિ ૧૪ થી માહ સુ. ૩ સુધીનો ભવ્ય પંચાહ્નિક મહોત્સવ ભારે દબદબાપૂર્વક ઉજવાયેલ. મંડપો, ધજાઓ વગેરેથી ગામ શણગારાયેલ. પૂજા–ભાવના માટે નવસારીથી

સંગીતકાર મોહનભાઇ પોતાની મંડળી સાથે આવેલ. મહોત્સવ પ્રસંગે બહારગામથી ઘણા ભાઈ–બહેનો આવેલ. શેઠ બકુભાઈ મણિલાલ તરફથી રૂા. ૧૦૨૫ ની ઉછામણી બોલીને પૂ. પરમોપકારી સ્વ. આચાર્ય ભગવંત શ્રી વિજયદાનસૂરીશ્વરજી મ.ની મૂર્તિ બિરાજમાન કરવામાં આવેલ. ગુરૂમૂર્તિના અભિષેકનુ ૧૦૧ મણ ઘી બોલી શિવલાલ પરીખે લાભ લીધેલ. ચાર દિવસની પૂજાનો લાભ શ્રી મંગલદાસ નગીનદાસે લીધેલ. પૂ. આચાર્ય મહારાજે પૂ. પરમોપકારી સ્વ. સૂરિદેવના જીવનચરિત્રપર પ્રેરક પ્રવચન માહ સુદિ ૨ ના સ્વર્ગારોહણ તિથિના દિવસે આપેલ. સુદિ ૩ ના જિનાલયની વર્ષગાંઠ હોવાથી ધ્વજ ચઢાવેલ. શ્રી સિદ્ધચક્રપૂજનનો લાભ શ્રી વીરચંદ બેચરદાસે લીધેલ. સાંજે સાધર્મિક વાત્સલ્યનો લાભ શ્રી હિંમતલાલ બેચરદાસે લીધેલ.. અત્રેની ધર્મશાળા જીર્ણ થઈ ગયેલ હોવાથી પૂ. પાદ આ. મ.શ્રીના શુભ ઉપદેશથી રૂા. ૧૦ હજારની ટીપ તરત થઇ ગઈ હતી. પૂ. આ. મ.શ્રીના વિહારથી આ બાજુ ધર્મ જાગૃતિ સારી આવેલ છે. પૂજ્યશ્રી અત્રેથી માહ સુદિ ૫ ના વિહાર કરી રાયસંગ પરા, રાજપાટડી થઈ ઝઘડીયાજીતીર્થની યાત્રા કરી પાલેજ, પાદરા, બોરસદ થઈ માહ વદમાં અમદાવાદ તરફ પધાર્યા છે.

**તરફેણમાં ચૂકાદો :** રતલામ શાંતિનાથજી જૈન મંદિરનો કેસ જે કેટલાયે વર્ષોથી ચાલતો હતો. જે પ્રકરણે છેલ્લા સાત વર્ષથી સંઘમાં ચકચાર જગાવેલી. તે પ્રકરણમાં ઠેઠ સુપ્રીમકોર્ટ સુધી કેસ ગયેલ. છેલ્લે સુપ્રીમ કોર્ટનો ચૂકાદો જૈનસમાજની તરફેણમાં આવ્યો છે. આ કેસને અંગે ખંભાત નિવાસી શેઠ શ્રી રમણભાઈ દલસુખભાઈ શ્રોફ છેલ્લા લગભગ ૭ વર્ષથી ખૂબ જહેમત તથા પરિશ્રમ લેતા હતા. પોતાના કિંમતી સમયનો ભોગ આપીને ભોપાલ, રતલામ તથા દીલ્હી સુધી જઇને આ કેસને અંગે પ્રશંસનીય કાર્ય કર્યું છે. તન મન તથા ધનનો ભોગ આપીને તેમણે તીર્થરક્ષાનું તથા શાસનનું આ કાર્ય કરીને જે સફલતા પ્રાપ્ત કરી છે, તે માટે અમારા તેમને અભિનંદન તથા ધન્યવાદ.

**માળામહોત્સવ :** પૂ. આ. મ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ. તથા પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી મ. ની શુભ નિશ્રામાં મુંબઇ દોલતનગર ખાતે વીંછીયાવાળા શ્રી કાંતિલાલ શિવલાલ તરફથી શરૂ થયેલ ઉપધાનતપનો માળારોપણ મહોત્સવ મહા સુ. ૫ થી શરૂ થયેલ. સુ. ૧૦ ના ભવ્ય વરઘોડો ચડેલ. સુ. ૧૧ ના ખૂબ ધામધૂમ પૂર્વક આરાધક ભાઇ–બ્હેનોને માલા પહેરાવવામાં આવેલ. શ્રી કાંતિલાલભાઇ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયેલ. સુ. ૬ સોમવારના નવા પ્રતિમાજીઓનો અંજનશલાકા વિધિ પૂ. આ. મ. શ્રીનાં વરદહસ્તે ઉજવાયેલ. તે નિમિત્તે ભવ્ય વરઘોડો નીકળેલ. દાનવીર શ્રેષ્ઠી શ્રી માણેકલાલ ચુનીલાલ તથા તેમના ધર્મપત્ની શ્રી કુસુમબેને વરઘોડામાં દાન દીધેલ. તેમના તરફથી નવકારશી થયેલ. શ્રી સોમચદ શંકરલાલ મહેતાએ સારી બોલી બોલીને લાભ લીધેલ. જીવદયાની ટીપ ૪૫૦૦ ની થઇ હતી. કુલ ઉપજ એક લાખ રૂા.ની થઇ હતી.

**સૂરિપદનો સમારંભ :** પાટણ-ભાભાના પાડામાં પૂ. પં. શ્રી કનકવિમલજી મહારાજશ્રીને પૂ. પાદ આ. મ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. (પૂ. આ. શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મ.ના) વરદ હસ્તે આચાર્યપદ પ્રદાનનો ભવ્ય મહોત્સવ ઉજવાયો હતો. પો. વ. ૧૧ થી માહ સુ. ૩ સુધી દરરોજ વિવિધ પ્રકારની પૂજાઓ ભણાવાતી. સુ. ૫ ના ભવ્ય રીતે જલયાત્રાનો વરઘોડો નીકળેલ. સુ. ૬ ના ૧૦-૫ મિ. પૂ. આ. મ. શ્રીનાં વરદ હસ્તે પં. શ્રીને આચાર્યપદ પ્રદાન થયેલ. પાટણ જૈન સંઘના આગેવાનોએ આ પ્રસંગે કામળી–કપડાઓ વહોરાવેલ. ભાભાના પાડાના સંઘ તરફથી શ્રીફળની પ્રભાવના તથા વિજાપુરના સંઘ તરફથી પતાસાની પ્રભાવના, ખીમત નિવાસી ગુલાબચંદ જોગાણી તરફથી પતાસાની પ્રભાવના થયેલ. બહારગામથી સારૂં માણસ આવેલ. તેમના તરફથી ૪ દિવસનું

રસોડું ઉઘડેલ. આ પ્રસંગે 'પૂ. આ. શ્રી રંગવિમલ-સૂરીશ્વર જીવન પ્રભા' પુસ્તકનું ઉદ્‌ઘાટન થયેલ. આચાર્ય પદવી નિમિત્તે ભાભાના પાડાના સંઘ તરફથી ચારૂપ તીર્થનો સંઘ નીકળેલ. જેમાં પૂ. આ. મ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. નૂતન આચાર્ય મ. આદિ ચતુર્વિધ સંઘ સાથે સંઘ ચારૂપ ગયેલ. ત્યાં પૂજા. તથા આંગી અને સાધર્મિક વાત્સલ્ય થયેલ.

**ભાંભણ :** પૂ. મુ. શ્રી જયવર્ધનવિજયજી મ. ઠા. ૨ અત્રે પધારતાં તેઓશ્રીની શુભ પ્રેરણાથી અત્રે ગૃહજિનાલય કરવાનું નક્કી થતાં, રાણપુરથી પાર્શ્વનાથપ્રભુના પ્રતિમાજીનો વિધિપૂર્વક પ્રવેશ કરાયેલ. અત્રે ૧૦ ઘરો તથા ઉપાશ્રય છે. સંઘના આગેવાન શ્રી વજુભાઈ જેઓ પંચાયતના ઉપ-પ્રમુખ છે. તેઓની લાગણી સારી છે. પ્રભુજીના પ્રવેશ વખતે પૂજા, ભાવના, પ્રભાવના થયેલ. ગામમાં સહુ કોઇ ભક્તિભાવથી પ્રભુજીની પૂજા, આરતિ વગેરેમાં ઉત્સાહભેર લાભ લે છે.

**શતાબ્દિ મહોત્સવ :** મહેસાણા મોટાજિનાલયની પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૨૦ માહ સુ. ૧૦ ના થઇ હતી. તેને ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં હોવાથી શ્રી ચંપકલાલ ભોગીલાલની શુભ પ્રેરણાથી શતાબ્દિ મહોત્સવ ઉજવવાનો શ્રી સંઘે નિર્ણય કરેલ. મહોત્સવને અંગે સુંદર ફાળો થયેલ. મહા સુ. ૩ થી સુ. ૧૦ સુધીનો શતાબ્દિ મહોત્સવ પૂ. પં. મ. શ્રી મૃગાંકવિજયજી ગણિવરની શુભ નિશ્રામાં ભવ્ય રીતે ઉજવાયેલ. સુશોભિત મંડપો, બોર્ડો, ધ્વજાઓ તથા વિવિધ પ્રકારની હાલતી-ચાલતી રચના વગેરેથી જિનાલય સુશોભિત બનેલ. દરરોજ વિવિધ પ્રકારની પૂજાઓ, ભાવના તથા આંગીઓ થતી હતી. મુંબઇથી શ્રી શાંતિલાલ શાહ તથા પાલેજવાળા શ્રી ચંદુલાલ સંગીતકારોએ ભક્તિ-રસની રમઝટ જમાવેલ. ડભોઇના કલાકાર રમણિકલાલ શાહે વિવિધ રંગોમાં પાવાપુરી જિન-મંદિરની રંગોળીમાં રચના કરેલ. સુ. ૮ ના નવગ્રહ પૂજન, નોમના જલયાત્રાનો ભવ્ય વરઘોડો ચઢેલ. જેમાં અમદાવાદનું જીયા બેન્ડ, સુમતિ મંડળ બેન્ડ, બે ચાંદીના રથોથી શોભા અપૂર્વ બનેલ. સુ. ૧૦ ના ચતુર્વિધ સંઘની હાજરીમાં ભવ્ય સમારોહ પૂર્વક બૃહત્શાંતિસ્નાત્ર ભણાવેલ. તે દિવસે બન્ને ય વખતનું સાધર્મિક વાત્સલ્ય થયેલ. ઉપરોક્ત મહોત્સવ કાર્યમાં શ્રી સંઘના માનદ ટ્રસ્ટી મંડળનો, યુવક મંડળ, સુમતિ મંડળ, મહિલા મંડળ તથા યશોવિજયજી પાઠશાળા આદિ સર્વનો સંપૂર્ણ સહકાર મળેલ.

**સિદ્ધગિરિજીનો સંઘ :** શિવગંજ (રાજસ્થાન) નિવાસી સંઘવી શ્રેષ્ઠિવર્ય શ્રી કેશરીમલજી હીરાચંદજી તરફથી શિવગંજથી માહ સુ. ૧૦ના નીકળેલ સંઘ જીરાવલા, ભીલડીયાજી થઇ માહ સુ. ૧૩ ના શ્રી શંખેશ્વરજી આવેલ. અહિંથી પૂ. આ. મ. શ્રી વિજય મહેન્દ્રસૂરીશ્વરજી મ.ની શુભ નિશ્રામાં ૩૦૦ યાત્રિકભાઇ-બહેનોનો છરીપાળતો સંઘ માહ સુ. ૧૫ થી નીકળેલ. દસાડા, પાટડી, ઉપરીયાળા, પીપલી, મેથાણ આદિ થઇ સુરેન્દ્રનગર ખાતે માહ વદિ ૯ ના સંઘ આવેલ. સ્થાનિક સંઘ તરફથી સામૈયું થયેલ. પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવરશ્રી આદિ પૂ. મુનિવરો સામે ગયેલ. સુરેન્દ્રનગરના એક સદ્‌ગૃહસ્થે યાત્રિકોની એકાસણાની ભક્તિનો લાભ લીધેલ. સંઘવીજી સ્થળે સ્થળે ઉદારતા પૂર્વક સખાવતો કરે છે. વ્યવસ્થા સુંદર છે. સેવાભાવી શ્રી હરગોવનભાઇ મણીયાર, શ્રી હિમતલાલજી તથા શ્રી લાલચંદજીભાઈ આદિ વ્યવસ્થાપકો સેવાભાવે સંઘની વ્યવસ્થા સંભાળી રહ્યા છે. સંઘમાં પ્રભુજી, બેન્ડ તથા પૂ. સાધુ-સાધ્વીજી આદિ ચતુર્વિધ સંઘ સાથે છે. વ. ૧૦ના વઢવાણ શહેર શ્રી સંઘ આવતાં સ્થાનિક સંઘે સામૈયું કરેલ. શેઠ શ્રી રતિલાલ જીવણલાલ અબજીભાઇએ સંઘના યાત્રિકોની એકાસણાની ભક્તિનો લાભ લીધેલ. સંઘ અહિંથી શીયાણી ગયેલ. ત્યાંથી લીંબડી, ચૂડા, બોટાદ થઇ ફા. સુ. ૧૦ના શ્રી સિદ્ધગિરિજીમાં પ્રવેશ કરશે. સુ. ૧૧ના ત્યાં માલારોપણ થશે.

**દીક્ષા મહોત્સવો :** સમીખાતે પૂ. મુનિરાજ શ્રી સુભદ્રવિજયજી મ.નાં વરદ હસ્તે માહ સુ. ૨ ના કુ. શ્રી પ્રવીણાબ્હેનની દીક્ષા મહોત્સવપૂર્વક થયેલ.

કિ.સ. ૨૦૨૦

તે નિમિત્તે પંચકલ્યાણક મહોત્સવ ઉજવાયેલ. સુ. ૧ ના મુજપરા હરગોવનદાસ રૂપશીભાઈ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયેલ. સુ. ૨ ના શાહ હઠીસીંગ પીતાંબરદાસ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયેલ. તેમના તરફથી પાંચે દિવસ આંગી, પૂજા તથા પ્રભાવના થયેલ. નૂતનદીક્ષિતનું નામ સા. શ્રી પૂર્ણભદ્રાશ્રીજી રાખેલ, ને પૂ. સા. શ્રી પદ્મપ્રભાશ્રીજીના શિષ્યા થયેલ. (૨) ચાણસ્મા ખાતે પૂ. પં. શ્રી જયંતવિજયજી ગણિવર શ્રી તથા પૂ. મુ. શ્રી નિત્યાનંદવિજયજી મ.ની શુભ નિશ્રામાં શા. બબલચંદ હીરાચંદની સુપુત્રી કુ. શ્રી ચંદ્રાવતીબેનની દીક્ષા માહ સુ. ૧૦ના સારી ધામધૂમથી થયેલ. નવદીક્ષિતનું શુભ નામ પૂ. સા. શ્રી ચંદ્રિકાશ્રીજી રાખી, તેમને પૂ. સા. શ્રી સુવ્રતાશ્રીજીના શિષ્યા પૂ સા. શ્રી લાવણ્યશ્રીજીના શિષ્યા કરેલ. પૂ. પં. શ્રી જયંતવિજયજી મ.શ્રીએ રાધનપુર તરફ વિહાર કરેલ છે. પૂ. સાધ્વીજીએ સુરત તરફ વિહાર કરેલ છે.

**મારવાડ તરફ** : પૂ. આ. મ. શ્રી વિજય રામસૂરીશ્વરજી મ. (ડહેલાવાળા) સપરિવાર શ્રી શંખેશ્વરજીથી સમી થઇ રાધનપુર ભવ્ય સામૈયાસહ પધાર્યા હતા. રાધનપુર ખાતે તેઓશ્રીનાં વરદ હસ્તે એક કુમારિકા બેનની દીક્ષા ધામધૂમથી થયેલ. ત્યાંથી તેઓશ્રી કુવાળા પધારેલ. થોડા દિવસની સ્થિરતા કરી ભીલડીયાજી થઈ તેઓશ્રી મારવાડ તરફ પધાર્યા છે.

**ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ** : જેતાવાડા (રાજસ્થાન) ખાતે પૂ. પં. મ. શ્રી સુજ્ઞાનવિજયજી ગણિવર તથા પૂ. મુનિરાજ શ્રી રાજેંદ્રવિજયજી મ. (સાહિત્ય-શાસ્ત્રી ભાષારત્ન) શ્રીની શુભ નિશ્રામાં શિખર બંધી નૂતન જિનાલયમાં શ્રી ધર્મનાથ ભગવાન આદિ પ્રભુજીની પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ મહા વ. ૧૧ થી શરૂ થયેલ છે. મહોત્સવના આઠેય દિવસોમાં પૂજા, ભાવના, આંગી તથા નવકારશીનું જમણ જુદા-જુદા ભાઇઓ તરફથી થનાર છે. ને ફા. સુ. ૩ ના શુભમુહૂર્તે પ્રતિષ્ઠા થશે. તે દિવસે જેતાવાડા પંચમહાજન તરફથી નવકારશી થશે.

**તપસ્વી બાળાઓનું સન્માન** : પૂ. પાદ આ. મ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. શ્રીની શુભ નિશ્રામાં શેઠ ડુંગરશી ચાંપશી માલાણીની ૮ વર્ષની સુપુત્રી બાળા જયશ્રી તથા ૧૧ વર્ષની સુપુત્રી બાળા યશોદા અને ૧૪ વર્ષની બાળા દમયંતી એમ ત્રણેય બાળાઓએ માળ તથા પાંત્રીસામાં પ્રવેશ કર્યો હતો. તેની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ થતાં તે નિમિત્તે તેમના તરફથી ભવ્ય સમારંભ યોજાતાં તેમની વિનંતિથી પૂ. આચાર્યદેવશ્રી સપરિવાર વાંદરા મુકામે પધાર્યા હતા. તેમના તરફથી રથ, બેંડ આદિ સાથે ભવ્ય વરઘોડો ચઢાવવામાં આવેલ. ૨૫૦૦ લગભગ માનવ મેદની જમા થયેલ. પૂ. આચાર્યદેવશ્રીનું પ્રવચન, સાધર્મિક વાત્સલ્ય તથા બાળાઓનું બહુમાન, પૂજા, આદિ કાર્યો સુંદર રીતે યોજાયેલ.

**ઇટારસી** (સેં. રેલ્વે) : અત્રે નૂતન જિનાલયનું ખાતમુહૂર્ત ધામધૂમથી અમલનેરવાળા શ્રી નેમચંદ લક્ષ્મીચંદ કોઠારીનાં હસ્તે થયેલ. તેમણે રૂા. ૧૦૦૧ તે પ્રસંગે જિનાલય ખાતે ભેટ આપેલ. મહારાષ્ટ્રના આગેવાન શાસનપ્રેમી શ્રી રીખવચંદભાઇ આ પ્રસંગે ત્યાં આવેલ હતા. રેલ્વેનું મોટું જંકશન હોવાથી લાભ સારો લેવાય છે. જિનાલય માટે આર્થિક સહાયની જરૂર છે.


असली केसर

काशमीरी

भाव ९-५० प्रति तोला

काशमीर स्वदेशी स्टोर

एक—१० कैलास कोलोनी


नई दिल्ली—१४

**પાઠશાળાનું ઉદ્ઘાટન :** સુરત-નેમુભાઇની વાડીના ઉપાશ્રય ખાતે બિરાજમાન્ પૂ. પાદ આ. મ. શ્રી દેવેંદ્રસાગરજી મ. નાં વરદ હસ્તે ચતુર્વિધ સંઘ સમક્ષ નૂતન દીક્ષિતો પૂ. મુ. શ્રી ન્યાયવર્ધન-સાગરજી મ. બાલ મુ. શ્રી મોક્ષાનંદ સાગરજી તથા સા. શ્રી મોક્ષાનંદાશ્રીજી આદિ ૪-કુલ ઠા-૬ ની વડીદીક્ષા માહ સુ. ૩ ના ધામધૂમથી થયેલ. તે દિવસે પૂ. સ્વર્ગત આ. મ, શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજીની શુભ પ્રેરણાનુસાર ગોપીપુરા-શેઠ મંછુભાઈ દીપચંદની ધર્મશાળામાં પૂ. સાધુ-સાધ્વીજીના અધ્યયનાર્થે 'શ્રી ચંદ્રાનંદસાગરસૂરીશ્વર જૈન પાઠશાળા'નું ઉદ્ઘાટન પૂ. આ. મ. શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ. ની શુભ નિશ્રામાં શેઠ રાયચંદ ગુલાબચંદ અચ્છારીવાળા તરફથી થયેલ. તેઓએ સંસ્થાને ૧૧૦૧ ભેટ આપેલ. તે દિવસે આગમમંદિરની વર્ષગાંઠ હોવાથી શેઠ કસ્તુરભાઈ ઝવેરચંદ ચોકસી તરફથી અષ્ટાહ્નિકા મહોત્સવ પૂર્વક બૃહત્શાંતિ-સ્નાત્ર થયેલ. લોકોએ ઉત્સાહ પૂર્વક લાભ લીધો હતો. ઘુહારી ખાતે પૂ. આ. મ. શ્રીએ સપરિવાર પ્રતિષ્ઠા નિમિત્તે વિહાર કર્યો છે.

**શીવની** (માલવા) : અત્રે પ્રતિષ્ઠા પછી વાર્ષિક વર્ષગાંઠનો પહેલો પ્રસંગ હોવાથી ધામધૂમથી વર્ષગાંઠ ઉજવાઇ હતી. અમલનેરથી શાસનપ્રેમી શ્રી રીખવચંદભાઇની પ્રેરણાથી ઉત્સાહ સારો આવેલ. શ્રી નેમીચંદ કોઠારી આદિ તેઓ બધા ખાસ આમંત્રણથી આવેલ. પ્રોફેસર ચોરડીયાજી, પ્રોફેસર કોઠારીજીના ધાર્મિક વિષયો પર વ્યક્તવ્યો થયેલ.

**સાચોર :** પૂ. પં. શ્રી કંચનવિજયજી ગણિવર તથા પૂ. મુ. શ્રી દેવભદ્રવિજયજી આદિની શુભ નિશ્રામાં સાધ્વીજી શ્રી ઉત્તમશ્રીજીના શિષ્યા પૂ. સા. શ્રી સુશીલાશ્રીજીના ૫૦૦ આયંબિલતપની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ નિમિત્તે નેનાવાનિવાસી શ્રી ભીમજી બહેચરજી તરફથી માહ સુ. ૪ થી સુ. ૧૧ સુધી અષ્ટાહ્નિકા સહિત શાંતિસ્નાત્ર મહોત્સવ ઉજવાયેલ. દરરોજ પૂજા, ભાવના તથા અંગરચના થયેલ. રથયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળેલ. માલવાડાથી ચાંદીનો રથ લાવેલ. વરઘોડાની શોભા અપૂર્વ હતી. શાંતિસ્નાત્ર ધામધૂમથી ભણાવાયેલ. જીવદયાની ટીપમાં ૩ હજાર થયેલ. શ્રીફળની પ્રભાવના થયેલ. સુ. ૧૨ ના સાધર્મિક વાત્સલ્ય થયેલ. મહોત્સવ દરમ્યાન વ્યવસ્થા માટે સેવાભાવી શ્રી ઉકચંદજી-રૂપચંદજીએ સુંદર સેવા આપેલ.

**આચાર્યપદ પ્રદાન :** ઉપરીયાજી તીર્થમાં પૂ. આ. મ. શ્રી વિજયન્યાયસૂરીશ્વરજી મ. ના વરદ



હસ્તે પૂ. પં. શ્રી શાંતિવિમલજી ગણિવરને ૧૬-૧-૬૪ ના ધામધૂમપૂર્વક આચાર્યપદવી થયેલ. તે નિમિત્તે અષ્ટાહ્નિકા મહોત્સવ તથા સિદ્ધચક્ર પૂજન અને સાધર્મિક વાત્સલ્ય મુંબઈ નિવાસી શેઠ પુંજાજી ગેનાજીની કું. તરફથી થયેલ. બીજા પણ બે સાધર્મિક વાત્સલ્યો જુદા જુદા ભાઇઓ તરફથી થયેલ. નૂતન આ. મ.શ્રી શંખેશ્વરજી, ભોયણી થઈ અમદાવાદ પધારનાર છે.

**શોકજનક અવસાન :** વઢવાણ શહેરના પ્રતિષ્ઠિત આગેવાન તથા જૈન સંઘના સેવાભાવી કાર્યકર ધર્માનુરાગી શાસનપ્રેમી શાહ શિવલાલ સુખલાલનો ૮૨ વર્ષની વયે ગત માહ વ. ૭ તા. ૪-૨-૬૪ ના રાત્રે ૮-૧૦ મિનીટે વઢવાણ ખાતે દુઃખદ સ્વર્ગવાસ થયેલ છે. જેની નોંધ લેતાં અમે શોકની લાગણી અનુભવીએ છીએ. સ્વર્ગસ્થ શાસનની, સમાજની તથા સંઘની મૂંગી સેવા કરનારા સૌજન્ય દિલ નિખાલસ પ્રકૃતિના દેવ-ગુરૂ તથા ધર્મના પ્રેમી હતા. સેવા તેમના હાડમાં વસેલી હતી. શાસનની અનેકવિધ મૂંગી સેવાઓ



**સ્વ. શાહ શીવલાલ સુખલાલભાઇ**

તેમણે અનેક પ્રસંગોમાં તન, મન, અને ધનથી નિડરતાપૂર્વક કરી હતી. ઘણી કટોકટીના અવસરે પણ તેમણે ઘણી બાહોશીથી શાસનના કાર્યો કર્યા છે. તેઓ છેલ્લા કેટલાક સમયથી બિમાર રહેતા હતા. છેલ્લી ક્ષણ સુધી નવકારમંત્રનું સ્મરણ કરતાં તથા ધ્યાન ધરતાં તેઓ સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. તેમના આ દુઃખદ સ્વર્ગવાસથી જૈનસંઘને, સમાજને તથા તેમના સમસ્ત પરિવારને ખરેખર ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. સ્વ. ના આત્માને શાસનદેવ શાંતિ આપો ! અમે સ્વ.ના શોકજનક અવસાનથી તેમના પરિવાર પર આવી પડેલી વિપત્તિ પ્રત્યે સમવેદના વ્યક્ત કરીએ છીએ।

**ધન્ય તપશ્ચર્યા :** પૂ. પાદ આ. મ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ.ના સમુદાયના પૂ. સા. શ્રી નંદનશ્રીજીના શિષ્યા ઉગ્રતપસ્વિની સાધ્વીજી શ્રી નિર્મળાશ્રીજીને શિહોર ખાતે ૫૦૦ આયંબિલતપની તપશ્ચર્યા માગશર સુ. ૭ના પૂર્ણ થયેલ. તે પ્રસંગે ખીમેલ, ફાલના તથા શીહોરના સંઘ તરફથી મહોત્સવ થયેલ. તેમજ પૂ. સા. શ્રી હંસા-



**ઉગ્ર તપસ્વીની સાધ્વીજી શ્રી નિર્મળાશ્રીજી તથા સાધ્વીજી શ્રી ચંદ્રલેખાજીશ્રી જેઓને ૫૦૦ આયંબિલની તપશ્ચર્યા પૂર્ણ થયેલ.**

શ્રીજી મ.ના શિષ્યા પૂ. સા. શ્રી ચંદ્રલેખાશ્રીજી મ.ને ૫૦૦ આયંબિલની તપશ્ચર્યા માહ સુ. ૧૨ના પૂર્ણ થતાં તે પ્રસંગે દક્ષિણ પ્રદેશમાંથી ઘણા ભાઈ-બ્હેનો આવેલ. તેમના તરફથી મહોત્સવ થયેલ. બન્નેને પારણું શાતાપૂર્વક થયેલ છે.

**નવસારી :** પૂ. પં. મ. શ્રી પ્રવીણવિજયજી ગણિવર તથા પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવર આદિ કડીથી અમદાવાદ, માતર, છાણી આદિ થઇ માહ વ. ૨ ના અત્રે પધાર્યા છે. ૧।। મહિનાની સ્થિરતા અત્રે તેઓશ્રી કરશે. બાદ પ્રતિષ્ઠા પ્રસંગે દ્વિ. ચૈત્રમાં તેઓશ્રી સુરત ખાતે પધારશે.